# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

29 MARCH-2024 FRIDAY

વર્ષ-13 । અંક-133 । વિક્રમ સંવત-2080 । ફાગણ વદ-04 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





પેજ-08

'ભૂલ ભુલૈયા 3'માંથી કાર્તિક-તૃપ્તિનો ફર્સ્ટ લુક જાહેર, 'ભાભી 2' બિંદી લૂકમાં દેખાઈ

પેજ-09

મેડવેડેવે 350મો વિજય મેળવ્યો, અલ્કારાઝ પણ ક્વાર્ટર ફાઇનલમાં




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 37.00 | 24.00 |
| વડોદરા | 39.00 | 24.00 |
| સુરત | 37.00 | 26.00 |


પેજ 5




ટ્રેડ સેટલમેન્ટ:BSE, NSE આજથી 25 સ્ટોક્સમાં ટી+0 ટ્રેડ સેટલમેન્ટ શરૂ કરશે

નેપાળના ધનગઢી શહેરના મેયર પુત્રી ગોવામાં મળી




પેજ 10


**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 73651.35 | ▲ | 655.04 |
| નિફ્ટી | 22326.90 | ▲ | 203.25 |
| સોનું | 67,634.00 | ▲ | 1267.00 |
| ચાંદી | 75,114.00 | ▲ | 452.00 |

### ચીફ જસ્ટિસને 600 વકીલોના પત્ર મુદ્દે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રહાર

# ડરાવવું-ધમકાવવું એ કોંગ્રેસની સંસ્કૃતિ છે : PM મોદી

(એજન્સી) નવી દિલ્હી, તા. 28

દેશભરના 600 વકીલોએ CJIને પત્ર લખ્યો છે, આ પત્રને ટાંકીને પીએમ મોદીએ કોંગ્રેસને આડે હાથ લેતા કહ્યું કે, બીજાને ડરાવવાની કોંગ્રેસની જૂની સંસ્કૃતિ છે, તેથી જ 140 કરોડ ભારતીયો કોંગ્રેસ પાર્ટીને નકારી રહ્યા છે.. વરિષ્ઠ વકીલ હરીશ સાલ્વે સહિત દેશભરના 600થી વધુ વકીલોએ સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડને પત્ર લખીને ન્યાયપાલિકા પર સવાલ ઉઠાવવા અંગે ચિંતા વ્યક્ત કરી છે. વકીલોએ આ પત્રમાં લખ્યું છે કે, એક ગ્રુપ ન્યાયિક ચુકાદાને પ્રભાવિત કરવા માટે દબાણની રણનીતિ અપનાવી રહ્યું છે. તે ખાસ કરીને રાજનીતિક હસ્તીઓ અને ભ્રષ્ટાચારો સાથે સબંધિત મામલે વધુ જોવા મળી રહ્યું છે. તેમનો તર્ક છે કે, આ કાર્યવાહીઓ લોકતાંત્રિક માળખા અને ન્યાયિક પ્રક્રિયામાં રાખવામાં આવેલા ભરોસા માટે ખતરો ઊભો કરે છે. જેનાથી તેઓ ચિંતિત છે. પત્ર લખનારાઓમાં વરિષ્ઠ વકીલ હરીશ સાલ્વે, પિંકી આનંદ, મનન કુમાર મિશ્રા, હિતેશ જૈન જેવા જાણીતા વકીલોનો સમાવેશ થાય છે. પત્રમાં કહેવામાં આવ્યું છે કે ન્યાયતંત્રની સંપ્રભુતા અને સ્વાયત્તતા પર હુમલો કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.



**પીએમ મોદીએ કોંગ્રેસને આડે હાથ લીધી :** દેશભરના જાણીતા વકીલોએ સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડને પત્ર લખ્યો છે. વડાપ્રધાન મોદીએ કોંગ્રેસને આડે હાથ લીધી છે. તેણે પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર પત્રની કોપી રીપોસ્ટ કરી અને લખ્યું કે, 'બીજાને ડરાવવા એ કોંગ્રેસની જૂની સંસ્કૃતિ છે. લગભગ 50 વર્ષ પહેલા કોંગ્રેસે બેશરમપણે પોતાના હિતોને દુનિયા સમક્ષ મૂક્યા હતા. પીએમ મોદીએ આરોપ લગાવ્યો કે કોંગ્રેસ પાર્ટી કોઈ પણ રીતે દેશને પ્રતિબદ્ધ કરવા માંગતી નથી.

**140 કરોડ ભારતીયો કોંગ્રેસને નકારી રહ્યા છે :** પીએમ મોદીએ પોતાની એક્સ પોસ્ટમાં લખ્યું છે કે, પાંચ દાયકા પહેલા કોંગ્રેસ પાર્ટીએ 'કમિટેડ જ્યુડિશિયરી' માટે હાકલ કરી હતી. તેમણે કહ્યું કે, કોંગ્રેસ બેશરમપણે પોતાના સ્વાર્થ માટે અન્ય લોકો પાસેથી પ્રતિબદ્ધતા માંગે છે, પરંતુ કોંગ્રેસ પાર્ટી રાષ્ટ્ર પ્રત્યેની કોઈપણ પ્રતિબદ્ધતાને ટાળે છે. વડાપ્રધાને કહ્યું કે હવે 140 કરોડ ભારતીયો તેમને નકારી રહ્યા છે તેમાં કોઈ આશ્ચર્ય નથી.

### આપણું ન્યાયતંત્ર જોખમમાં છે...
## કાયદાના રક્ષકોએ ચિંતા વ્યક્ત કરી

હરીશ સાલ્વે ઉપરાંત, બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના અધ્યક્ષ મનન મિશ્રા સહીત 500થી વધુ વકીલોએ CJI ચંદ્રચુડને પત્ર લખ્યો હતો. દેશના પૂર્વ સોલિસિટર જનરલ હરીશ સાલ્વે સહિત 600થી વધુ વરિષ્ઠ વકીલોએ ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા ડીવાય ચંદ્રચુડને પત્ર લખ્યો છે. તેમાં કહ્યું છે કે ન્યાયતંત્ર જોખમમાં છે અને રાજકીય અને પ્રોફેશનલ દબાણ સામે તેને બચાવવું પડશે. 26 માર્ચે લખેલો પત્ર ' આદરણીય સાહેબ, અમે બધા તમારી સાથે અમારી મોટી ચિંતા શેર કરી રહ્યા છીએ. એક વિશેષ ગ્રુપ ન્યાયતંત્ર પર દબાણ લાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.

### હવે હાઈવે પર ટોલ-બૂથ નહીં દેખાય
# સેટેલાઈટની મદદથી કપાશે પૈસા : ગડકરી

(એજન્સી) નવી દિલ્હી, તા. 28

દેશભરમાં ટૂંક સમયમાં ટોલ પ્લાઝાની ઝંઝટમાંથી વાહન ચાલકોને મુક્તી મળશે અને તેના સ્થાને નવી સિસ્ટમ શરૂ કરાશે. નવી સિસ્ટમ શરૂ થયા બાદ વાહન ચાલકોએ ટોલ પ્લાઝા પર ઉભા રહેવાની પણ જરૂર નહીં પડે. આ કારણે તેમના સમયની બચત ઉપરાંત ઈંધણની પણ બચત થશે, તેમ કેન્દ્રીય પરિવહન મંત્રી નિતિન ગડકરીએ કહ્યું છે.



ગડકરીએ ડિસેમ્બરની શરૂઆતમાં કહ્યું હતું કે, નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI)એ માર્ચ-2024 સુધીમાં નવી સિસ્ટમ લાગુ કરવાનો લક્ષ્યાંક મુક્યો છે. તેમનો મુખ્ય હેતુ ટોલ પ્લાઝા પર સમયનો વેડફાટ ઓછો કરવાનો છે.

**સેટેલાઇટ આધારિત ટોલ ટેક્સ સિસ્ટમ કેવી રીતે કામ કરશે?**

આ સેટેલાઈટ આધારિત આ સિસ્ટમમાં તમારી કારની નંબર પ્લેટનો ફોટો લેવામાં આવશે. અને જ્યારે પણ તમે કોઈ રાજ્યની ટોલ સીમા ક્રોસ કરશો કે તરત જ તમારો ટોલ ટેક્સ ઓટોમેટીક તમારા ખાતામાથી કપાઈ જશે. પરંતુ તેના માટે તમારે તમારુ એકાઉન્ટ લિંક કરવું પડશે. તે પછી તમારી કારને ટોલ પ્લાઝા પર રોકવાની જરૂર નહીં પડે અને તમારી મુસાફરીનો ટાઈમ પણ બચશે.

**■ વાહન ચાલકોના એકાઉન્ટમાંથી આપો આપ નાણાં કપાશે**

ગડકરીએ આજે ટ્વિટર માહિતી આપતા કહ્યું કે, કેન્દ્ર સરકારે ટૂંક સમયમાં સેટેલાઈટ આધારિત ટોલ સિસ્ટમ શરૂ કરશે. આ સિસ્ટમ લાગુ થયા બાદ વાહન ચાલકોએ કોઈપણ ટોલ પ્લાઝા પર ઉભા રહેવાની જરૂર નહીં પડે અને તેમના બેંક એકાઉન્ટમાંથી આપોઆપ નાણાં કપાઈ જશે. તેમણે એમ પણ કહ્યું કે, વર્ષ 2024 સુધીમાં દેશના તમામ નેશનલ હાઈવે અમેરિકા જેવા થઈ જશે. વાહન ચાલકો જેટલા કિલોમીટરની સફર કરશે, તેટલો જ ટોલ ટેક્સ સીધા તેમના બેંક એકાઉન્ટમાંથી કપાશે. જોકે તેમણે નવી સિસ્ટમ ક્યારે શરૂ થશે.

## માફિયા ડોન મુખ્તાર અંસારીનું હાર્ટ એટેકથી મોત

**બાંદા જેલમાં બગડી હતી તબિયત**

લખનૌ : ઉત્તર પ્રદેશની બાંદા જેલમાં બંધ માફિયા અને પૂર્વ ધારાસભ્ય મુખ્તાર અંસારીનું હાર્ટ એટેક આવ્યા બાદ મોત થયું છે. તેની જેલમાં તબિયત બગડ્યા બાદ દુર્ગાવતી મેડિકલ કોલેજમાં ખસેડાયો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત થયું છે. એવું કહેવાય છે કે, મુખ્તાર અંસારી જેલમાં જ અચાનક બેભાન થઈ ગયો હતો, જ્યાં તેને ઉલટી થયા બાદ તુરંત સારવાર માટે ખસેડાયો હતો. આ અગાઉ મંગળવારે પણ તેની તબિયત લથડતા રાની દુર્ગાવતી મેડિકલ કૉલેજમાં ખસેડાયો હતો. તેના નિધન બાદ ઉત્તર પ્રદેશની પોલીસે તમામ જિલ્લાઓમાં હાઈએલર્ટ જાહેર કરી દીધું.



### નિર્મલા સીતારમણના અર્થશાસ્ત્રી પતિના દાવાથી હડકંપ
# ચૂંટણી બોન્ડ કેસ દુનિયાનું સૌથી મોટું કૌભાંડ : પરકલા પ્રભાકર

(એજન્સી) નવી દિલ્હી, તા. 28

આ ચૂંટણીમાં ભાજપની લડાઈ વિપક્ષ કે પછી અન્ય સાથે નહીં થાય, પરંતુ આ મુદ્દાને કારણે ભાજપ અને ભારતના લોકો વચ્ચે અસલી લડાઈ થશે. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે ભાજપ તરફથી લોકસભા ચૂંટણી લડવાનો ઈનકાર કરીને પહેલા જ સનસનાટી મચાવી દીધી છે. હવે તેમના અર્થશાસ્ત્રી પતિ પરકલા પ્રભાકરે ચૂંટણી બોન્ડ મામલે કરેલા દાવાથી હડકંપ મચી ગયો છે. તેમણે કહ્યું છે કે, 'ચૂંટણી બોન્ડ ફક્ત દેશનું જ નહીં પરંતુ આખી દુનિયાનું સૌથી મોટું કૌભાંડ છે.'



**હવે ભાજપ વિરુદ્ધ ભારતના નાગરિકો વચ્ચે લડાઈ થશે!**

પ્રભાકરે કહ્યું છે કે, 'મને લાગે છે કે ચૂંટણી બોન્ડનો મુદ્દો મહત્ત્વપૂર્ણ બની રહેશે. આ ચૂંટણીમાં ભાજપની લડાઈ વિપક્ષ કે પછી અન્ય સાથે નહીં થાય, પરંતુ આ મુદ્દાને કારણે ભાજપ અને ભારતના લોકો વચ્ચે અસલી લડાઈ થશે.'

**સરકારને કડક સજા કરશે મતદારો**

નાણામંત્રી નિર્મલા સીતારમણના પતિએ આગળ કહ્યું કે, 'મને લાગે છે કે ચૂંટણી બોન્ડ સંબંધિત મામલો આજની તુલનાએ વધારે જોર પકડશે. હવે આ મામલો હવાની જેમ પ્રસરી રહ્યો છે. ધીમે ધીમે બધાને સમજાઈ રહ્યું છે કે આ ભારત જ નહીં પણ દુનિયાનું સૌથી મોટું કૌભાંડ છે. એવામાં મને લાગે છે કે આ મુદ્દાને લીધે કેન્દ્રની મોદી સરકારને મતદારો તરફથી આકરી સજા ફટકારાશે.

**Quick Read**

### દિલ્હીમાં 5 વર્ષની બાળકી સાથે બર્બરતા: પહેલા બળાત્કાર ગુજાર્યો અને બાદમાં મર્ડર

નવી દિલ્હી : દિલ્હીના બવાના વિસ્તારમાં એક શરમજનક ઘટનાએ સમગ્ર માનવતાને શરમમાં મૂકી દીધી છે. રેપ જેવી ઘટનાઓ દિવસેને દિવસે વધતી જઈ રહી છે, ત્યારે આ હેવાનો નાની બાળકીઓને પણ પોતાનો શિકાર બનાવી રહ્યાં છે અને માનવતાને શર્મશાર કરી રહ્યાં છે. મળતી માહિતી મુજબ, આ ઘટના 24 માર્ચની છે.માત્ર 5 વર્ષની માસૂમ બાળકી સાથે રેપ બાદ તેની હત્યા કરવામા આવી હતી. આ ઘટના બાદ આસપાસના વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. મામલો દિલ્હીના ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારનો છે.

### કોટામાં આત્મહત્યાનો સિલસિલો: NEETની તૈયારી કરી રહેલી વિદ્યાર્થિનીએ કરી આત્મહત્યા

કોટા : દેશમાં કોચિંગ હબ તરીકે પ્રખ્યાત રાજસ્થાનના કોટામાં કોચિંગ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓની આત્મહત્યાનો સિલસિલો યથાવત છે. હવે ઉત્તર પ્રદેશના લખનઉની નિવાસી 19 વર્ષીય વિદ્યાર્થીની સૌમ્યા ઝા એ કોટાની એક ખાનગી હોસ્ટેલમાં પોતાના રૂમમાં ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી છે. જવાહર નગર પોલીસ સ્ટેશન અધિકારી કમલેશ કુમાર શર્માએ જણાવ્યું કે, NEETની તૈયારી કરવા માટે વિદ્યાર્થિની ગત વર્ષથી કોટામાં રહેતી હતી.

### અગ્નિવીર યોજનામાં ફેરફાર કરવા સરકાર તૈયાર : રક્ષા મંત્રીએ કહ્યું, લશ્કરને યુવાનોની જરૂર

નવી દિલ્હી : રક્ષા મંત્રી રાજનાથ સિંહે ગુરુવારે કહ્યું કે તેમની સરકાર જરૂર પડ્યે અગ્નિવીર ભરતી યોજનામાં ફેરફાર કરવા તૈયાર છે. ન્યૂઝ ચેનલ ટાઈમ્સ નાઉના સમિટમાં બોલતા સંરક્ષણ પ્રધાને એમ પણ કહ્યું કે સરકારે સુનિશ્ચિત કર્યું છે કે અગ્નિવીરોનું ભવિષ્ય સુરક્ષિત છે. તેમણે કહ્યું- સેનાને યુવાનોની જરૂર છે. મને લાગે છે કે યુવા ઉત્સાહથી ભરેલા હોય છે. તેઓ ટેક-પ્રેમી હોય છે. તેમનું ભવિષ્ય પણ સુરક્ષિત રહે તેની અમે યોગ્ય કાળજી લીધી છે.

# ગોવિંદા શિવસેના શિંદે જૂથમાં જોડાયા

### મુંબઈ ઉત્તર-પશ્ચિમથી ચૂંટણી લડી શકે છે : 2004ની ચૂંટણીમાં ભાજપના રામ નાઈકને હરાવ્યા હતા

(એજન્સી) મુંબઈ, તા. 28

બોલિવૂડ એક્ટર ગોવિંદા મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનામાં જોડાયા છે. તેઓ ગુરુવારે (28 માર્ચ) સાંજે લગભગ 5 વાગ્યે સીએમ શિંદે સાથે મુંબઈમાં શિવસેના કાર્યાલય પહોંચ્યા હતા. થોડા સમય પછી તેઓ પાર્ટીમાં જોડાઈ ગયા. શિવસેનામાં જોડાયા બાદ ગોવિંદાએ કહ્યું- હું 2004થી 2009 સુધી રાજકારણમાં હતો. આ એક યોગાનુયોગ છે કે 14 વર્ષ પછી હું ફરી રાજકારણમાં આવ્યો છું. મારા પર જે વિશ્વાસ મૂકવામાં આવ્યો છે તે હું પૂર્ણપણે નિભાવીશ. શિવસેના મુંબઈની ઉત્તર-પશ્ચિમ લોકસભા સીટ પરથી ગોવિંદાને ટિકિટ આપી શકે છે. અહીંથી ઉદ્ધવ જૂથની



શિવસેનાએ અમોલ કીર્તિકરને ઉમેદવાર બનાવ્યા છે. ગોવિંદાએ 27 માર્ચે પૂર્વ ધારાસભ્ય કૃષ્ણા હેગડે સાથે મુલાકાત કરી હતી. ત્યારથી તેમની ચૂંટણી લડવાની અટકળો ચાલી રહી હતી. આ પહેલીવાર નથી જ્યારે ગોવિંદા લોકસભાની ચૂંટણી લડશે. અગાઉ 2004માં તેઓ કોંગ્રેસની ટિકિટ પર મુંબઈ ઉત્તરથી લોકસભા ચૂંટણી લડ્યા હતા. તેમણે ભાજપના રામ નાઈકને 48,271 મતોથી હરાવ્યા હતા. ગોવિંદા 2004થી 2009 સુધી સાંસદ રહ્યા હતા.

### કેજરીવાલે જાતે જ વકીલ બનીને દલીલ કરી હતી
# કેજરીવાલને કોર્ટનો ઝટકો : 4 દિવસ રિમાન્ડ લંબાયા, 1 એપ્રિલ સુધી EDની કસ્ટડીમાં રહેશે

(એજન્સી) નવી દિલ્હી, તા. 28

રાઉઝ એવન્યુ કોર્ટે લિકર પોલિસી કેસમાં દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલની ED કસ્ટડી વધુ 4 દિવસ લંબાવી છે. આ પહેલાં કોર્ટમાં 39 મિનિટ સુધી સુનાવણી ચાલી હતી. કેજરીવાલે પોતે આ કેસની દલીલ કરી હતી. આમ કરનાર તેઓ દેશના પહેલા સિટિંગ સીએમ બન્યા છે. EDએ કોર્ટ પાસે કેજરીવાલની વધુ 7 દિવસની કસ્ટડી માગી હતી. દલીલો સાંભળ્યા બાદ રાઉઝ એવન્યુ કોર્ટે નિર્ણય સુરક્ષિત રાખ્યો છે. કોર્ટમાં સુનાવણી બપોરે 1.59 વાગ્યે શરૂ થઈ અને 2.39 વાગ્યે સમાપ્ત થઈ.



આ તરફ, જ્યારે કોર્ટમાં હાજર થવા જઈ રહ્યા હતા, ત્યારે તેમને પૂછવામાં આવ્યું હતું કે એલજીએ કહ્યું હતું કે જેલમાંથી સરકાર નહીં ચાલે. તેના જવાબમાં કેજરીવાલે કહ્યું કે આ એક રાજકીય ષડ્યંત્ર છે, જનતા તેનો જવાબ આપશે. દારૂ નીતિ કેસમાં ધરપકડ કરાયેલા અરવિંદ કેજરીવાલને મુખ્યમંત્રી પદેથી હટાવવાની અરજી પર દિલ્હી હાઈકોર્ટમાં સુનાવણી કરવામાં આવી હતી. દિલ્હી હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ (ACJ) એ મામલે દખલગીરી કરવાનો ઈનકાર કર્યો છે.

ACJ મનમોહને કહ્યું, 'આ અરજી પર અમારે સુનાવણી ન કરવી જોઈએ. આ મામલે ન્યાયતંત્રે દખલગીરી કરવી જોઈએ નહીં.' દિલ્હી હાઈકોર્ટનું કહેવું છે કે આ એક રાજકીય મામલો છે, જે ન્યાયતંત્રના દાયરામાં નથી આવતો. કેજરીવાલની 21 માર્ચે ED દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. 22 માર્ચે તેને ટ્રાયલ કોર્ટમાં હાજર કરવામાં આવ્યા હતા. કોર્ટે કેજરીવાલને 28 માર્ચ સુધી EDની કસ્ટડીમાં મોકલી દીધા હતા.

### બેંગલુરુમાં LCA તેજસ માર્ક 1A વિમાને 15 મિનિટ સુધી આકાશમાં ગર્જના કરી
# ભારતમાં બનેલા ફાઈટર એરક્રાફ્ટે પહેલીવાર ઉડાન ભરી

(એજન્સી) બેંગલુરુ, તા. 28

ભારતમાં બનાવવામાં આવી રહેલા LCA તેજસ માર્ક-1A સિરીઝના પ્રથમ ફાઇટર એરક્રાફ્ટ LA5033, એ ગુરુવારે (28 માર્ચ) પ્રથમ વખત ઉડાન ભરી હતી. બેંગલુરુમાં હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) ના કેન્દ્રમાંથી ટેકઓફ કર્યા પછી વિમાન 15 મિનિટ સુધી હવામાં ઉડ્યું હતું. HAL ચીફ ટેસ્ટ પાઈલટ (ફિક્સ્ડ વિંગ) ગ્રુપ કેપ્ટન (નિવૃત્ત) કેકે વેણુગોપાલે LA5033 એરક્રાફ્ટ ઉડાડ્યું. LCA તેજસ માર્ચ-1A એરક્રાફ્ટ એ LCA Mk-1નું એડવાન્સ વર્ઝન છે. તે પહેલાથી જ ભારતીય વાયુસેનામાં સામેલ થઈ ચૂક્યું છે. તેને બેંગલુરુ સ્થિત DRDO લેબ એરોનોટિકલ ડેવલપમેન્ટ એજન્સી (ADA) દ્વારા વિકસાવવામાં આવ્યું છે. હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ એરક્રાફ્ટ બનાવી રહી છે. HALને ભારતીય વાયુસેના માટે 83 તેજસ માર્ક-1Aના ઉત્પાદન માટે 2021માં 46,898 કરોડ રૂપિયાનો કોન્ટ્રાક્ટ મળ્યો હતો. કંપની પાસે માર્ચ 2024-ફેબ્રુઆરી 2028 સુધીમાં 83 એરક્રાફ્ટની ડિલિવરી કરવાનો સમય છે. માર્ક-1એ ડિજિટલ રડાર વોર્નિંગ રીસીવર, સુધારેલ AESA (એક્ટિવ ઈલેક્ટ્રોનિકલી સ્કેન્ડ એરે) રડાર, એડવાન્સ બિયોન્ડ-વિઝ્યુઅલ રેન્જ (BVR) એર-ટુ-એર મિસાઈલો અને બાહ્ય સ્વ-રક્ષણ જામર પોડથી સજ્જ છે.



**તેજસ આધુનિક સુવિધાઓથી સજ્જ :** વિમાનનું અદ્યતન વર્ઝન, તેજસ એમકે-1એ અદ્યતન મિશન કોમ્પ્યુટર, હાઈ પ્રદર્શન ક્ષમતા ડિજિટલ ફ્લાઈટ કંટ્રોલ કોમ્પ્યુટર (DFCC Mk-1A), સ્માર્ટ મલ્ટી-ફંક્શન ડિસ્પ્લે (SMFD), એડવાન્સ ઈલેક્ટ્રોનિકલી સ્કેન કરેલ એરે (AESA) રડાર, એડવાન્સ્ડ સેલ્ફ-પ્રોટેક્શન જેમર, ઈલેક્ટ્રોનિક વોરફેર સૂટ જેવી આધુનિક સુવિધાઓથી સજ્જ છે.

**સેનાને કેટલા તેજસ વિમાનની જરૂર છે? :** ભારતીય વાયુસેનાને 180 તેજસ વિમાનની જરૂર છે. 83 એસસીએ માર્ક-1એ માટે કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. એરફોર્સ વધુ 97 વિમાન લેશે. ભારતીય વાયુસેના માર્ક 1એ પહેલા તેમણે 123 તેજસ ફાઈટર જેટની માંગણી કરી હતી. જેમાંથી 30 જેટલા જેટની ડિલિવરી કરવામાં આવી છે. ત્યાર બાકીના 83 વિમાન જેટ તેજસ માર્ક-1ઓ હશે.

### NDPS કેસમાં પાલનપુર કોર્ટનો ચુકાદો
# પૂર્વ IPS સંજીવ ભટ્ટને 20 વર્ષની સજા અને 2 લાખનો દંડ

(એજન્સી) પાલનપુર, તા. 28

બનાસકાંઠા જિલ્લાના તત્કાલીન એસપી અને પૂર્વ આઈપીએસ સંજીવ ભટ્ટ વિરૂદ્ધ વર્ષ 1996માં કાવતરું રચીને રાજસ્થાનના વકીલને પાલનપુરની હોટલમાં ડ્રગ્સ મૂકીને ફસાવવાની ફરિયાદ નોંધાઈ હતી. જેમાં સંજીવ ભટ્ટ સામે પાલનપુરની કોર્ટમાં પાંચ વર્ષથી કેસ ચાલી રહ્યો છે. જેમાં કોર્ટે આ કેસમાં સંજીવ ભટ્ટને દોષિત ઠેરવ્યા હતા. આજે કોર્ટે પૂર્વ આઈપીએસ સંજીવ ભટ્ટે ખોટા NDPS (નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક) 20 વર્ષની સજા સાથે રુ. બે લાખનો દંડ ફટકાર્યો છે. બનાસકાંઠા જિલ્લામાં વર્ષ 1996માં જિલ્લા પોલીસ વડા તરીકે ફરજ બજાવતા પૂર્વ આઈપીએસ સંજીવ ભટ્ટ સામે રાજસ્થાન પાલીના એડવોકેટ સુમેરસિંહ રાજપુરોહિત દ્વારા રાજસ્થાનમાં



ચાલતા જમીન વિવાદમા તેમને ફસાવવા સંજીવ ભટ્ટ દ્વારા પાલનપુરની હોટલમાં વકીલના નામે બુક કરેલા રૂમમાં ડ્રગ્સ મૂકવાનું કાવતરું રચવામાં આવ્યું હોવાનો ગુનો દાખલ કરાયો હતો. જેમાં વર્ષ 2015માં સંજીવ ભટ્ટને ફરજમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા અને વર્ષ 2018 તેમની ધરપકડ કરાઈ હતી. જે કેસ પાલનપુરની કોર્ટમાં ચાલી રહ્યો હતો. આ કેસ બીજી એડિશનલ સેશન્સ કોર્ટમાં ચાલી રહ્યો છે.

# વડોદરાની અંકોડીયા ગામની મહિલા મતદારો સાથે મતદાન જાગૃતિ અંગે સંવાદ કાર્યક્રમ

## જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી બી. એ. શાહ અને TIP ના નોડલ અધિકારી શ્રીમતી મમતા હિરપરાની ઉપસ્થિતિમાં યોજાયો સંવાદ

(એજન્સી) વડોદરા : વડોદરા લોકસભા મત વિસ્તારમાં મતદાન પ્રક્રિયામાં મહિલા મતદારની ભાગીદારી વધે તે માટે જિલ્લામાં ટર્નઆઉટ ઈમ્પ્લીમેન્ટેશન પ્લાન અમલમાં મૂકવામાં આવ્યો છે. જેના ભાગરૂપે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી બીજલ શાહના માર્ગદર્શન હેઠળ જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી મમતા હિરપરાની અધ્યક્ષતામાં ખાસ ટીમોનું ગઠન કરવામાં આવ્યું છે. આ ટીમો જે બુથમાં પુરુષ કરતા મહિલાઓના મતદાનની ટકાવારીમાં દસ ટકાથી વધુ તફાવત છે, તેવા બુથમાં મતદાનનું પ્રમાણ વધે તે માટેના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જેના ભાગરૂપે આજે વડોદરા તાલુકાના અંકોડીયા ગામની પ્રાથમિક શાળાના પ્રાંગણમાં જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી બી. એ. શાહ અને TIP ના નોડલ અધિકારી શ્રીમતી મમતા હિરપરાની ઉપસ્થિતિમાં મહિલા મતદારો સાથે સંવાદ કાર્યક્રમનું ટીઆઈપી દ્વારા આયોજન કરવામાં આવ્યું



હતું. જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી બીજલ શાહે અહીં ઉપસ્થિત મહિલા મતદારોને લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માં ગત ચૂંટણીઓની જેમ પુરુષ-સ્ત્રી વચ્ચે મતદાનના પ્રમાણમાં અસમાનતા ન રહે તે માટે મહિલાઓને પોતાના મતાધિકારનો મહત્તમ ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો. જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી બીજલ શાહે મહિલા મતદારો સાથેના સંવાદ કરતા લોકતંત્ર, લોકશાહી શું છે? તે અંગે મહિલા મતદારોને માહિતગાર કર્યા હતા. આ ઉપરાંત ગામમાં પ્રથમ વખત મતદાન કરનાર ૩૫ જેટલી મહિલા મતદારોને મતદાન કરવા માટે પ્રોત્સાહીત કરી હતી. મતદાન કરવા માટે ચૂંટણી કાર્ડ ઉપરાંત અન્ય માન્ય ૧૨ જેટલા દસ્તાવેજો દ્વારા પણ મતદાન કરી શકાય છે, તે અંગે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. તદુપરાંત ટીઆઈપીના નોડલ અને જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી મમતા હિરપરાએ મહિલા મતદારોને મૂંઝવતા પ્રશ્નો જાણી તેમને સંતોષકારક રીતે સમજ પૂરી પાડી હતી. ગત ચૂંટણીમાં પુરુષો કરતા સ્ત્રીઓના મતદાનનું પ્રમાણ કેમ ઓછું રહ્યું ? તે અંગે પૃચ્છા કરી આ વખતની ચૂંટણીમાં મહિલા મતદારો જવાબદારીપૂર્વક મતદાન કરી લોકશાહીને મજબૂત બનાવે તેવી વિનંતી કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, વડોદરા જિલ્લામાં પુરુષ કરતા મહિલા મતદારની ટકાવારીમાં ૧૦ ટકાથી વધુ તફાવત હોય તેવા ૧૬૧ બુથ છે. આ તમામ બુથોમાં મહિલા મતદારોને જાગૃત કરવા માટે ગ્રામ્ય કક્ષાએ મતદાર જાગૃતિ સમિતિની રચના કરવામાં આવી છે, જેમાં આશા-આંગણવાડી કાર્યકારો, તલાટી, શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# અનંત પ્રસ્થાન પર સ્વામી સ્મરણાનંદ

લેખક: શ્રી નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

લોકસભા ચૂંટણીના મહાપર્વની ભાગદોડ વચ્ચે એક એવા સમાચાર આવ્યા, જેણે મન-મસ્તિષ્કમાં થોડી ક્ષણો માટે એક સ્તબ્ધતા લાવી દીધી. ભારતની આધ્યાત્મિક ચેતનાના પ્રખર વ્યક્તિત્વ શ્રીમત્ સ્વામી સ્મરણાનંદજી મહારાજનું સમાધિસ્થ થવું, વ્યક્તિગત ક્ષતિ જેવું છે. થોડા વર્ષો અગાઉ સ્વામી આત્માસ્થાનંદજીનું મહાપ્રયાણ અને હવે સ્વામી સ્મરણાનંદનું અનંત યાત્રા પર પ્રસ્થાન કેટલા લોકોને શોકગ્રસ્ત કરી ગયું છે. મારું મન પણ કરોડો ભક્તો, સંત જનો અને રામકૃષ્ણ મઠ અને મિશનના અનુયાયીઓની જેમ જ દુ:ખી છે. આ મહિનાની શરૂઆતમાં, મારી બંગાળ યાત્રા દરમિયાન મેં હોસ્પિટલ જઈને સ્વામી સ્મરણાનંદજીના સ્વાસ્થ્યની જાણકારી મેળવી હતી. સ્વામી આત્માસ્થાનંદજીની જેમ જ, સ્વામી સ્મરણાનંદજીએ પોતાનું સમગ્ર જીવન આચાર્ય રામકૃષ્ણ પરમહંસ, માતા શારદા અને સ્વામી વિવેકાનંદના વિચારોના વૈશ્વિક પ્રસારને સમર્પિત કર્યુ. આ લેખ લખતી વેળાએ મારા મનમાં તેમની સાથે થયેલી મુલાકાતો, તેમની સાથે થયેલી વાતો, એ સ્મૃતિઓ જીવંત થઈ રહી છે. જાન્યુઆરી 2020માં બેલુર મઠના પ્રવાસ દરમિયાન, મેં સ્વામી વિવેકાનંદજીના રૂમમાં બેસીને ધ્યાન કર્યુ હતું. એ યાત્રામાં મેં સ્વામી સ્મરણાનંદજી સાથે સ્વામી આત્માસ્થાનંદજી વિશે ઘણી વાર સુધી વાત કરી હતી.

આપ જાણો છો કે રામકૃષ્ણ મિશન અને બેલુર મઠની સાથે મારો કેટલો આત્મીય સંબંધ રહ્યો છે. આધ્યાત્મના એક જિજ્ઞાસુ તરીકે, પાંચ દાયકાથી પણ વધુ સમયમાં, હું અલગ-અલગ સંત-મહાત્માઓને મળ્યો છું, અનેક સ્થળોએ રહ્યો છું. રામકૃષ્ણ મઠમાં પણ મને આધ્યાત્મ માટે જીવન સમર્પિત કરનારા જે સંતોનો પરિચય થયો હતો, તેમાં સ્વામી આત્માસ્થાનંદજી તેમજ સ્વામી સ્મરણાનંદજી જેવા વ્યક્તિત્વ મુખ્ય હતા. તેમના પાવન વિચારો અને તેમના જ્ઞાને મારા મનને નિરંતર સંતુષ્ટિ આપી. જીવનના સૌથી મહત્વના કાળખંડમાં આવા જ સંતોએ મને જનસેવા જ પ્રભુસેવાનો સાચો સિદ્ધાંત શીખવ્યો.

સ્વામી આત્માસ્થાનંદજી તેમજ સ્વામી સ્મરણાનંદજીનું જીવન, રામકૃષ્ણ મિશનના સિદ્ધાંત 'આત્મનો મોક્ષાર્થ જગદ્ધિતાય ચ'નું અમિટ ઉદાહરણ છે.

રામકૃષ્ણ મિશન દ્વારા, શિક્ષણના સંવર્ધન અને ગ્રામીણ વિકાસ માટે કરવામાં આવી રહેલા કાર્યોથી આપણને સૌને પ્રેરણા મળે છે. રામકૃષ્ણ મિશન, ભારતની આધ્યાત્મિક ચેતના, શૈક્ષણિક સશક્તીકરણ અને માનવીય સેવાના સંકલ્પ પર કામ કરી રહ્યું છે. 1978માં જ્યારે બંગાળમાં પૂરની આફત આવી, તો રામકૃષ્ણ મિશને પોતાની



નિ:સ્વાર્થ સેવાથી સૌનું હૃદય જીતી લીધું હતું. મને યાદ છે, 2001માં કચ્છના ભૂકંપના સમયે સ્વામી આત્માસ્થાનંદ એ સૌપ્રથમ લોકોમાંના એક હતા, જેમણે મને ફોન કરીને એમ કહ્યું કે આફત સંચાલન માટે રામકૃષ્ણ મિશન શક્ય તમામ મદદ કરવા માટે તૈયાર છે. તેમના નિર્દેશોને અનુરૂપ, રામકૃષ્ણ મિશનને ભૂકંપના એ સંકટ કાળમાં લોકોની ખૂબ સહાયતા કરી. પાછલા વર્ષોમાં, સ્વામી આત્માસ્થાનંદજી અને સ્વામી સ્મરણાનંદજીએ વિવિધ હોદ્દા પર રહીને સામાજિક સશક્તીકરણ પર ખૂબ ભાર મૂક્યો હતો. જેઓ આ મહાન હસ્તીઓના જીવનને જાણે છે તેઓ ચોક્કસપણે યાદ કરશે કે તમારા જેવા સંતો આધુનિક શિક્ષણ, કૌશલ્ય અને મહિલા સશક્તીકરણ પ્રત્યે કેટલા ગંભીર હતા. સ્વામી આત્માસ્થાનંદજીના મહાન વ્યક્તિત્વની વિશેષતા જેણે મને સૌથી વધુ પ્રભાવિત કર્યો તે દરેક સંસ્કૃતિ અને દરેક પરંપરા પ્રત્યેનો તેમનો પ્રેમ અને આદર હતો. તેનું કારણ એ હતું કે તેમણે ભારતના વિવિધ ભાગોમાં લાંબો સમય વિતાવ્યો હતો અને તેઓ સતત મુસાફરી કરતા હતા. ગુજરાતમાં રહીને તેઓ ગુજરાતી બોલતા શીખ્યા. મારી સાથે પણ તેઓ ગુજરાતીમાં જ વાત કરતા હતા. મને તેમની ગુજરાતી પણ બહુ ગમતી.

ભારતની વિકાસયાત્રાના અનેક તબક્કે, આપણી માતૃભૂમિને સ્વામી આત્માસ્થાનંદજી, સ્વામી સ્મરણાનંદજી જેવા અનેક સાધુ સંતોના આશીર્વાદ મળ્યા છે જેમણે આપણને સામાજિક પરિવર્તનની નવી ચેતના આપી છે. આ સંતોએ આપણને સમાજના કલ્યાણ માટે સાથે મળીને કામ કરવાની દીક્ષા આપી છે. આ સિદ્ધાંતો અત્યાર સુધી શાશ્વત છે અને આવનારા સમયમાં આ વિચારો વિકસિત ભારત અને અમરત્વની સંકલ્પ શક્તિ બનશે.

ફરી એકવાર, સમગ્ર દેશ વતી, હું આવા સંત આત્માઓને મારી શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. મને વિશ્વાસ છે કે રામકૃષ્ણ મિશન સાથે જોડાયેલા તમામ લોકો તેમના બતાવેલા માર્ગને આગળ વધારશે.

ઓમ શાંતિ.

# આણંદ જિલ્લામાં ચૂંટણી કામગીરીમાં 3653 મહિલાઓ સહિત 12,600 ઉપરાંત અધિકારી/ કર્મચારીઓ સહભાગી બનશે

(એજન્સી) આણંદ : લોકસભા સામાન્ય ચૂંટણી -૨૦૨૪ અન્વયે ગુજરાતમાં ત્રીજા તબક્કામાં ચૂંટણી યોજાશે. જે અન્વયે ૭ મી મેના રોજ મતદાન થશે. આણંદ જિલ્લામાં લોકસભાની આ સામાન્ય ચૂંટણીની સાથે ૧૦૮ - ખંભાત વિધાનસભાની ખાલી પડેલ બેઠકની પેટા ચૂંટણી માટેનું મતદાન યોજાનાર છે. આણંદ જિલ્લામાં લોકસભાની સામાન્ય ચૂંટણી અને ખંભાત વિધાનસભાની પેટા ચૂંટણી શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કલેક્ટર શ્રી પ્રવીણ ચૌધરીના માર્ગદર્શન હેઠળ આણંદ જિલ્લામાં ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ ચૂંટણી કામગીરી હાથ ધરવામાં આવી છે. આ માટે જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પ્રવીણ ચૌધરી દ્વારા સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમિયાન જરૂરીયાત મુજબના ૧૨,૬૨૧ જેટલા અધિકારી - કર્મચારીઓની લોકસભા સામાન્ય ચૂંટણી અને ખંભાત વિધાનસભા પેટા ચૂંટણી માટેના નિમણૂંક હુકમો કરવામાં આવ્યા છે.

જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી દ્વારા નિમણૂક કરવામાં આવેલ આ અધિકારી - કર્મચારીશ્રીઓમાં આસિસ્ટન્ટ રીટનિંગ ઓફિસર, ઝોનલ સેક્ટર ઓફિસર, આસિસ્ટન્ટ ઝોનલ સેક્ટર ઓફિસર, માઈક્રો ઓબઝર્વર, ટેકનિકલ સ્ટાફ ઈલેક્શન ડ્યુટી, બુથ લેવલ ઓફિસર, ડિસ્પેચ એન્ડ રીસીવિંગ સ્ટાફ ઓફિસર, રૂટ સુપરવાઈઝર, એમ.સી.સી. ઓફિસરની સાથે એફ.એસ.ટી. ટીમ, એસ.એસ.ટી. ટીમ, યુવા ટીમ જેવી ટીમોની રચના કરીને તેમાં જરૂરીયાત મુજબના અધિકારી -કર્મચારીઓની નિમણૂંકો કરવામાં આવી છે. આણંદ જિલ્લામાં નિમણૂંક કરવામાં આવેલ આ અધિકારી - કર્મચારીઓ પૈકી લોકસભા સામાન્ય ચૂંટણીમાં તૈયાર કરવામાં આવેલ કુલ ૧૭૭૩ મતદાન મથકો ખાતે કુલ ૫,૧૪૩ પુરૂષ અને ૩,૬૫૩ મહિલાઓ મળી કુલ ૮,૭૯૬ અધિકારી /કર્મચારીઓ જિલ્લાની સાતેય વિધાનસભાઓમાં ચૂંટણી કામગીરી અન્વયે ફરજ બજાવશે. તેવી જ રીતે આસિસ્ટન્ટ રિટર્નીંગ ઓફિસરની કચેરી ખાતે ૨૮૧, ઝોનલ સેક્ટર ઓફિસર ૧૯૯, આસિસ્ટન્ટ ઝોનલ સેક્ટર ઓફિસર ૧૯૧, માઈક્રો ઓબ્ઝર્વર ૩૦૨, ટેકનિકલ સ્ટાફ ઈલેક્શન ડ્યુટી ૭૨, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી ખાતે ૪૫, એક્સપેન્ડિચર મોનિટરિંગમાં ૫૪, બુથ લેવલ ઓફિસર ૧,૭૭૩, ડિસ્પેચરીંગ એન્ડ રિસિવિંગ સ્ટાફ ૪૧૨, એમસીસી ટીમમાં ૨૦, એફ એસ ટી ટીમ ૨૧, એસએસટી ટીમ ૨૧, વીવીટી ટીમ ૩૧, રૂટ સુપરવાઈઝર ૭૭ અને યુવા ટીમમાં ૩૦ મળીને કુલ ૩,૮૨૫ અધિકારી /કર્મચારીઓ ફરજ બજાવશે. આમ, સમગ્ર આણંદ જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી અને ખંભાત વિધાનસભા પેટા ચૂંટણી મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં થાય.

# વડોદરા શહેરમાં 1631 અને ગ્રામ્યમાં 602 મળી કુલ 2233 હથિયારો પરવાનેદારો પાસેથી જમા લેવાયા

(એજન્સી) વડોદરા

લોકસભાની સામાન્ય ચૂંટણીને પગલે વડોદરા શહેર અને જિલ્લામાં પોલીસ તંત્ર દ્વારા લેવામાં આવી રહેલા તકેદારીના પગલાંને પરિણામે અત્યાર સુધીમાં ૨૨૩૩ વ્યક્તિ સામે અટકાયતી કાર્યવાહી કરવામાં આવી છે. કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ મૂલવણી કરીએ તો વડોદરા લોકસભા બેઠક શાંત ગણવામાં આવે છે. મતદારો કોઇ પણ ભય વિના પોતાના બંધારણીય અધિકારોનો ઉપયોગ કરી શકે એ માટે પોલીસ તંત્ર દ્વારા આગોતરા પગલાં લઈ સજ્જડ સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવે છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણીની ઘોષણા સાથે અમલમાં આવેલી આદર્શ આચાર સંહિતાને પગલે કાર્યરત વડોદરા શહેર અને ગ્રામ્ય પોલીસ તંત્ર દ્વારા વિવિધ નિવારાત્મક પગલાં લેવામાં આવ્યા છે. હથિયારબંધી અમલમાં મૂકાયા બાદ અત્યાર સુધીમાં વડોદરા શહેરમાં ૧૬૩૧ અને ગ્રામ્યમાં ૬૦૨ મળી કુલ ૨૨૩૩ હથિયારો પરવાનેદારો પાસેથી જમા લેવામાં આવ્યા છે. ચૂંટણી અને તે પૂર્વેના કાર્યક્રમોમાં કોઈ વિખવાદ ના ઉભો કરે એવા હેતુંથી વડોદરા શહેર અને જિલ્લામાં કુલ મળી ૨૩૯૪ વ્યક્તિ સામે અટકાયતી પગલાં લેવામાં આવ્યા છે. તે ઉપરાંત કુલ ૧૦૫૨ વ્યક્તિને નોન બેઈલેબલ વોરંટની બજવણી કરવામાં આવી છે. વડોદરા શહેર અને ગ્રામ્ય પોલીસ દ્વારા નાકાબંધી પણ કરવામાં આવી છે. તેના પરિણામે દારૂ પકડાયો છે. શહેર પોલીસ દ્વારા રૂ. ૬.૨૫ લાખની કિંમતની ભારતીય બનાવટના વિદેશી દારૂની ૪૨૩૬ બોટલ અને ગ્રામ્ય પોલીસ દ્વારા રૂ. ૬.૬૯ લાખની કિંમતની ૪૪૫૪ બોટલ દારૂ પકડી પાડ્યો છે. ેશહેર અને જિલ્લામાં કુલ ૩૦ ફ્લાઈંગ સ્ક્વોર્ડ કાર્યરત છે. જે શંકાસ્પદ આવાગમન ઉપર નજર રાખી રહી છે.

# વેસ્ટસાઇડે અમદાવાદમાં તેનો 229મો સ્ટોર લોન્ચ કર્યો

અમદાવાદ । તા.28

આઈકોનિક ભારતીય ફેમિલી ટાટાનો ભાગ એવા વેસ્ટસાઈડે ફેશન ઉત્સાહીઓને પ્રેરણા આપવાના લક્ષ્ય સાથે અમદાવાદમાં તેના નવા સ્ટોરનો પ્રારંભ કર્યો છે. વેસ્ટસાઇડ, સાયન્સ સિટી, સોલા રોડ, અમદાવાદ - 380060 ખાતે આવેલો આ સ્ટોર 27,000 ચોરસ ફૂટ વિસ્તારમાં પથરાયેલો છે. દરેક ક્ષણ માટે સ્ટાઇલને સરળ બનાવવાના સભાન પ્રયાસ સાથે તે એપરલ્સ, એસેસરીઝ, કોસ્મેટિક્સ, ફૂટવેર અને હોમમાં વેસ્ટસાઈડની મોટાભાગની બ્રાન્ડ્સને રજૂ કરશે અને આ બધું જ એક જ સ્થળે ઉપલબ્ધ થશે.



તમામ મહિલાઓ, શ્રેષ્ઠ કિંમતે ફેશનના ફેવરિટ લેબલ્સ સાથે ખરીદીના અનેરા અનુભવ માટે તૈયાર થઈ જાઓ. વેસ્ટસાઇડનું ઈન્ડિયન વેર એ વેસ્ટર્ન વેરના જેટલું જ ફેશનેબલ અને ઉત્કૃષ્ટ છે. Utsa વર્સેટાઇલ કલેક્શન ઓફર કરે છે અને રોજબરોજના એથનિક વોર્ડરોબ માટે મોર્ડન સોલ્યુશન છે. ગ્રાહકોમાં ખૂબ જ પ્રિય એવું Bombay Paisley સમકાલિન, રચનાત્મક, આધુનિક અને ફ્યુઝન રજૂ કરે છે જ્યારે Vark એ પ્રસંગો માટેનું કોઓર્ડિનેટેડ એથનિક વેર છે જે મોર્ડન, ભવ્ય, હૂંફાળુ અને સોફિસ્ટિકેટેડ છે.

બીજી તરફ Zuba એ પ્રિમિયમ ડે-વેર છે જે લાલિત્ય અને આધુનિકતા દર્શાવે છે જે જાજરમાન અને શાલીન છે. NUON એ એવી તમામ યુવતીઓ માટે છે જેમને પાર્ટી-ગ્લેમ પસંદ છે અને ફેશન પ્રત્યે ઉત્સાહી છે. આ બ્રાન્ડ યુવાઓનું પ્રતિબિંબ પાડે છે જે સામાજિક પેઢીને જોડે છે.

# લોકસભા સામાન્ય ચૂંટણી -2024 : ઝાલોદ મતવિસ્તારના પ્રિસાઇડીંગ અને મહિલા પોલીગ ઓફિસરો માટે યોજાયા તાલીમ વર્ગ

## પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા થીયરીની સાથો સાથ પ્રેક્ટીકલ નિદર્શન દ્વારા વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું

દિપક રાવલ - દાહોદ

દાહોદ જિલ્લામાં આગામી તા.૭મી મે, ૨૦૨૪ના રોજ યોજાનારી લોકસભા સામાન્ય ચૂંટણીઓ સંદર્ભે થનારી મતદાનની કામગીરી સુનિશ્ચિત રીતે સુપેરે પાર પડે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને જિલ્લા કલેક્ટર શ્રી યોગેશ નિરગુડેના માર્ગદર્શન હેઠળ ચૂંટણીલક્ષી વિવિધ કામગીરી સાથે સંકળાયેલા અધિકારીઓ-કર્મચારીઓને તેમની ફરજના ભાગરૂપે તબક્કાવાર તાલીમનું આયોજન કરવામાં આવી રહ્યું છે.



ઝાલોદ મતવિભાગના પ્રિસાઈડિંગ અને મહિલા પોલીગ ઓફિસર્સ માટે સાયન્સ કોલેજ ઝાલોદ ખાતે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી યોગેશ નિરગુડે અને પ્રાંત અધિકારીશ્રીની રાહબરી હેઠળ આજરોજ તાલીમ વર્ગો યોજાયા હતા. આ તાલીમ વર્ગમાં દાહોદ જિલ્લા ચુંટણી અધિકારી શ્રી યોગેશ નિરગુડે એ રૂબરૂ મુલાકાત લઈ ચૂંટણી ફરજ પરના પ્રિસાઈડિંગ અને મહિલા પોલીગ ઓફિસર્સને ચૂંટણીલક્ષી માર્ગદર્શન આપી પ્રોત્સાહન વધાર્યું હતું.

તાલીમ વર્ગમાં માસ્ટર ટ્રેનર્સ દ્વારા પ્રિ-પોલ, પોલ-ડે અને આફ્ટર પોલ, EVM, VVPAT, રિસીવીંગ-ડિસ્પેચીંગ સહિતની તબક્કાવાર તમામ પ્રકારની કામગીરી અંગે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા જરૂરી જાણકારી સાથે સમજ અપાઇ હતી. આ સાથે દિવ્યાંગ મતદારો સરળતાથી મતદાન કરી શકે તે અંગે પણ આવા મતદારોને જરૂરી સુવિધા અને સહાયકની સેવા ઉપલબ્ધિ અંગે પણ જાણકારી અપાઇ હતી.

તદ્ઉપરાંત તમામને EVM, VVPAT અંગે હેન્ડસ ઓન ચૂંટણીલક્ષી કામગીરી સબબ જાણકારી સાથે પ્રત્યક્ષ પ્રેક્ટીકલ નિદર્શન દ્વારા વિસ્તૃત માર્ગદર્શન પણ પુરૂ પડાયું હતું. આ ચૂંટણીમાં મતદાન વખતે મતદારે ફોટો વોટર સ્લીપની સાથોસાથ ચૂંટણીપંચે સૂચવેલ વૈકલ્પિક અન્ય ૧૨ દસ્તાવેજી પુરાવાઓ પૈકી કોઈ એક પુરાવો પણ હવે રજૂ કરવાનો રહેશે તેની પણ સમજ કેળવવામાં આવી હતી. ચૂંટણી ફરજ ઉપરના અધિકારીશ્રીઓ/ કર્મચારીઓને પોસ્ટલ બેલેટ-ઈડીસી દ્વારા મતદાન અંગે પણ માહિતગાર કરાયાં હતાં.

પ્રિસાઈડિંગ ઓફિસર અને મહિલા પોલીગ ઓફિસર માટે યોજાયેલા આ તાલીમ વર્ગમાં સુપરવાઇઝરી કામગીરી બાબતે ચોકસાઇ અને સચોટતાની સાથે મતદાનની કામગીરી સરળ બની રહે તે માટે મતદાન મથકના ફરજ પરના અધિકારીઓ-કર્મચારીઓ માટે જુદા જુદા વૈદ્યાનિક ફોર્મની વિગતો ભરવા ઉપરાંત રજીસ્ટરમાં તેની નોંધણી, મોકપોલ, મતદાન પ્રક્રિયા, પૂર્ણ થયા બાદ EVM મશીન VVPAT સીલ કરીને તેના ડિસ્પેચીંગ સુધીની તમામ બાબતો અંગે તાલીમાર્થીઓને વિગતવાર માર્ગદર્શન પુરૂ પડાયું હતું.

### લ્યુમિનસ પાવર ટેક્નોલોજીસે એન્ડ-ટુ-એન્ડ સોલર સોલ્યુશન્સ ઇકોસિસ્ટમ બનાવવા તરફ વિશાળ છલાંગ લગાવી અને તેની અત્યાધુનિક સોલર પેનલ મેન્યુફેક્ચરિંગ ફેક્ટરીનું ઉદ્ઘાટન કર્યું

(એજન્સી) અમદાવાદ

પોતાના ટકાઉપણા તથા સોલર ક્ષેત્રે સાહસોને મજબૂત બનાવવા માટે એક મોટી છલાંગ ભરતા ભારતની અગ્રણી એનર્જી સોલ્યુશન્સ કંપની લ્યુમિનસ પાવર ટેક્નોલોજીસે ઉત્તરાખંડના રૂદ્રપુરમાં સોલર પેનલ ફેક્ટરીનું ઉદ્ઘાટન કર્યું હતું. હકારાત્મક પરિવર્તન માટે ઉત્પ્રેરક બનવા માટે પ્રદાન કરતા આ સાહસ 'પીએમ સૂર્યોદય યોજના'ના અભૂતપૂર્વ લોન્ચ દરમિયાન માનનીય વડાપ્રધાન દ્વારા જણાવાયેલા રાષ્ટ્રના ટકાઉપણા ઉદ્દેશ્યો તથા સૌર ક્ષેત્રના વિઝન સાથે સંલગ્ન છે. સોલર પેનલ મેન્યુફેક્ચરિંગમાં તાજેતરના પરિવર્તનો સાથે આ પ્લાન્ટ અત્યાધુનિક ટેક્નોલોજી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવે છે જે મહત્તમ કાર્યક્ષમતા સુનિશ્ચિત કરશે અને પર્યાવરણ પર તેની અસર ઓછી રહેશે. આ લોન્ચ કાર્યક્રમમાં લિજેન્ડરી ક્રિકેટર તથા લ્યુમિનસના બ્રાન્ડ એમ્બેસડર સચિન તેંડુલકર તથા લ્યુમિનસ પાવર ટેક્નોલોજીસના સીઈઓ તથા એમડી પ્રીતિ બજાજ અને લ્યુમિનસ બોર્ડના ચેરમેન તેમજ શ્નેઈડર ઈલેક્ટ્રિકના ઈન્ટરનેશનલ



ઓપરેશન્સના એક્ઝિક્યુટિવ વીપી મનિષ પંત પણ હાજર રહ્યા હતા.

કંપની સોલર, ઈન્વર્ટર અને બેટરી કેટેગરીમાં વિશ્વકક્ષાની પ્રોડક્ટ્સના ઉત્પાદનથી હવે એન્ડ-ટુ-એન્ડ સોલર એનર્જી મેનેજમેન્ટ ઈકોસિસ્ટમ બનાવવા માટે ઊભરવા માટે વ્યૂહાત્મક વ્યાપારિક નિર્ણયો લઈ રહી છે ત્યારે સોલર પ્લાન્ટનું ઉદ્ઘાટન લ્યુમિનસ માટે એક મહત્વની સિદ્ધિ દર્શાવે છે.

### રેલવે યાત્રી યૂટીએસ એપથી હવે 50 કિમીના અંતર સુધીની જનરલ ટિકિટ બુક કરી શકે છે

(એજન્સી) અમદાવાદ : અનરિઝર્વ્ડ ટિકિટ મેળવવા માટે યાત્રીઓને લાઈનમાં ઉભા રહેવાની આવશ્યક્તા નહી પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર યાત્રીઓને અનરિઝર્વ્ડ (જનરલ) ટિકિટ મેળવવા લાઈનમાં ઉભા રહેવાની આવશ્યક્તા નથી. યૂટીએસ એપ મારફતે 50 કિમીના અંતર સુધી હવે યાત્રી પોતે જ પોતાની અનરિઝર્વ્ડ (જનરલ) ટિકિટ બુક કરીને પોતાનો સમય અને પૈસા બંને બચાવી શકે છે. હવે યાત્રીઓ પોતાના મોબાઈલ ફોનમાં યૂટીએસ એપ ડાઉનલોડ કરીને ઘર બેઠાં કોઈપણ સ્ટેશનથી કોઈપણ સ્ટેશન સુધીની અનરિઝર્વ્ડ (જનરલ) ટિકિટ બુક કરી શકે છે. આના મુખ્ય લાભ નીચે જણાવ્યા મુજબ છે - ઘર બેઠા અથવા સ્ટેશનથી 50 KM ના ક્ષેત્રમાં રહીને પોતે પોતાના મોબાઈલ ફોનમાં ટિકિટ બુક કરી શકે છે.

ઉત્તર મધ્ય રેલ્વે

ઈ-ટેન્ડર સૂચના

ડેપ્યુટી ચીફ એન્જિનિયરિંગ (બાંધકામ) આગ્રા, ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેના વતી, નીચેના કામ માટે સિંગલ પેકેટ ઓપન ટેન્ડર પર ઓનલાઈન (ઈ-ટેન્ડરિંગ) દ્વારા ઓપન ટેન્ડર આમંત્રિત કરે છે. 30-04-2024 ના રોજ 15:00 કલાક સુધી વેબસાઇટ https://www.ireps.gov.in પર ટેન્ડરો ઑનલાઇન સબમિટ કરી શકે છે. ટેન્ડરની વિગતો નીચે મુજબ છે.

ટેન્ડર નંબર :- ઈ-ટેન્ડર નોટિસ નંબર :- CEN00AGCO524
કામનું નામ:- ઈદગાહ-બયાણા રેલ લાઈન વચ્ચે કિમી 60/1-2 પર LC નંબરઃ-54 ની જગ્યાએ 3×2.5 મીટર સ્પાનનું RUB નું બાંધકામ પુશિંગ ટેકનિક દ્વારા.

અંદાજિત કિંમતઃ-રૂ :1.44 કરોડ (અંદાજે ) બાનાની રકમઃ-રૂઃ 2,22,300/- પૂર્ણ થવાનો સમયગાળોઃ- લણણી અને ચોમાસાના સમયગાળા સહિત 09 મહિના. , ટેન્ડર ખોલવાની તારીખ :- 30-04-2024 માન્યતા અવધિ :- 60 દિવસ.
સંપૂર્ણ વિગતો અને ટેન્ડર સબમિશન માટે, ભારતીય રેલ્વેની વેબસાઇટ https://www.ireps.gov.in ની મુલાકાત લો.

569/24 FA

North central railways @CPRONCR @northcentralrailway www.ncr.indianrailways.gov.in

# બોપલ TRP મોલમાં આગની ઘટના બાદ કાર્યવાહી: AMCએ લક્ઝુરિયસ ગર્લ્સ PG, ફનઝોન, ગેમ ઝોન, મુક્તા એ-2 સિનેમા સીલ કર્યું



અમદાવાદ । તા.28

અમદાવાદના બોપલ વિસ્તારમાં TRP મોલમાં તારીખ 23 માર્ચની રાત્રે 10.30 વાગ્યાની આસપાસ મોલના પાંચમા માળે આવેલા બાળકોના ગેમ ઝોનમાં ભીષણ આગ લાગી હતી. આગ પાંચમા માળથી પ્રસરીને ત્રીજા માળ સુધી પહોંચી હતી અને આ આગની ઘટનામાં કોઈ જાનહાની થઈ નહોતી. જોકે, આ મોલમાં આગ લાગતા સમયે ગર્લ્સ PG તેમજ થિયેટરમાંથી મોટી સંખ્યામાં લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા, ત્યારે ફરી આવી કોઈ ઘટના ના બને તે માટે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે અને મોલમાં આવેલા લક્ઝુરિયસ ગર્લ્સ PG, ફનઝોન, ગેમ ઝોન તેમજ મુક્તા A-2 થિયેટરને સીલ કરવામાં આવ્યું છે. ગર્લ્સ PGમાં 100થી વધુ છોકરીઓ આ TRP શોપિંગ મોલમાં ચોથા માળે બોપલ લક્ઝુરિયસ ગર્લ્સ PG આવેલી છે, મોલમાં ગર્લ્સ PG શરૂ કરવાની પરવાનગી આપવામાં આવી હતી કે કેમ? તેમજ શોપિંગ મોલ હોય ત્યાં PG બનાવી શકાય કે કેમ? તે તમામ બાબતો અંગે હવે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તપાસ કરવામાં આવી હતી.

# કોઠંબા ગામની તકરારી જમીનના કેસમાં આરોપીઓને સજા ફટકારતી મહિસાગર જિલ્લાની ચીફ જ્યુડિશિયલ કોર્ટ

જગદીશ ત્રિવેદી - ખારોલ

લુણાવાડા તાલુકાના કોઠંબા ગામે તકરારી મિલકતના કેસમાં આરોપીઓ દ્વારા ફરિયાદીની વેચાણ પેટે આપેલી જમીન જમીનમાં ફરિયાદી એ કરેલા મત કામ બાબતમાં વારંવાર ફરિયાદીને હેરાન પરેશાન કરવામાં આવતા હતા અને વેચાણ પેટે આપેલી જમીન માં ફરિયાદીએ મકાન પણ બનાવેલ હતું અને મકાનનો કબજો ભોગવતો પણ આ કામના ફરિયાદી ધરાવતા હતા ત્યારે આરોપીઓએ ફરિયાદીના મકાન વાળી જગ્યામાં બદદાનત અને બળજબરીથી પ્રવેશ કરી મકાનને તાળા મારી બળજબરીથી મકાનનો કબજો લઈ નઠારી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ પણ આપતા હતા.

આ બાબતે ફરિયાદીએ કોટમબા પોલીસ મથકે (૧) ઈશ્વરભાઇ રામાભાઇ તુરી ઉંમર વર્ષ 65 (૨) પનાભાઈ રામાભાઈ પુરી ઉંમર વર્ષ 42 (૩) ડાહીબેન વા/ઓ ઈશ્વરભાઇ રામાભાઇ તુરી ઉંમર વર્ષ 59 (૪) લીલાબેન વા/ઓ પનાભાઈ રામાભાઈ તુરી ઉંમર વર્ષ ચાલીસ તમામ રહેવાસી કોઠંબા તાલુકો લુણાવાડા જિલ્લા મહીસાગર નાઓ પર પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી આ ફરિયાદ અંગે તપાસ કરનાર અમલદારે આરોપીય વિરુદ્ધ પુરાવાઓ જણાઈ આવતા આરોગ્ય વિરુદ્ધ ઈ પી કો ની કલમ ૩૮૪,૪૪૭,૪૨૭,૨૩૩,૫૦૪,

૫૦૬(૨),૧૧૪ મુજબ ગુના નું ક્રિ પ્રો. કોડ ની કલમ 173 હેઠળ આંક ૧ થી ચાર સીટ રજૂ કરેલ હતી આ કેસના અનુસંધાનમાં ફરિયાદ પક્ષી મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા હતા અને ફરિયાદી પક્ષના સરકારી વકીલ વાય એમ ગોસાઈ દ્વારા ધાર દાર રજૂઆતો પણ કરવામાં આવી હતી.

આમ તકરાની જમીનનો કેસ મહીસાગર જિલ્લાની ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ પીસી સોની સાહેબની કોર્ટમાં ચાલી જતા અને ફરિયાદી તરફે સરકારી વકીલ દ્વારા ધારદાર રજૂઆતોના પગલે આરોપી નંબર (૧) ઈશ્વરભાઈ રામાભાઇ તુરી (૨) પનાભાઈ રામાભાઇ તુરી(૩) ડાહીબેન વા/ઓ ઈશ્વરભાઇ રામાભાઇ તુરી(૪) લીલાબેન વા/ઓ પનાભાઈ રામાભાઈ તુરી તમામ રહેવાસી કોઠંબા, તાલુકો લુણાવાડા, જીલ્લો મહીસાગર ના ઓને ક્રી પ્રો કો કલમ ૨૪૮(૨) અન્વય ઈ પી કો કલમ ૫૦૬(૨) મુજબ તકસિર વાન ઠરાવી ૨(બે) વર્ષની સખત કેદની સજા ફરમાવવાનું હુકમ કરવામાં આવેલ છે અને દરેક આરોપીએ 200 /-અંકે રૂપિયા બસો પુરા દંડપીટી ભરવાનું હુકમ કરવામાં આવેલ છે અને જો આરોપીઓ દંડની રકમ ન ભરે તો વધુ એક માસની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

આરોપી નંબર (૧) ઈશ્વરભાઇ રામાભાઇ તુરી (૨) વનાભાઈ રામાભાઇ તુરી (૩) ડાહીબેન વા/ઓ ઈશ્વરભાઇ રામાભાઇ તુરી (૪) લીલાબેન વા/ઓ પનાભાઇ રામાભાઇ તુરી તમામ રહેવાસી કોઠંબા તાલુકો લુણાવાડા જીલ્લો મહીસાગરના ઓને ક્રી પ્રો કો કલમ ૨૪૮(૨) અન્વયે ઈ.પી.કો કલમ 384 મુજબ તકસીરવાન ઠરાવી ૧(એક) વર્ષની સખત કેદની સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે અને દરેક આરોપીએ રૂપિયા ૧૦૦/ -અંકે રૂપિયા એકસો પુરા) દંડપેટી ભરવાનું હુકમ કરવામાં આવેલ છે અને જો આરોપીઓ દંડની રકમ ન ભરે તો વધુ એક માસની સાદી કેદની સજા કરવાનું હુકમ કરવામાં આવેલ છે.

આરોપી નંબર (૧) ઈશ્વરભાઇ રામાભાઇ તુરી (૨) પનાભાઈ રામાભાઇ તુરી (૩) ડાહીબેન વા/ઓ ઈશ્વરભાઇ રામાભાઇ તુરી (૪) લીલાબેન વા/ઓ પનાભાઈ રામાભાઇ તુરી તમામ રહેવાસી કોઠંબા, તાલુકો લુણાવાડા, જીલ્લો મહીસાગરના ઓને ક્રી પ્રો કો કલમ ૨૫૫(૨) અન્વય ઈપીકો કલમ 427 મુજબ તકસીરવાન ઠરાવીને ૬ (છ) માસની સાદી કેદની સજા ફરમાવવાનું હુકમ કરવામાં આવેલ છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# સુરતમાં 400 રૂપિયા માટે હત્યા કરાઇ

## સુરતમાં પૈસાની લેતીદેતીમાં મિત્રો વચ્ચે ઝઘડો, બે લાફા ઝીંકી જમીન પર પાડ્યો ને લાતો મારી મોતને ઘાટ ઉતાર્યો...




સુરત | સુરતમાં નાનપુરા મક્કાઈપુલ સર્કલ પાસે 400 રૂપિયાની લેતીદેતીમાં એક યુવકને ઢોરમાર મારતા મોત નીપજ્યું હોવાની ઘટના બની હતી. જોકે જે તે સમયે યુવકના શરીર પર કોઈ ઘાનાં નિશાન મળ્યાં ન હતાં, પરંતુ પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં યુવકને ઢોરમાર મારી હત્યા કરવામાં આવી હોવાનું સામે આવતા અઠવા પોલીસે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અઠવા પોલીસે હત્યારા રામકિશોર પ્રધાનની ધરપકડ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, યુવકને તેના જ મિત્રએ પાંચ જેટલી થપ્પડ અને છ જેટલી લાતો મારીને મોતને ઘાટ ઉતાર્યો હતો.

11 માર્ચના રોજ મોડી સાંજે સાતેક વાગ્યાના અરસામાં નાનપુરા મક્કાઈપુલ સર્કલ પાસે આવેલ ચં.ચી મહેતા નાટ્યગૃહના ફુટપાથ પરથી આસરે 40થી 45 વર્ષનો અજાણ્યો ઈસમ ઈજાગ્રસ્ત હાલતમાં પડ્યો હતો. આ અંગે જાણ થતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી ઈસમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં બીજા દિવસે એટલે 12 માર્ચના રોજ સવારે અગિયાર વાગ્યે તેનું સારવાર દરમિયાન મોત થયું હતું.

પીએમ રિપોર્ટમાં અજાણ્યા ઈસમે માર મારતા મોત થયું હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે બનાવના સ્થળની આજુબાજુના સીસીટીવી ફુટેજ ચેક કરતા મેટ્રોકા નામની દુકાનની આગળના સીસીટીવી ફુટેજમાં મૃતક સાથે અજાણ્યો ઈસમ ઝઘડો કરી લાતો અને થપ્પડો મારતો દેખાયો હતો. તેમજ મૃતકનો એક પગ ખેંચી મચકોડી પણ નાંખ્યો હતો.

પોલીસે આજુબાજમાં પૂછપરછ કરતા મૃતકની ઓળખ ઓરિસ્સાનો બહારપુરીયા ઉર્ફે ભુરિયા તરીકે થઈ હતી. ભુરિયાની તેના વતનના રામકિશોર પ્રધાન સાથે મિત્રતા હતી અને બંને જણા સાથે ફુટપાથ ઉપર રહેતા હતા. બંને વચ્ચે 400 રૂપિયા લેવા બાબતે ઝઘડો થતા રામકિશોરે ગુસ્સામાં આવી લાતો અને હાથથી ઢોરમાર મારી શરીરે ગંભીર મૂઢ ઈજાઓ પહોંચાડી હત્યા કરી હોવાનું બહાર આવ્યું હતું.

**ગત 11 માર્ચની રાત્રિએ શું થયું? :** ગત 11 માર્ચના રોજ સાંજે 6.36 કલાકે મૃતક ભુરિયો ફૂટપાથ ઉપર બેઠો હતો અને 6.48 કલાકે મિત્ર રામકિશોર તેની સાથે ઝઘડો કરી માર મારવાનું શરૂ કરે છે. બે થપ્પડ મારતા ભૂરિયો જમીન પર પડી જાય છે. ત્યાર બાદ ત્રણ થપ્પડ અને પાંચ લાત મારે છે. તેમ છતાં સંતોષ ન થતાં ચંપલ કાઢીને માર મારે છે. ત્યાર બાદ એક પગ મચકોડીને જતો રહે છે. જેથી રામકિશોરની બનાવ અંગે ગતરોજ સરકાર તરફે પીએસઆઈ બી.કે. ઝાલા ફરિયાદી બની આરોપી રામકિશોર પ્રધાન સામે હત્યાનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી તેની ધરપકડ કરી હતી.

# બોગસ આધારકાર્ડ - લાઇસન્સથી ગઠિયો 5 લાખની કાર લઈ રફુચક્કર

વડોદરા |હરણી-એરપોર્ટ પાસે આવેલા સેલ્ફ ડ્રાઈવર સેન્ટરમાંથી એક અજાણ્યો વ્યક્તિ ખોટું આધાર કાર્ડ અને ડ્રાઈવીંગ લાયસન્સ 2 દિવસ માટે કાર ભાડે લઈ ગયો હતો. તેણે ઓનલાઈન રૂપિયા આપી ટ્રાન્સફર કરી દીધા છે તેવો સ્ક્રીનશોર્ટ બતાવીને ગાડી લઈ ગયો હતો. જોકે તે વ્યક્તિ નિયત સમયે ગાડી પાછી આપી નહોતો ગયો અને પોતાનો ફોન સ્વીચ ઓફ કરી દીધો હતો. આ બાબતે હરણી પોલીસ મથકમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ હતી.

અટોકા વિસ્તારમાં રહેતા આયુષ અગ્રવાલ છેલ્લા 7 મહિનાથી હરણી એરપોર્ટ પાસે શ્રીરાજ દ્વારા ચલાવવામાં આવતી રાસ રેન્ટ નામની સેલ્ફ કાર સર્વિસમાં નોકરી કરે છે. 6 માર્ચે એક વ્યકિતએ 15 દિવસ માટે કાર ભાડે જોઈએ છે. તેમ કહી આવ્ય હતો. જેથી આયુષ ભાઈએ જણાવ્યું હતું કે, કારનું ભાડું પહેલા આપવું પડશે. જેથી આયુષે જણાવ્યું હતું કે, અત્યારે 2 દિવસ કાર ભાડે આપી દો, બાદમાં હુ પાછળથી વધારી લઈશ.

જેથી તે વ્યક્તિ 5 હજાર રૂપિયા ઓનલાઈન ટ્રાન્સફર કરીને પાંચ લાખની કાર ભાડે લઈ ગયો હતો વ્યક્તિએ આધાર કાર્ડ અને લાઈસન્સ પણ રજૂ કર્યું હતું જેના આયુષભાઈએ ફોટા પાડી લીધા હતા. 2 દિવસ બાદ કારના એક્સ્ટેન્શન માટે આયુષે ફોન કરતા તેણે



જણાવ્યું હતું કે, 1 કલાકમાં રૂપિયા ટ્રાન્સફર કરું છું. જોકે કલાક બાદ રૂપિયા ન આવતા આયુષે ફરી ફોન કરતા તે વ્યક્તિનો ફોન બંધ આવતો હતો.કારનું જીપીએસ લોકેશન તપાસતા કાર છેલ્લા રાજસ્થાનના બાડમેરમાં હતી .

આધારકાર્ડની તપાસ કરતા તેમાં જે ફોન નંબર હતો તે નંબર પર ફોન કરતા તે વ્યક્તિએ જણાવ્યું હતું કે, તેઓએ કોઈ કાર ભાડે લીધી નથી.જેથી આયુષભાઈને વ્યક્તિ દ્વારા રજૂ કરવામાં આવેલું આધાર કાર્ડ મોકલતા તે સામેવાળી વ્યક્તિએ જણાવ્યું હતું કે, જીતે માત્ર પોતાનો ફોટો લગાવીને આધાર કાર્ડનો ખોટો ઉપયોગ કર્યો છે.

# વાઘોડિયારોડ વિસ્તારમાં વેપારી દંપતી પર હુમલો કરી દુકાનમાં તોડફોડ

વડોદરા | બાપોદ જકાતનાકા વિસ્તારમાં ગાયત્રીનગર સોસાયટીમાં રહેતા અજય પ્રમોદ રાણે તેમજ પત્ની મોનલ બંને વાઘોડિયારોડ ખાતે સિધ્ધી કોમ્પ્લેક્સમાં કાવ્યા સ્ટેશનરી નામે દુકાનમાં વેપાર કરે છે. ગઈરાત્રે બંને દુકાન પર હતા ત્યારે સોસાયટીમાં ઘર પાસે રહેતો મેહુલ વજુ ભરવાડ તેમજ અન્ય ત્રણ અજાણ્યા શખ્સો આવ્યા હતાં. બે મહિના પહેલા ઘર પાસે કચરો નાંખવા બાબતે થયેલા ઝઘડાની અદાવત રાખી મેહુલ મોનલને અપશબ્દો બોલવા લાગ્યો હતો જેથી અજય સમજાવવા જતાં મેહુલે બેટ માર્યું હતું જ્યારે તેની સાથે આવેલા અન્ય ત્રણ શખ્સોએ લાકડીથી માર માર્યો હતો. મોનલ પતિને બચાવવા જતાં તેને પણ લાતો મારી હતી. બાદમાં ચારેય શખ્સોએ દુકાનમાં તોડફોડ કરી હતી. દરમિયાન બૂમાબૂમ થતાં ચારેય શખ્સો ધમકી આપીને જતા રહ્યા હતાં. બનાવ અંગે બાપોદ પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ભવાન વશરામ ભરવાડે આજવારોડ દત્તનગરમાં રહેતા વલુ કાળાભાઇ ભરવાડ, નવઘણ રાઘુભાઇ ભરવાડ, દાના કાળાભાઈ ભરવાડ અને ભોળા રાઘુભાઇ ભરવાડ સામે બાપોદ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે હું રિક્ષા ડ્રાઈવિંગ કરું છું. બે દિવસ પહેલાં આજવાચોકડી પાસે પેસેન્જર બેસાડવા મુદ્દે ભોળા ભરવાડ સાથે ઝઘડો થયો હતો. બાદમાં બપોરે હું ચોકડી પાસે રિક્ષા લઈને ઊભો હતો ત્યારે અગાઉના ઝઘડાની અદાવત રાખી ભોળાએ તેના કાકા વલુભાઈને ફોન કરીને જણાવેલ કે ભવાન આજવાચોકડી ખાતે ઊભો છે.

## વાંકાનેરના રંગપરમાં આવેલી ફેક્ટરીના ક્વાર્ટરમાં બનેલી ઘટના

# પાળીએ બેસી ફોન પર વાત કરતી વખતે બીજા માળેથી નીચે પટકાતાં યુવકનું મોત

રાજકોટ | વાંકાનેરના રંગપરમાં ફેક્ટરીના ક્વાર્ટરના બીજા માળની પાળી પર બેસીને મોબાઇલ પર વાતચીત કરતી વખતે પરપ્રાંતીય યુવકે બેલેન્સ ગુમાવ્યું હતું અને તે નીચે પટકાતા તેનું મૃત્યુ થયું હતું. ત્રણ દિવસ પૂર્વે જ યુવક ઓરિસ્સાથી પેટિયું રળવા આવ્યો હતો અને તેની જિંદગીનો અંત આવી ગયો હતો.

રંગપર ગામમાં આવેલી શિલ્પ કંપનીમાં કામ કરતો અને કંપનીના જ ક્વાર્ટરમાં રહેતો ઓરિસ્સાનો વતની અકરુર રૂપાધર બગરતી (ઉ.વ.22) મંગળવારે રાત્રે 11 વાગ્યે ક્વાર્ટરના બીજા માળની પાળી પર બેસીને મોબાઇલ પર વાતચીત કરતો હતો. વાતચીત દરમિયાન અકરુરે બેલેન્સ ગુમાવ્યું હતું અને તે બીજા માળેથી નીચે ખાબક્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા શ્રમિક યુવકને વાંકાનેર બાદ રાજકોટ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, પરંતુ તેનું મૃત્યુ થયું હતું.

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, અકરુર અગાઉ રંગપરની ઉપરોક્ત ફેક્ટરીમાં જ કામ કરતો હતો, બાદમાં તે વતન જતો રહ્યો હતો. ત્રણેક દિવસ પૂર્વે જ ફરીથી રંગપરમાં આ ફેક્ટરીમાં કામ કરવા આવ્યો હતો અને બીજા માળેથી પટકાતાં તેનું મૃત્યુ થયું હતું. અકરુર ત્રણ ભાઈમાં બીજા નંબરનો અને કુંવારો હતો. બનાવને પગલે કંપનીના અન્ય કર્મચારીઓમાં ગમગીની છવાઈ ગઇ હતી.

શહેરના ઉપલાકાંઠા વિસ્તારની પટેલ વાડી પાસે રિક્ષામાંથી પડી જવાથી ઘવાયેલા પ્રૌઢનું મોત નીપજ્યું હતું. રામનાથપરામાં રહેતા પ્રમોદભાઇ બાબુભાઇ સોલંકી (ઉ.વ.64) મોરબીના સનાળા રોડ પર આવેલા પોતાના પેટ્રોલ પંપે ગયા હતા અને પંપે જરૂરી કામ પૂરું કરી ખાનગી વાહનમાં બેસી પારેવડી ચોકે ઉતર્યા હતા અને ત્યાંથી રિક્ષામાં બેસી રામનાથપરામાં પોતાના ઘરે જવા નીકળ્યા હતા. રિક્ષા પટેલ વાડી પાસે પહોંચી હતી ત્યારે પ્રમોદભાઇ ચાલુ રિક્ષામાંથી નીચે પટકાયા હતા અને તેમને ગંભીર ઈજા થતાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, પરંતુ તેમનું મૃત્યુ થયું હતું. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, પ્રમોદભાઇ બે ભાઇ અને ચાર બહેનમાં મોટા હતા અને તેમને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે. બનાવથી સોલંકી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

# હળવદના ચૂંપણી ગામે ખેડૂત દંપતી પર છરીથી હુમલો: પતિનું મોત, પત્ની ગંભીર

હળવદ | હળવદ તાલુકાના ચુપણી ગામે વાડીના શેઢેથી ચાલવા જેવી સામાન્ય બાબતનું મનદુઃખ રાખી કૌટુંબીક ભાઈએ છરીના આડેધડ ઘા મારી ભાઈની હત્યા નિપજાવતા નાના એવા ચુપણી ગામમાં ચકચાર મચી જવા પામ્યો છે. ત્યારે પતિને બચાવવા વચ્ચે પડેલ પત્નીને પણ હાથમાં છરી વડે ઈજા થતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. મૃતકના દીકરા દ્વારા હત્યા નિપજાવનાર કૌટુંબીક કાકા સામે હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી સામે ગુનો નોંધી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે. હળવદ તાલુકાના ચુપણી ગામે રહેતા રામાભાઈ ઓળકીયા તેના પત્ની તથા તેમનો કૌટુંબીક ભાઈ ગણેશભાઈ ઓળકીયા તથા તેમના પત્ની એમ બંને સજોડે ચાર દિવસ પહેલા અલગ અલગ બાઈક ઉપર દ્વારકા દર્શન કરવા ગયા હતા ત્યારે ગણેશભાઈ રસ્તામાં પાછળ રહી ગયા હતા જેથી તે બાબતે ગણેશભાઈએ રામાભાઈને પોતાની વાડીના શેઢે ચાલતા નહિ એમ જણાવતા રામાભાઈએ પણ ગણેશભાઈને પાટાની વાડીના શેઢે ચાલવાની ના પાડી હતી. ત્યારે આવી સામાન્ય બાબતનું મનદુઃખ રાખી ગઈકાલે ચુપણી ગામના ઝાંપા પાસે રામાભાઈ અને તેમના પત્ની વાલીબેન જતા હોય ત્યારે ગણેશભાઈએ બોલાચાલી કરી ઝઘડો કરી એકદમ આવેશમાં આવી રામાભાઈને છરીના છાતીમાં, પેટમાં, હાથમાં પગમાં આડેધડ ઘા ઝીંકી દીધા હતા. જયારે ઝઘડામાં પતિને બચાવવા વચ્ચે પડેલ વાલીબેનને હાથના ભાગમાં છરીથી ઈજા પહોંચાડી હતી. ઘટના સ્થળે દોડી જઈ પિતાને બેભાન હાલતમાં સારવાર અર્થે હળવદ સરકારી હોસ્પિટલ ખસેડતા જ્યાં ફરજ પરના ડોક્ટરે જોઈ તપાસી રામાભાઈને મૃત જાહેર કર્યા હતા.

## 1નો મૃતદેહ મળ્યો, બીજાની શોધખોળ:પાક.મરીનની સંડોવણીની આશંકા

# દુર્ઘટના : બેટ દ્વારકાની માછીમારી બોટનો અકસ્માત, 7 ખલાસીઓ લાપત્તા થયાં...

ડાલ્ડા બંદર | બંદર દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઓખા નજીક બેટ દ્વારકાની એક માછીમારી બોટ દરીયામાં માછીમારી અર્થે ગઇ હતી જે ફિશીંગ બોટનો કાટમાળ અને જાળ જખૌ નજીક મળી આવ્યો છે.જેના સાતેય માછીમારો લાપતા બન્યા છે જેમાં એક માછીમારનો મૃતદેહ મળી આવ્યો છે જયારે અન્ય એક પ્રૌઢ માછીમારની શોધખોળ કરાઇ રહી છે. જયારે બીન આધારભુતસુત્રોમાંથી જાણવા મળ્યા મુજબ પાક.મરીન એજન્સીએ પાંચ માછીમારનુ અપહરણ કર્યુ છે.બોટધારક દ્વારા મત્સ્યઘોગ્ કચેરી-ઓખાને પણ આ મામલે જાણ કરાઇ છે.

દરમિયાન એજન્સી દ્વારા સમગ્ર મામલે ઘનિષ્ઠ તપાસ શરૂ કરાઇ છે. સુમાહિતગાર સુત્રોમાંથી જાણવા મળતી વિગત અનુસાર દેવભૂમિના બોટમાં રહેતા પાંજરી ઈરફાન અલાના દ્વારા મત્સ્યોધોગ અધિક્ષક-ઓખાને કરાયેલી રજુઆતમાં જણાવ્યા મુજબ તેની માછીમારી બોટ અલ હુશેની અકસ્માતે તુટી જતા સવાર તમામ સાત ખલાશીઓ લાપતા બન્યા છે.આ રજુઆત ગત તા. 21મીના રોજ કરવામાં આવી છે જેમાં વધુમાં જાહેર થયા મુજબ તેની માલિકી ધરાવતી માછીમારી બોટ અલ હુશેની બોટ ગત તા.15મી માર્ચના સવારે સાત વાગ્યે સાત માછીમારો સાથે ફિશિંગ અર્થે રવાના થઇ હતી.

જેમાં અંગારીયા સતાર ઓસમાણ(રે. બેટ), બોલીમ ઈસા હાસમ (રે. બેટ) ,ભોલીમ અબ્દુલકરીમ સાદીક (રે. બેટ), સુમણીયા ઈજાજ મુસ્તુફા (રે. ઓખા), પાંજરી હુશેન અલાના (રે. બેટ), સુંભણીયા મોહમતોફીક એલિયાસ (રે. બેટ) અને પાંજરી સાયર મામદ (રે. બેટ) નામના સાત ખલાસીઓ સામેલ હતા. જેમાં બે માછીમારની વય વિશે પણ બોટધારક દ્વારા ચોખવટ કરવામાં આવી છે. જે દરમિયાન આ માછીમારી બોટ સાથે માછીમારી કરતી અન્ય માછીમારી બોટોના ખલાસીઓ દ્વારા આ બોટને કોઈપણ રીતે અકસ્માત થયો હોવાનુ તથા આ બોટનો કાટમાળ તથા જાળ દરિયામાં જખૌથી અંદાજીત 12 નોટીકલ માઈલ દુર વિખેરાયેલ હોવાની જાણ કરવામાં આવી હતી.વધુમાં બોટમાં સવાર સાત ખલાસીનો હાલ કોઇ પત્તો લાગેલ ન હોવાની પણ જાણ કરાઇ હતી. આ બોટના લાપતા બનેલા ખલાસીઓની શોધધખોળ કામગીરી માટે મદદરૂપ થવા અરજ કરાઇ છે. જે દરમિયાન પાણીમાં ગારદ બે માછીમાર પૈકી પાંજરી સાયર મામદભાઇ નામના યુવાનનો દરીયામાંથી મૃતદેહ મળ્યો છે જેને દ્વારકા પીએમ વિધિ માટે ખસેડવામાં આવ્યો છે. જયારે અન્ય માછીમારી બોલીમ ઈશા હાસમ(ઉ.વ. 55)ની શોધખોળ ચાલી રહી છે.બિનઆધારભૂત સૂત્રોમાંથી જાણવા મળ્યા જણાવ્યા મુજબ આ બોટના બાકી પાંચ માછીમારને પાકિસ્તાનની મરીન એજન્સી ઉપાડી ગઈ છે. જો કે,તે અહેવાલને હજુ સતાવાર સમર્થન મળ્યુ નથી.

# 12તોલા દાગીના અને પોણા પાંચ લાખ કેશ ચોરી ભાગેલા ચોરનો અંતે ઝડપાયો...

વડોદરા | કારેલીબાગ આમ્રપાલી કોમ્પ્લેક્સ પાસેના મકાનમાંથી ચોરી કરી ભાગેલા ચોરનો પોલીસે પીછો કરી સાંકરદા વિસ્તારમાંથી ઝડપી પાડયો હતો. પોલીસે તેની પાસે ૧૨ તોલા દાગીના અને રોકડા રૂ.પોણા પાંચ લાખ કબજે કર્યા હતા.

કારેલીબાગ અને આસપાસના વિસ્તારમાં ચોરીના બનાવો રોકવા તેમજ ગુનેગારો પર નજર રાખવા માટે ડીસીપી પન્ના મોમાયાએ સૂચના આપી હોવાથી અધિકારીઓ અને પોલીસ ટીમ દ્વારા આખી રાત પેટ્રોલિંગ કરવામાં આવે છે. આ દરમિયાન આજે પરોઢિયે પાંચેક વાગે કારેલીબાગ પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે મુક્તાનંદ સર્કલ પાસેથી સ્કૂટર પર થેલા લઈને જતા એક શખ્સ પર શંકા જતાં પોલીસે તેને અટકાવ્યો હતો.પરંતુ સ્કૂટર સવારે ફુલસ્પીડમાં સ્કૂટર દોડાવ્યું હતું. જેથી પોલીસે તેનો પીછો ચાલુ રાખ્યો હતો.

લગભગ ચાર કિમી પીછો કર્યા બાદ સાંકરદા પેટ્રોલપંપ પાસે સ્કૂટર છોડીને ભાગવા જતાં પકડાઇ ગયો હતો.તેનું નામ હસમુખ મકવાણા ઉર્ફે મનસુખ કલાણી (દાહોદ) હોવાનું જાણવા મળ્યું હતું.પોલીસે તેની પાસેના થેલા તપાસતાં અંદરથી ૧૨ તોલા જેટલા દાગીના અને રોકડા રૂ.૪.૭૫ લાખ મળ્યા હતા.રીઢા ચોર હસમુખે આ મત્તા આમ્રપાલી કોમ્પ્લેક્સ પાસેના અબાવ્હાઈટ હાઉસના મકાનમાંથી ચોરી હોવાની વિગતો ખૂલતાં કારેલીબાગના પીઆઈ ડી વી બલદાનાએ મકાન માલિક ધર્મિન રજનીકાન્ત પટેલની ફરિયાદ નોંધી કાર્યવાહી કરી હતી.

## વલસાડમાં માત્ર 10 સેકન્ડમાં જ યુવકે જીવ ગુમાવ્યો...

# વલસાડમાં લોખંડનો પાઈપ ઈલેક્ટ્રિક વાયરને અડી જતા જોરદાર કરંટ લાગ્યો, યુવક ત્યાં જ ઢળી પડ્યો

વલસાડ | વલસાડની કેરી માર્કેટ પાસે પટેલ ટાયર નામની દુકાન છે. જેમાં પંચર કામ કરતા 35 વર્ષીય યુવાનનું ગતરોજ સાંજે કરંટ લાગવાથી મોત નીપજ્યું હતું. જીવંત ઈલેક્ટ્રિક વાયર અડી જતા યુવક ત્યાં જ જમીન પર ઢળી પડ્યો હતો. જેથી આજુબાજુના દુકાનદારો દોડી આવ્યા હતા. 108ની ટીમને જાણ થતાં તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી યુવકને ચેક કરતા, કરંટ લાગવાથી યુવકનું મોત નીપજ્યું હોવાનું જણાવ્યું હતું. આ સમગ્ર ઘટના CCTVમાં પણ કેદ થઈ છે.

વલસાડની કેરી માર્કેટ પાસે આવેલી પટેલ સાઈકલ નામની દુકાનમાં 35 વર્ષીય સુરેશ રાજપૂત પંચર બનાવવાનું કામ કરતો હતો. ગતરોજ સાંજે તે પોતાનું કામ કરી રહ્યો હતો તે દરમિયાન લોખંડનો પાઈપ લઈને તે ત્યાં આવેલી સ્વિચ સરખી કરવા ગયો હતો. ત્યારે અચાનક ઉપરથી પસાર થતા જીવંત ઈલેક્ટ્રિક વાયરને લોખંડનો પાઈપ અડી જતા, સુરેશને જોરદાર કરંટ લાગ્યો હતો અને તે તરત જ જમીન ઉપર ઢળી પડ્યો હતો.

આ ઘટનાની જાણ થતા આજુબાજુના દુકાનદારો દોડી આવ્યા હતા, અને 108ને બોલાવી હતી. 108ની ટીમે ઘટના સ્થળે પહોંચી યુવકને ચેક કરતા, યુવકનું કરંટ લાગવાથી મોત નીપજ્યું હોવાનું જણાવ્યું હતું. ઘટનાની જાણ સિટી પોલીસની ટીમને થતા, સિટી પોલીસે ઘટના સ્થળે પહોંચી લાશનો કબજો લઈ, લાશને PM માટે મોકલી આપી હતી. સમગ્ર ઘટના નજીકમાં લાગેલા CCTVમાં કેદ થઈ હતી. વલસાડ સિટી પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પંચરનું કામ કરી રહેલો યુવક લોખંડનો પાઈપ લઈને જઈ રહ્યો હતો ત્યારે અચાનક લોખંડનો



પાઈપ ઉપરથી પસાર થઈ રહેલા ઈલેક્ટ્રિક વાયરને અડી જતા જોરદાર કરંટ લાગ્યો હતો. યુવક ત્યા ચોંટી ગયો હતો અને થોડીવારમાં જ જમીન ઉપર ઢળી પડ્યો હતો. ઘટનાની જાણ થતાં જ આજુબાજુના દુકાનદારો તાત્કાલિક યુવકની મદદ કરવા પહોંચી ગયા હતા. એક-બે દુકાનદાર લાકડી લઈને આવીને યુવકને બચાવવાનો પ્રયાસ કર્યો હતો પણ તે પહેલાં જ યુવક ઢળી પડ્યો હતો. માત્ર 10થી 12 સેકન્ડમાં જ યુવકે જીવ ગુમાવી દીધો હતો. 108ની ટીમ પહોંચે તે પહેલાં તો યુવકનું મોત થઈ ગયું હતું. સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

# પાલિકામાં સુરક્ષા કર્મીઓની ડબલ ડ્યુટી બીજે પણ નોકરી કરનારા 142 ઝડપાયા

સુરત | પાલિકાના મુગલીસરા મુખ્યાલયની સાથે વિવિધ 8 ઝોનની વહીવટી કચેરી તથા કચેરી હદ વિસ્તારમાં આવતા બાગ-બગીચા અને BRTSમાં કાર્યરત કુલ 10 સિક્યુરિટી એજન્સીઓના 142 કર્મીઓ એક કરતાં વધુ શિફ્ટની ગેરકાયદે નોકરી કરતા તપાસમાં આબાદ પકડાયા છે. સુરક્ષા ગાર્ડ પાસે 8 કલાકથી વધુ નોકરી ન કરાવવાની ટેન્ડરમાં શરત છે.જોકે, નિયત સંખ્યામાં ગાર્ડ હાજર રહેતા ન હોવાની સ્થિતિમાં અગાઉ પણ એક કર્મી પાસે 8-8 કલાકની 2 શિફ્ટ મુજબ કામ લેવાતું હોવાની ફરિયાદ ઊઠી હતી. આ ગંભીર બેદરકારીમાં પાલિકાએ તમામ નિયુક્ત 10 એજન્સીઓને 142 ગાર્ડને પકડ્યા બાદ નોટિસ ફટકારવાની સાથે કુલ 5.78 લાખની પેનલ્ટી પણ ફટકારી હતી.પાલિકા સુત્રોએ કહ્યું કે, વિવિધ કચેરી અને મિલકતોની સુરક્ષા માટે નક્કી પોઈન્ટ પર નિયત સંખ્યામાં સિક્યુરિટી ગાર્ડ ફાળવવા આશરે 30 કરોડ રૂપિયાના ખર્ચના ટેન્ડર સોંપાયા હતાં. એજન્સીઓને 50-50 હજારની પેનલ્ટી પણ ફટકારાઈ હતી. છતા સ્થિતિ 'જૈસે થે' જ રહેતાં પાલિકાના ચીફ સિક્યુરિટી ઓફિસર જાગૃત નાયકે સાથે વિવિધ પોઈન્ટ પર દરોડા કાર્યવાહી કરી હતી. અગાઉ એજન્સીધારકોને ડબલ ડ્યુટી અંગે કડક ચેતવણી અપાઈ હતી. જોકે, નિયમ પાલનમાં બેદરકાર એજન્સીઓ સામે ટર્મિનેટ સુધીના પગલાં ભરવાની



રણનીતિ અપનાવાઈ છે. ગાર્ડ ફરજ પર ઊંઘ કાઢે છે. તે પાલિકાને આર્થિક નુકસાની અને ફરજમાં ગંભીર ચૂક હોવાથી જવાબદારો સામે કાર્યવાહી કરાશે.

ગાર્ડ પકડાયા બાદ તપાસમાં સામે આવ્યું કે, માથાઓ ગણવા ટેન્ડર નિયમ વિરૂદ્ધ 58 વર્ષથી વધુ વય ધરાવતા વૃદ્ધોને 8 કલાક ઊભા રહેવાની જવાબદારી સોંપાય છે. અમુક સ્થળે જડબેસલાક પોઈન્ટ હોવા 58 વર્ષથી વધુ વયના ગાર્ડ ફરજમાં ફિટ સાબિત થયા ન હતાં. પાલિકાએ તમામ એજન્સીઓને નોટિસ ફટકારી 58 વર્ષથી વધુ ધરાવતા ગાર્ડની યાદી રજૂ કરવા સૂચના આપી છે. પાલિકા યાદી મળતાં કાર્યવાહી કરશે અને નિયત કરતાં વધુ વયના ગાર્ડને તાકીદે છુટા કરશે તેવો પણ ફરમાન જારી કર્યો હતો.

# લવાલ ખાંધલી રોડ પર સ્લીપ થયેલા બાઈક ચાલકનું મોત



(એજન્સી) નડિયાદ | વસો તાલુકામાં લવાલ ખાંધલી જવાના રોડ ઉપર અચાનક વાનર આવતા બ્રેક મારતા બાઈક સ્લીપ ખાઈ ગઈ હતી. જેથી ગંભીર રીતે ઈજા પામેલા બાઈક ચાલકનું લાંબી સારવાર બાદ વડોદરા સયાજી હોસ્પિટલમાં મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે માતર પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. વસો તાલુકાના ખાંધલીમાં રહેતા શૈલેષભાઈ ગોવિંદભાઈ પરમાર તા.૭/૩/૨૪ના રોજ લવાલ ગામે સુથારી કામની મજૂરીએ ગયા હતા. તેઓ મોટર સાયકલ લઈ લવાલથી ખાંધલી આવી રહ્યા હતા, ત્યારે અચાનક ખેતરમાંથી વાનર રોડ ઉપર આવતા બ્રેક મારતા બાઈક સ્લીપ થઈ ગઈ હતી. જેથી તેમને તુરંત જ સારવાર માટે ખેડા સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લઈ જતા બ્રેઈન હેમરેજ થયાનું જણાવ્યું હતું. ત્યાંથી વધુ સારવાર અર્થે ઈજાગ્રસ્તને વડોદરા સયાજી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ગઈકાલે મંગળવારે સાંજે શૈલેષભાઈ સુથારનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

### ગરીબ દર્દીઓને અન્યત્ર જવાની ફરજ પડતી હોય લોકોમાં કચવાટ

# ખાંભા મથકની એકમાત્ર સરકારી હોસ્પિટલમાં તબીબી સાધનોના અભાવે ભારે હાલાકી

(એજન્સી) રાજુલા | તા.28


આરોગ્ય ખાતાની ઉદાસીનતાને લઈને ગ્રામજનોમાં તંત્રવાહકો સામે પ્રબળ કચવાટ વ્યાપેલ છે. ખાંભા ખાતે આવેલ તાલુકાની એકમાત્ર સરકારી હોસ્પિટલ ખાતે ૨૦૦૫ બાદ ફિઝિયોથેરાપિસ્ટ ડોક્ટરની નિમણુક થવા પામેલ છે.

પરંતુ હોસ્પિટલમાં ફિજીયોથેરાપિસ્ટના સારવાર માટેના જરૂરી સાધનો ન હોવાથી છાસવારે સર્જાતા અકસ્માતના બનાવો, ગોઠણ,કમર અને સાંધાનો દુઃખાવો ધરાવતા અને મણકાની, સાયટીકાની તકલીફ ધરાવતા દર્દીઓ માટે ઉપયોગી આવશ્યક સાધનો ન હોવાથી જરૂરી સારવાર મળતી ન હોવાથી દર્દી નારાયણો ભારે હાલાકીમાં મૂકાઈ રહ્યા છે. ખાંભાના સામૂહિક આરોગ્ય કેન્દ્રમ ડાયાથમી (ઈન્ટર ફેરેન્સિયલ થેરાપીટેન્સ ), રબર સ્ટેસન, અલ્ટ્રા સાઉન્ડ મસલ સ્ટીમુલેટર બૅસ, સ્ટેન્ડ, બેગ ૫૦૦ ગ્રામ, ૧,૨,૩ કિલો, બે કિલો, ડમ્બલ, ફીગર, ગ્રીપર જેલ,હેન્ડ કીપલ જેલ, એક્સલ બોલ સ્ટોલ, પેરાબેટર સોલ્ડર , શોલ્ડર ટવીકલ સ્ટીકર, સાયકલ, જેવા ઈન્સ્ટ્મેન્ટ ન હોવાથી દર્દીઓને જરૂરી સારવાર ઘરઆંગણે મળતી ન હોવાથી ગંભીર પ્રકારના દર્દીઓને ફરજીયાતપણે ખાનગી વાહનોમાં ઉંચા ભાડા ચૂકવીને ઉના, સાવરકુંડલા અને રાજુલા સહિતના સેન્ટરોમાં ઉંચા ટિકિટ ભાડા ખર્ચીને સરકારી કે ખાનગી ફિઝીયોથેરાપીસ્ટ ડોક્ટર પાસે સારવાર લેવાની ફરજ પડે છે. વર્ષ ૨૦૦૫ સુધી ખાંભાના કેન્દ્રમાં ફિઝિયોલોજી ડોક્ટર હતા.



**દર્દીઓને જરૂરી સારવાર ઘરઆંગણે મળતી ન હોવાથી ગંભીર પ્રકારના દર્દીઓને ફરજીયાતપણે ખાનગી વાહનોમાં ઉંચા ભાડા ચૂકવીને ઉના, સાવરકુંડલા અને રાજુલા સહિતના સેન્ટરોમાં ઉંચા ટિકિટ ભાડા ખર્ચીને સરકારી કે ખાનગી ફિઝીયોથેરાપીસ્ટ ડોક્ટર પાસે સારવાર લેવાની ફરજ પડે છે**

ત્યારે જરૂરી સારવારના સંપૂર્ણ સાધનો ઉપલબ્ધ હતા જે ડોક્ટરની બદલી થતાં હાલ ૧૫ વર્ષના સમયગાળામાં સંપૂર્ણ સાધનો ગુમ થયા હોય તેવી રાવ ઉઠવા પામેલ છે. આથી આ આરોગ્ય કેન્દ્રમાં ફિઝિયોથેરાપિસ્ટના સારવારના સાધનો ફાળવવા બાબતે સરપંચ રીનાબેન બાબાભાઈ ખુમાણએ મુખ્યમંત્રીને લેખિતમાં રજૂઆત કરી આ પંથકના ગરીબ દર્દીઓ માટે ઉપરોક્ત સાધનોનો ફાળવવામાં આવે તેવી માંગ ઉઠાવી છે.



## કિચનવેરના ધંધાર્થીનો ગળાફાંસો ખાઇ આપઘાત

રાજકોટ | તા. 28

ઈન્દીરાનગર-૩માં રહેતા મયુરે આજે સવારે ઘરે ઉપરના માળે છતના એંગલમાં ચૂંદડી બાંધી ગળાફાંસો ખાઇ લીધો હતો. પરિવારજનોને જાણ થતાં ૧૦૮ને જાણ કરાઇ હતી. જેના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. મૃતક બે ભાઇમાં નાનો અને અપરણીત હતો. સંભવતઃ આર્થિક ભીંસના કારણે પગલું ભર્યાનું હાલ ભકિતનગર પોલીસનું અનુમાન છે. તપાસ જારી રાખી છે. મોરબી રોડ પર ૪૦ ફૂટ મેઇન રોડ પર ન્યુ જલારામ સોસાયટીમાં રહેતાં રોહિત જીતુભાઇ નિમાવત (ઉ.વ. ૨૪)એ ગઇકાલે રેલનગરના છત્રપતિ શિવાજી ટાઉનશીપમાં તેના ભાઇના ઘરે હતો ત્યારે ઝેરી પાવડર પી લેતા સિવિલમાં ખસેડાયો હતો. જ્યાં તેનું મૃત્યુ નિપજ્યું હતું. છૂટક મજુરી કરતા મૃતકે આર્થિક ભીંસના કારણે પગલું ભર્યાની શકયતા છે.

### 13,693 85વર્ષથી વધુ વયના તથા 13,743 દિવ્યાંગ મતદારો મતદાન કરશે

# આણંદ જિલ્લામાં 18 થી 19 વર્ષના 38,447 મતદારો મતદાન કરશે

(એજન્સી)આણંદ | તા.28



લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪નું મતદાન સમગ્ર રાજ્યમાં ત્રીજા તબક્કામાં તા.૭મી મે ના રોજ યોજાનાર છે, તેની સાથે જ આણંદ જિલ્લામાં પણ લોકસભા સામાન્ય ચૂંટણી અને ૧૦૮-ખંભાત વિધાનસભાની પેટા ચૂંટણી પણ યોજાશે. આ ચૂંટણીમાં ૧૮ થી ૧૯ વર્ષની વય ધરાવતા ખંભાત વિધાનસભામાં ૪૯૦૫, બોરસદ વિધાનસભામાં ૫૮૧૭, આંકલાવ વિધાનસભામાં ૫૬૦૧, ઉમરેઠ વિધાનસભામાં ૫૫૮૭, આણંદ વિધાનસભામાં ૫૩૬૧, પેટલાદ વિધાનસભામાં ૬૧૮૩ અને સોજિત્રા વિધાનસભામાં ૪૯૯૩ મળીને કુલ ૩૮,૪૪૭ યુવા મતદારો મતદાનમાં સહભાગી બનનાર છે.૮૫ વર્ષથી વધુ વય ધરાવતા મતદારોમાં સમગ્ર જિલ્લામાં ૧૩,૬૯૩ મતદારો મતદાન કરશે. જેમાં ખંભાત વિધાનસભામાં ૧૮૫૦, બોરસદ વિધાનસભામાં ૧૯૬૦, આંકલાવ વિધાનસભામાં ૧૬૨૧, ઉમરેઠ વિધાનસભામાં ૨૩૬૬, આણંદ વિધાનસભામાં ૨૯૧૫, પેટલાદ વિધાનસભામાં ૧૪૮૪ અને સોજિત્રા વિધાનસભામાં ૧૪૯૭ મતદારો કે જેઓ ૮૫ વર્ષથી વધુની વયના છે તેઓ મતદાનમાં સહભાગી બનશે.સમગ્ર આણંદ જિલ્લામાં કુલ-૧૩,૭૪૩ દિવ્યાંગ મતદારો મતદાન કરશે. જેમાં ખંભાત વિધાનસભામાં ૧૭૫૧, બોરસદ વિધાનસભામાં ૧૯૯૪, આંકલાવ વિધાનસભામાં ૧૭૫૩, ઉમરેઠ વિધાનસભામાં ૧૯૫૭, આણંદ વિધાનસભામાં ૨૨૬૮, પેટલાદ વિધાનસભામાં ૨૦૯૮ અને સોજિત્રા વિધાનસભામાં ૧૯૨૨ મતદારો કે જેઓ દિવ્યાંગમતદારો છે, તેઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

## ઠાસરામાં ચૂંટણીની તાલિમ વખતે હાર્ટએટેકના લીધે આચાર્યનું મોત

(એજન્સી) ડાકોર : ઠાસરાની હાઈસ્કૂલમાં ચૂંટણીની કામગીરીની તાલિમ વખતે ઉ.બુ. હાઈસ્કૂલના પ્રિન્સિપાલ અને રખિયાલની શાળાના સ્થળ સંચાલકનું હૃદય રોગના હુમલાથી મૃત્યુ થયું હતું. ઉનાળાના હિટવેવમાં પેપર ચકાસણી અને લોકસભાની ચૂંટણીની કામગીરી એકસાથે કરાવવા સામે ઉચ્ચતર બુનિયાદી સહિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકોએ વિરોધ વચ્ચે લોકસભાની ચૂંટણીની કામગીરીની તાલીમ માટે ઠાસરા પ્રાંત અધિકારીએ ઠાસરા ધી જે.એમ. દેસાઈ હાઈસ્કૂલમાં મિટિંગ બોલાવી હતી. જ્યાં સામરખાના રહેવાસી અને સૈયાત ઉચ્ચતર બુનિયાદી હાઈસ્કૂલના પ્રિન્સિપાલ પિનાકિનભાઈ મેકવાનને રખિયાલ ખાતે આવેલી શાળાના સ્થળ સંચાલક તરીકે તા. ૨૬/૨/૨૦૨૪થી ફરજ સોંપવામાં આવી છે. ત્યારે તેઓ પણ આ ચૂંટણીની કામગીરીની તાલિમ માટે હાજર હતા. ચૂંટણી પ્રિસાઈડિંગની તાલીમ દરમિયાન બપોરે શિક્ષક પિનાકિનભાઈને અચાનક છાતીમાં દુઃખાવો ઉપડયો હતો. ત્યારે ૧૦૮ એમ્બ્યૂલન્સ મારફતે તેમને ઠાસરા સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

### આક્રમક બનેલી સિંહણે લુણસાપુર ગામની ઉંઘ હરામ કરી હતી

# ખુંખાર સિંહણનો રાત્રે સિક્યુરીટી ગાર્ડ, સવારે 3 વન કર્મી પર હુમલો

(એજન્સી) રાજુલા | તા. 28

ગીરથી નજીકનો વિસ્તાર એટલે અમરેલી જાફરાબાદ ગઇકાલે લુણસાપુર ગામે આવી ચડેલ સિંહણે પ્રથમ એક કંપનીના સિક્યુરીટી ગાર્ડ પર હુમલો કર્યો હતો જેની જાણ થતા વન વિભાગે પણ સિંહણને પકડવા કશ્મકશ હાથ ધરી હતી. દરમિયાન ભુરાઇ થયેલ સિંહણે વન વિભાગના ત્રણ કર્મચારી ઉપર પણ હુમલો કરી ઈજાઓ પહોંચાડી હતી. જો કે, જાનના જોખમે વન કર્મીઓ અને ડોક્ટરે સિંહણને ટ્રન્ક્યુલાઈઝ કરવામાં સફળતા મળી હતી અને સવારે બે કલાકની જહેમત બાદ આ સિંહણને પાંજરે પુરવામાં આવતા લોકોએ અને વન તંત્રએ રાહતનો દમ લીધો હતો. રાની પશુઓનો આવરો-જાવરો અને મારણના બનાવો નિયમિત બનતા હોય છે. પરંતુ અમરેલીમાં બનેલા સિંહણના હુમલાની ઘટનાએ ચકચાર મચાવી છે. જાફરાબાદ તાલુકાના લુણસાપુર ગામ નજીક આવેલ ખાનગી કંપનીના સિક્યુરીટી ગાર્ડ પર મોડી રાત્રે આવી ચડેલી સિંહણે હુમલો કર્યો હતો. દેકારો થતા સિંહણ ત્યાંથી નાસી છુટી હતી. જ્યારે સવાર મિતીયાળા વિસ્તારમાં પણ આજ સિંહણ જાણે હુમલો કરવા રઘવાઇ બની હોય તેમ દોડધામ કરતી હતી. બનાવ અંગે વન વિભાગને જાણ કરાતા જાફરાબાદ રાજુલા વન વિભાગનો મોટો કાફલો સ્થળ પર આવી પહોંચ્યો હતો. પ્રથમ બે ટ્રેકરો સિંહણની મુવમેન્ટ ચેક કરવા આગળ ગયા હતા પરંતુ છુપાઈ બેસેલી સિંહણે આ બન્ને ટ્રેકરો ઉપર હુમલો કરી પંજા વડે ઈજા પહોંચાડી હતી. બનાવ વધુ પેચીદો બનતા અન્ય વન કર્મીઓને બોલાવી લીધા અને મોટો કાફલાએ સિંહણને પકડવા ઘેરાવ કર્યો હતો. દરમિયાન સિંહણ વધુ આક્રમક બની હતી અને વન વિભાગની ગાડી ઉપર ચડી ગઇ હતી. દરમિયાન ડોક્ટર ટીમે સિંહણને ઈન્જેક્શન મારવા પ્રયાસ કરતા સિંહણે ગાડીની અંદર ઘુસી ડ્રાઈવર પર હુમલો કરી બહાર ખેંચ્યો હતો જેમાં આ ડ્રાઈવર પણ ઈજાગ્રસ્ત બન્યો હતો. આ ઘટના બાદ વન વિભાગ ચિંતામાં મુકાઇ જવા પામ્યું હતું. પરંતુ સમગ્ર ઘટનાને મેગા ઓપરેશનનું નામ આપી વન વિભાગના અન્ય કર્મચારીઓએ જીવના જોખમે હિંમત દાખવી નજીક પહોંચી ઈન્જેક્શન વડે ટક્યુલાઈઝ કરી રઘવાઇ બનેલ સિંહણને બેભાન કરી દીધી હતી અને પાંજરે પુરી દેવામાં આવી હતી.

**સિંહણને કોઇ બીમારી અથવા તકલીફ હોવાનું પ્રાથમિક તારણ**

પાલિતાણા શેત્રુંજી ડિવિઝન ઈન્ચાર્જ એસીએફ જી.એલ. વાઘેલાએ જણાવ્યું હતું કે, કુલ ચાર વ્યક્તિ ઉપર હુમલો કર્યો હતો અને સિંહણનું આવું વર્તન કોઇ બીમારી કે કોઇ તકલીફ હોય તેવું પણ લાગી રહ્યું છે. જો કે, સિંહણને સ્ટાફે ભારે જહેમત બાદ બેભાન કરી દીધી છે અને હાલ સારવારમાં છે. સેમ્પલ લઈ તેના એનાલીસીસ બાદ સિંહણનું આવા વર્તનનું કારણ જાણી શકાય.

### યુવતીએ પ્રેમલગ્ન કરતા માતા-પિતાએ ગોંધી રાખી ભૂવા પાસે દોરા-ધાગા કરાવ્યા હતા

# ખંભાતમાં ગોંધી રાખેલી પરીણિતાના વ્હારે 181 અભયમની ટીમ આવી

(એજન્સી) આણંદ | તા. 28


ખંભાતની યુવતીએ પ્રેમલગ્ન કર્યા હોવાથી અને તેણી ગર્ભવતી હોવા છતાં પરીણિતાને પિયરમાં તેણીના માતા-પિતાએ ઘરમાં પુરી રાખી ભૂવા પાસે દોરા-ધાગા કરાવતા પરીણિતાએ ૧૮૧ નંબર ઉપર અભયમ્ની મદદ માંગી હતી. અભયમ્ની ટીમે પરીણિતા તથા તેણીના માતા-પિતા સાથે કાઉન્સેલિંગ કરી પરીણિતાને ખંભાત પોલીસના હવાલે કરી હતી. ખંભાતની એક યુવતીએ લગભગ એક વર્ષ પૂર્વે ખંભાતના એક યુવક સાથે પ્રેમલગ્ન કર્યા હતા. થોડા માસ પૂર્વે પરીણિતા ગર્ભવતી બની હતી. દરમિયાન તેણીની માતાએ અવારનવાર ય્તેણીનો ફોન ઉપર સંપર્ક કરતા પરીણિતા પીયરમાં ગઈ હતી. જો કે બાદમાં તેણી પરત ન ફરતા પરીણિતાની સાસુને કંઈક અજુગતુ લાગ્યું હતું. જેથી સાસુએ ૧૮૧ નંબર ઉપર અભયમ ટીમની મદદ માંગી હતી. જ્યાં અભયમ્ની ટીમે યુવતીનો સંપર્ક કરી પૂછપરછ કરતા કોઈ પ્રોબ્લેમ ન હોવાનું પરીણિતાએ સૌપ્રથમ જણાવ્યું હતું.

જેથી અભયમ્ની ટીમ ત્યાંથી રવાના થઈ હતી. જો કે બાદમાં બે દિવસ પછી આણંદ ખાતેના સેન્ટર ઉપર પરીણિતાના સતત મીસ્ડકોલ આવતા હતા. જેથી અભયમ્ની ટીમ ફરીથી પરીણિતાના પિયરે પહોંચી હતી. જ્યાં પરીણિતા સાથે કાઉન્સેલિંગ કરતા જાણવા મળ્યું હતું કે, તેણીને તેની માતાએ પિયરમાં બોલાવી હતી પરંતુ બે દિવસથી માતા-પિતાએ તેણીને ઘરમાં પુરી રાખી હતી અને ત્રીજા દિવસે પરીણિતા તેના પતિને ભૂલી જાય તે માટે ભૂવાને બોલાવતા તેણી ગભરાઈ ગઈ હતી અને અવારનવાર અભયમ્ની ટીમને મિસ્ડકોલ કરતી હતી.

### તળાવમાં ડૂબીને મૃત્યુ પામવાનો સિલસિલો યથાવત્

# વૈડપ ગામે તળાવમાં નહાવા પડેલા યુવાનનું ડૂબી જતા મોત

(એજન્સી) ઠાસરા | તા. 28



ગળતેશ્વર તાલુકાના વૈડપ ગામે બનેવીના ઘરે હોળી- ધૂળેટી પર્વે બહેન- બનેવીને મળવા આવેલા બાયડના ઈન્દ્રાણ ગામના સાળાનું મોટા તળાવમાં ડૂબી જવાથી મોત થયું હતું. તેઓ બુધવારે બપોરે તેમના વતને પાછા જવાના હતા તે પહેલા તળાવમાં નહાવા ગયા હતા ત્યારે ચીકણી માટીમાં ગરકાવ થઈ જવાના લીધે ડૂબી ગયા હતા. ખેડા જિલ્લાના ગર્લતેશ્વર તાલુકાના છેવાડાના ગામ બૈડપ ગામે બુધવારે સવારે ગામ નજીક આવેલા મોટા તળાવમાં અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના સુરેશભાઈ જ્હોરાભાઈ સોલંકી (ઉં.વ. આશરે ૪૦) નહાવા પડયો હતો. ત્યારે તે તળાવની ચીકણી માટીમાં પેસી જતા પાણીમાં ડૂબી જવાથી તેનું મોત થયું હતું. મૃતક સુરેશભાઈ બે દિવસ પેહલા તેમના વતન ઈન્દ્રાણથી બૈડપ તેમના બનેવી નટવરભાઈ ગુલાબભાઈ પરમારના ઘરે બહેન- બનેવીને મળવા અને હોળી- ધૂળેટી કરવા આવેલા હતા. અને આજે બુધવારે બપોરે તેમના વતને પાછા જવાના હતા તેવી માહિતી બૈડપ ગામના સરપંચે આપી હતી. તળાવમાં વ્યક્તિ ડૂબ્યાની વાત વાયુવેગે પ્રસરતા ટોળા ઉમટયા હતા. સ્થાનિક તરવૈયાઓની મદદથી મૃતદેહને બહાર કઢાયો હતો. ત્યારે ઘટનાની જાણ થતા નાના ગામ બૈડપ અને મૃતકના વતન ઈનરૈણ ગામમાં શોકનું વાતાવરણ છવાઈ ગયું હતું. સેવાલિયા પોલીસ મૃતદેહને પીએમ માટે લઇ જઈ તપાસ કરી રહી છે.


## એક જ દિવસમાં 701 શહેરીજનોએ રૂા. 1.63 કરોડનો મિલ્કત વેરો ભર્યો

(એજન્સી) ભાવનગર | ભાવનગરમાં આજે ૧ દિવસમાં ૭૦૧ આસામી દ્વારા ૧.૬૩ કરોડનો મિલકત વેરો ભરપાઈ કરાયો હતો. ૩૧મી માર્ચ સુધી રજાઓના દિવસો સહિત રીકવરી ઝુંબેશ શરૂ રહેશે અને કેશબારીઓ પણ કાર્યરત રહેશે. ભાવનગર મહાપાલિકાના ઘરવેરા વિભાગની કાર્પેટ એરિયા કર પદ્ધતિમાં બાકીવેરો ધરાવતા કરદાતાઓ પાસેથી વેરા વસુલાત કરવા અંગે ભાવનગર મહાપાલિકાના ઘરવેરા તથા રીકવરી વિભાગના તમામ સ્ટાફ દ્વારા સંયુક્ત રીતે જપ્તિ ઝુંબેશ શરૂ છે. આજે કુલ ૭૦૧ આસામી દ્વારા કુલ ૧.૬૩ કરોડ રૂપિયાનો મિલકત વેરો ભરપાઈ કરવામાં આવેલ છે. ચાલુ માસ માર્ચ દરમિયાન ૫,૦૨૨ આસામી પાસેથી કુલ ૧૬.૧૨ કરોડ રૂપિયાનો વેરો વસુલવામાં આવેલ છે. વધુમાં ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ઘરવેરાની કાર્પેટ પદ્ધતિમાં આકર્ષક વન ટાઇમ સેટલમેન્ટ સ્કીમ જાહેર કરાયેલ છે. જે અંતર્ગત જે-તે તારીખ સુધી ચડત વ્યાજ સાથે ચાલુ વર્ષની રકમ અને પાછલા બાકી રકમના પ્રતિ વર્ષ ૨૦ ટકા રકમ સાથે પ્રથમ હપ્તો તા. ૩૧-૩-૨૦૨૪ સુધીમાં ભરી પછીના ચાર વર્ષોમાં દરેક વર્ષનો હપ્તો જે-તે વર્ષની રીબેટ યોજનાના સમયગાળા સુધીમાં ભરપાઈ કરવાનો રહેશે. આમ સળંગ પાંચ વર્ષ સુધી આ રીતે વેરો ભરી ચડત વ્યાજમાંથી મુક્ત થવા મહાપાલિકા દ્વારા અનુરોધ કરાયો છે. આગામી તા. ૨૮-૩થી તા.૩૧-૩ સુધી રજાઓના દિવસો સહિત રીકવરી ઝુંબેશ શરૂ રહેનાર હોઇ તથા દંડાત્મક કાર્યવાહીના ભાગરૂપે સ્થાવર તથા જંગમ મિલકતો જેવી કે કાર, સ્કૂટર, ટીવી, ફ્રીઝ વગેરે જપ્ત કરવામાં આવનાર છે.


## કચ્છ બેઠક 1952થી ભાજપે આઠ અને કોંગ્રેસે સાત વખત જીતી છે

(એજન્સી) ભુજ | સમગ્ર દેશમાં વિસ્તારની દ્રષ્ટિએ સૌથી મોટી બેઠક કચ્છ બેઠક છેલ્લા અઢી દાયકાથી ભાજપનો ગઢ રહી છે. પરંતુ, એ પહેલાં કોંગ્રેસ સાત વખત અને ભાજપે આઠ વખત જીત મેળવી છે. ગુજરાતની ૨૬ બેઠકો પૈકી કચ્છની બેઠક ક્રમ પ્રમાણે પહેલી છે. આ બેઠક પરાથી ભાજપમાં ચૂંટણી લડી રહેલા ચાવડા છેલ્લા બે ટર્માથી સાંસદ તરીકે ચૂંટાયા છે. ભાજપે તેમના પર ત્રીજી વખત વિશ્વાસ મૂક્યો છે. લોકસભાની ચૂંટણીની જાહેરાત થાય એ પહેલા જ ભાજપે વર્તમાન સાંસદને ઉમેદવાર તરીકે જાહેર કર્યા હતા. જયારે કોંગ્રેસે નવા જ ચહેરા તરીકે નીતેશ લાલન(માતંગ) ની પસંદગી કરી ટિકિટ આપી છે. કચ્છ બેઠકના ઇતિહાસની વાત કરીએ તો આ બેઠક પર પહેલી વખત ૧૯૫૨માં લોકસભાની સામાન્ય ચૂંટણી યોજાઇ હતી. જેમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ગુલાબશંકર ધોળકીયા સાંસદ તરીકે ચૂંટાઇ આવ્યા હતા. કચ્છ બેઠક વર્ષ ૧૯૯૬થી ભાજપના કબ્જામાં છે.૨૦૦૯માં પુનમબેન જાટ વિજેતા થયા હતા.૨૦૧૪માં કોંગ્રેસના ઉમેદવાર દિનેશ પરમારને હરાવી અને ૨૦૧૯માં કોંગ્રેસના ઉમેદવાર નરેશ મહેશ્વરીને હરાવીને ચાવડાએ બાજી મારી હતી. કચ્છ બેઠક પર માંડવી, ભુજ, અંજાર, ગાંધીધામ, અબડાસા અને રાપર તેમજ મોરબી બેઠકનો સમાવેશ થાય છે. આ બેઠક પર ક્ષત્રિય, દલિત, બ્રાહ્મણ, વણિક, લોહાણા, આહિર, રબારી અને ઓબીસી સમાજનું વર્ચસ્વ રહ્યું છે.


## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**
આજે તમે પરિવારના સભ્યો સાથે દિવસ પસાર કરી શકો છો. પરંતુ વ્યવસાય તરફ ધ્યાન આપવું એ તમારી પ્રાથમિકતા હોવી જોઈએ. જેથી તમે પૈસા મેળવી શકો.




**વૃષભ (બ,વ,ઉ)**
ધંધામાં નસીબ સાથ આપશે અને કાર્યક્ષેત્રમાં પ્રગતિ થશે તેમજ લાભ પણ મળશે. સામાજિક અને કાર્યક્ષેત્રમાં તમારું માન અને પ્રભાવ આજે વધવા જઈ રહ્યો છે.




**મિથુન (ક,છ,ઘ)**
આજે તમારી શક્તિ વધશે. તેમજ ધંધા અથવા કાર્યક્ષેત્રમાં કોઈ વિશેષ વ્યવસ્થા કે પરિવર્તન કરવાનો આજનો દિવસ રહેશે. દ્રષ્ટિકોણ આ દિવસમાં બદલાઈ શકે છે.




**કર્ક (ડ,હ)**
આજે તમે ધંધા કે કામ સંબંધિત પ્રવાસ કરી શકો છો. ઉપરાંત બધા કાર્ય તમારા દ્વારા પૂરા થશે. શુભ અથવા ધાર્મિક કાર્યો આજે પરિવારમાં થઈ શકે છે. કોઈ પણ ધાર્મિક સ્થળની મુલાકાત પણ લઈ શકો છો.




**સિંહ (મ,ટ)**
આજે તમને રાજ્ય તરફથી સન્માન અને સાંસારિક પ્રતિષ્ઠાથી મળશે. વેપારના ક્ષેત્રમાં નવા ભાગીદારો મળશે અને લાભ પ્રાપ્ત કરશો.




**કન્યા (પ,ઠ,ણ)**
આજે તમને કાર્યક્ષેત્ર અને ધંધામાં ભાગ્યનો સાથ મળી શકે છે. તમારા માટે શુભ સાબિત થશે. આજે તમે વેપારમાં સેવકો અને ભાગીદારો સાથે સારો તાલમેલ જાળવશો .




**તુલા (ર,ત)**
આજનો દિવસ તમારા ધંધા અને કાર્યમાં ભાગદોડ તેમજ વિશેષ ચિંતમાં વિતાવશો. તમે તમારા જીવનસાથીના સ્વાસ્થ્યની ચિંતા કરી શકો છો, તમારે તેમની સંભાળ લેવી પડશે.




**વૃશ્ચિક (ન,ય)**
આજે વેપાર અને કાર્યક્ષેત્રના સંબંધમાં તમે જે પણ નવા પ્રયત્નો કરો છો તેમાં તમને વિજય મળશે. આજે ઓફિસના કામમાં સુધારો કરવાની જરૂર છે, જે તમને સારા પરિણામ આપશે.




**ધન (ભ,ધ,ફ)**
કોઈ ચીજવસ્તુ ખરીદી શકો છો, જેમાં કેટલાક પૈસા પણ ખર્ચ થઈ શકે છે. સંતાન તરફથી કેટલાક સારા સમાચાર મળી શકે છે. જેના કારણે પરિવારમાં આનંદનો માહોલ રહેશે.



**મકર (ખ,જ)**
આજે તમને વ્યવસાય અને ક્ષેત્રમાં લાભથી સંતોષ મળશે. તેમજ આજે આનંદનો દિવસ રહેશે. આજે તમારા વ્યક્તિત્વમાં એક અલગ આકર્ષણ રહેશે અને લોકો તમારાથી પ્રભાવિત થશે.



**કુંભ (ગ,શ,સ)**
આજે તમારા મિત્રો અથવા સગા-સંબંધીઓ ઘણાં દિવસો સુધી રોકાવા તમારા ઘરે આવી શકે છે. તેમનું સન્માન કરવું તમારા માટે ફાયદાકારક રહેશે.



**મીન (દ,ચ,ઝ,થ)**
ધંધા અને કાર્યક્ષેત્રમાં અચાનક પૈસા મળવાના સંકેત છે. જે તમને આર્થિક શક્તિ આપશે. આજે તમારી જાતે વ્યવસાયિક સમસ્યાઓ ઉકેલવાનો પ્રયાસ કરો.

### મહિલા વંદન: દેશમાં પહેલી વાર મહિલા કેરગિવર ઈકોનોમી પર શ્વેતપત્ર તૈયાર...

# જીડીપીમાં 12% વધારવા 19 કરોડ ગૃહિણીને પેઇડ વર્કફોર્સમાં લવાશે

નવી દિલ્હી | કેન્દ્ર સરકાર મહિલાઓના નેતૃત્વ હેઠળનું અર્થતંત્ર તૈયાર કરવા માટે રોડમેપ બનાવી રહી છે. વર્કફોર્સમાં મહિલાઓની ભૂમિકાને લઈને તૈયાર શ્વેતપત્ર અનુસાર દેશમાં 47 કરોડ વયસ્ક મહિલાઓમાંથી 20% મહિલાઓ વર્કફોર્સમાં છે અને 80% મહિલાઓનું યોગદાન અનપેઈડ કેરગિવર તરીકે છે. એટલે તેઓ ઘરમાં વેતન વગર સંભાળમાં સક્રિય છે. સરકારનો પ્રયાસ છે કે આ 80%( 37 કરોડ)માંથી 50% મહિલાઓને વર્કફોર્સમાં સામેલ કરાય, જેથી જીડીપીમાં 12-14%ની વૃદ્ધિ થઈ શકે.

શ્વેતપત્ર તૈયાર કરવામાં અગ્રણી ભૂમિકા નિભાવનારા ફિક્કી લેડિઝ ઑર્ગેનાઈઝેશનનાં પ્રમુખ સુધા શિવકુમારે ભાસ્કરને જણાવ્યું કે અનપેઈડ કેરગિવરને સ્થાને સ્કિલ્ડ કેરગિવરને લવાશે. તેનાથી વર્કફોર્સમાં પ્રોફેશનલ મહિલાઓનું યોગદાન વધશે. ભારતમાં અનપેઈડ કેરવર્ક કુલ જીડીપીના 15% છે. ભારતમાં જીડીપીના 2% કેર ઈકોનોમી પર ખર્ચાય તો રોજગારીની 1.10 કરોડ તકનું સર્જન થશે.



### આ છે યોજના: કેર સેક્ટરને પ્રોત્સાહન, કંપનીઓને સબસિડી

- પેઈડ પેરેન્ટલ લિવ અપાય. તેનાથી બાળકોના વિકાસ ઉપરાંત કેર ઈકોનોમીને વેગ મળશે. મહિલાઓ કારકિર્દી પર ધ્યાન આપી શકશે.
- ભારતનું કેર સેક્ટર આંગણવાડી, નર્સ મિડવાઈફ પર નિર્ભર છે. તેની સંખ્યા અંદાજે 42 લાખ છે. તેને 50 લાખ સુધી લઈ જવાની જરૂર છે.
- બાળકો અને વૃદ્ધોની સંભાળ માટે ઉચ્ચ ગુણવત્તાની સુવિધાઓ અપાય. તેનાથી જીડીપીમાં 1% થી 4% સુધી યોગદાન થઈ શકે છે.
- કેર સેક્ટરને પ્રોત્સાહન આપવા માટે પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપને વેગ અપાય, જેથી તેના મારફતે ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓનું નિર્માણ કરી શકાય.

### કેર ઈકોનોમી આ માટે જરૂરી: વિશ્વમાં અનપેઈડ કેરવર્કમાં 60 કરોડથી વધુ મહિલાઓ

શ્વેતપત્ર અનુસાર, ભારત સહિત વિશ્વભરમાં ત્રણ ચતુર્થાંશ એટલે કે 60.60 કરોડ મહિલા અનપેઈડ કેરવર્કમાં છે. આથી તેઓ રોજગાર માટે સમય આપી શકતી નથી. ભારતમાં આવી 37 કરોડ મહિલા છે. વિશ્વમાં અનપેઈડ કેરવર્ક કુલ જીડીપીના 9% છે. ભારતમાં પેઈડ-અનપેઈડ મહિલા કેરગિવરનું અર્થતંત્રમાં યોગદાન 15% છે. જો તેમને શીખવવામાં આવે તો અર્થતંત્રમાં એટલું જ યોગદાન થશે. ફિક્કીના રિપોર્ટ અનુસાર વિકસિત દેશોમાં અનપેઈડ કેરગિવર મહિલાઓને સ્થાને સ્કિલ્ડ કેરગિવરને રાખવાનો ટ્રેન્ડ છે. અમેરિકા, જાપાન, ફ્રાન્સ, ઈટલી, સ્પેન જેવા દેશોમાં 80% મહિલાઓનું અર્થતંત્રમાં યોગદાન છે.

## વોલેટાલિટી વચ્ચે મ્યુ.ફંડોમાં રોકાણનો વધતો ક્રેઝ...

અમદાવાદ : ભારતીય શેરબજારમાં તાજેતરમાં આવેલ ખાનાખરાબીમાં પ્રત્યક્ષ રીતે રોકાણ કરતા નાના રોકાણકારો દૂર થયા છે પરંતુ મ્યુચ્યુઅલ ફંડ મારફતે કરતા રોકાણકારોનો ક્રેઝ અકબંધ રહ્યો છે. રસપ્રદ વાત એ છે કે એસઆઈપી તો રેકોર્ડ સ્તરે પહોંચી જ રહી છે પરંતુ હવે લમસમ એટલેકે એકસાથે કરવામાં આવતું રોકાણ પણ નવા શિખરસર કરી રહ્યું છે. ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ સ્કીમોએ છેલ્લા છ મહિનામાં એટલેકે ફેબ્રુઆરી ૨૦૨૪ સુધી રૂ. ૪૬,૨૦૦ કરોડનું લમસમ રોકાણ મેળવ્યું છે, જે અગાઉના છ મહિનામાં પ્રાપ્ત થયેલા રોકાણ કરતાં લગભગ ત્રણ ગણું છે. ફેબ્રુઆરીના જ એક મહિનામાં રોકાણકારોએ મ્યુચ્યુઅલ ફંડમાં લમસમ રોકાણ દ્વારા રૂ. ૧૧,૫૦૦ કરોડનું બમ્પર ઈન્વેસ્ટમેન્ટ કર્યું હતું. રોકાણનો આ આંકડો માર્ચ ૨૦૨૨ પછીનો સૌથી મોટો આંકડો છે તેમ એમ્ફીના ડેટામાંથી જાણવા મળ્યું છે. આજકાલના રોકાણકારો હવે ઈક્વિટી માર્કેટની સાથે-સાથે વ્યવસ્થિતિ મેનેજ્ડ ઈન્વેસ્ટમેન્ટ માટે અને ઓછા રિસ્ક સાથે રોકાણ કરવા ઈચ્છુક ઈન્વેસ્ટર્સ બજારની વધઘટનો ખાસ કરીને ઉપયોગ કરતા થયા છે અને બજારમાં દરેક મોટા ઘટાડે પૈસા ઠાલવી રહ્યાં છે. તાજેતરના મહિનાઓમાં ઈક્વિટી બજાર અસ્થિર બન્યું છે અને લાર્જકેપ ઈન્ડેક્સો કોન્સોલિડેશન મોડમાં છે. માર્કેટ રેગ્યુલેટર સેબીએ નાના શેરોમાં આવેલ તેજી અંગે ચેતવણી આપીને વેલ્યુએશન પર સવાલ કરતા મિડકેપ-સ્મોલકેપમાં ભારે ખાનાખરાબી જોવા મળી હતી. ૧૨ ફેબ્રુઆરીના એક જ સત્રમાં ઈન્ડેક્સ ૪ ટકાથી વધુ ઘટયો હતો.

જોકે લમસમની સાથે-સાથે એસઆઈપી દ્વારા નેટ રોકાણ પ્રમાણમાં સુસ્ત રહ્યું છે. સપ્ટેમ્બર ૨૦૨૩થી ફેબ્રુઆરી ૨૦૨૪ વચ્ચે એસઆઈપી રોકાણ રૂ. ૩૮,૨૧૦ કરોડ હતું, જે માર્ચ ૨૦૨૩થી ઓગસ્ટ ૨૦૨૩ના સમયગાળા કરતાં ૨૨ ટકા વધુ છે.

### આ પહેલથી સિક્યોરિટી માર્કેટની સમગ્ર ઈકોસિસ્ટમ વધુ મજબૂત બનશે

## ટ્રેડ સેટલમેન્ટ: BSE, NSE આજથી 25 સ્ટોક્સમાં ટી+0 ટ્રેડ સેટલમેન્ટ શરૂ કરશે

મુંબઈ | સ્ટોક એક્સચેન્જ BSE અને NSE આજથી કેટલાક ચુનંદા સ્ટોક્સમાં T+0ના બીટા વર્ઝન અથવા એક જ દિવસે ટ્રેડ સેટલમેન્ટ રજૂ કરશે. તે ઈક્વિટી કેશ માર્કેટમાં ટી+1 સેટલમેન્ટ સાઈકલ ઉપરાંત રહેશે. શરૂઆતમાં ટી+0 ટ્રેડ સેટલમેન્ટનો વિકલ્પ માત્ર 25 સ્ટોક્સ અને મર્યાદિત બ્રોકર્સ સાથે ઉપલબ્ધ રહેશે.

ટી+0 એટલે એ જ દિવસે ટ્રેડ સેટલમેન્ટ અને આ પગલાંથી ખર્ચ ઘટશે, કાર્યક્ષમતા વધશે, રોકાણકારો પાસેથી વસૂલાતા ચાર્જમાં પારદર્શિતા આવશે તેમજ ક્લિયરિંગ કોર્પોરેશન ખાતે રિસ્ક મેનેજમેન્ટ સિસ્ટમ અને સિક્યોરિટી માર્કેટની સમગ્ર ઈકોસિસ્ટમ વધુ મજબૂત બનશે. ટી+0 સેટલમેન્ટની પહેલ માત્ર માર્કેટની કામગીરીની અસકારકતા જ નહીં વધારે પરંતુ સાથે સાથે લેવડદેવડને લગતું જોખમ ઘટાડશે તેમજ વેપારીઓ અને રોકાણકારોને પણ વધુ મૂલ્ય પ્રદાન કરશે. સ્ટોક્સબોક્સના CEO વામસી ક્રિષ્નાએ જણાવ્યું હતું કે મર્યાદિત ટ્રેડિંગ વિન્ડો માટે આ પહેલ દેશના ટ્રેડિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વૈશ્વિક માપદંડો સાથે સુસંગત કરવા તરફ એક નોંધપાત્ર સિમાચિહ્ન છે.

BSEએ ટી+0 સેટલમેન્ટ સાઈકલ માટે 25 સ્ટોક્સની યાદી જાહેર કરી છે. જેમાં બજાજ ઓટો, વેદાંતા, હિન્દાલકો ઈન્ડસ્ટ્રીઝ, સ્ટેટ બેન્ક ઑફ ઈન્ડિયા, ટ્રેન્ટ, તાતા કોમ્યુનિકેશન્સ, નેસ્લે ઈન્ડિયા, સિપ્લા, એમઆરએફ, જેએસડબલ્યૂ સ્ટીલ, બીપીસીએલ, ઓએનજીસી, એનએમડીસી અને અંબુજા સીમેન્ટ્સ સામેલ છે.



પરિપત્ર અનુસાર, ટ્રેડિંગનો સમય સવારે 9.15 થી બપોરે 1.30 વાગ્યા સુધી રહેશે. ટી+1 સેટલમેન્ટ સાઈકલમાં લાગૂ પડતા સર્વેલન્સના પગલાં ટી+0 સેટલમેન્ટ સાઈકલમાં પણ લાગૂ પડશે. ઈન્ડેક્સની ગણતરી તેમજ સેટલમેન્ટની કિંમતની ગણતરીમાં ટી+0 સેટલમેન્ટની કિંમતોને ધ્યાનમાં લેવાશે નહીં.

## રિયલમીએ તેના એન્ટ્રી-લેવલ 5G કિલર-રિયલમી 12X 5Gનું અનાવરણ કર્યું




(એજન્સી) નવી દિલ્હી | ભારતની સૌથી વિશ્વસનીય સ્માર્ટફોન સેવા પ્રદાતા રિયલમીએ તેની પ્રતિષ્ઠિત ફ્લેગશિપ શ્રેણી, રિયલમી 12x 5Gમાં નવીનતમ ઉમેરો ગર્વપૂર્વક રજૂ કરે છે. આ અનાવરણ બ્રાન્ડની સફરમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે, જે તેના પુનઃજીવિત તેને વાસ્તવિક બનાવો નૈતિકતાનું પ્રતીક છે અને યુવા વસ્તી વિષયકની ગતિશીલ પસંદગીઓ સાથે ઊંડાણપૂર્વક સુસંગત છે. આ ડિવાઈસ ચોક્કસપણે સતત વિકસિત થતા સ્માર્ટફોન લેન્ડસ્કેપમાં ગેમ ચેન્જર તરીકે ઉભરી આવશે. તેની આક્રમક કિંમત નિર્ધારણ વ્યૂહરચના સાથે તે 10k-12k શ્રેણીમાં એન્ટ્રી- લેવલ કિલર બનવા માટે તૈયાર છે, જે હરીફો માટે સખત સ્પર્ધા પૂરી પાડે છે. એન્ટ્રી-લેવલ 5G કિલર" તરીકે, રિયલમી 12x 5G તેની સીમાઓને આગળ ધપાવે છે પરંતુ તેના 45W સુપરવોક ચાર્જ અને નવીન એર ગેસ્ચર કંટ્રોલ જેવી ટોચની-સ્તરની સુવિધાઓને વધુ સુલભ બનાવે છે. તેના મૂળમાં, તે મીડિયાટેક ડાયમેન્સિટી 6100+ 5G ચિપસેટ દ્વારા સંચાલિત છે, જે સીમલેસ કામગીરીની ખાતરી આપે છે. રિયલમી 12x 5G તેની કેટેગરીમાં ઉન્નત ઉપયોગીતા માટે તેની પ્રથમ પ્રકારની VC કૂલિંગ સિસ્ટમ સાથે અલગ પડે છે.

## બ્લુ ડાર્ટ રજૂ કરે છે ગિફ્ટ સિટી થી મહત્ત્વનાં મેટ્રો શહેરો સુધીની 20 કલાકની ડિલીવરી સર્વિસ

(એજન્સી) મુંબઈ | દક્ષિણ એશિયાની પ્રિમીયર એક્સ્પ્રેસ એર અને સુગ્રથિત ટ્રાન્સ્પોર્ટેશન અને ડિસ્ટ્રિબ્યુશન કંપની બ્લુ ડાર્ટે દેશના ઝડપી વિકાસ તથા ગ્રાહકોની વધી રહેલી માગને પહોંચી વળવા માટે ઊભી કરવામાં આવેલી નવી સુવિધાનું ઉદ્ઘાટન કરવા સાથે ગુજરાતના ગિફ્ટ સિટીમાં તેની સેવાના શુભારંભની જાહેરાત કરી હતી. અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અનુભવી સ્ટાફથી સજ્જ બ્લુ ડાર્ટની ગિફ્ટ સિટી સુવિધા બીજા દિવસે ડિલીવરીની કટિબદ્ધતા સુનિશ્ચિત કરવા સાથે મહત્ત્વનાં મેટ્રોપોલિટન શહેરોથી 20 કલાકમાં ડિલીવરીની સેવા રજૂ કરે છે. આ વિસ્તરણ વિશે વાત કરતાં બ્લુ ડાર્ટના મેનેજીંગ ડિરેક્ટર બૅલ્ફર મેનુઅલે જણાવ્યું હતું, 'બ્લુ ડાર્ટની ગિફ્ટ સિટી સુવિધાનું ઉદ્ઘાટન લોજીસ્ટિક્સના ફલકને પરિભાષિત કરવાના અમારા પ્રયાસનું વધુ એક સીમાચિહ્ન બન્યું છે. અમે અમારા ગ્રાહકોની શિપિંગને લગતી તમામ આવશ્યકતાઓ માટે પસંદગીના લોજીસ્ટિક્સ પાર્ટનર બનવા માટે અને શ્રેષ્ઠતમ સેવા પૂરી પાડવા માટે અમે કટિબદ્ધ છીએ. અમે વૈશ્વિક સ્તર પર અમારી ગ્રાહક પહોંચની તકોને કેપિટલાઈઝ કરવાનો અને બજારમાં અમારી હાજરી વધારવાનો આશય ધરાવીએ છીએ. ગિફ્ટ સિટીની સાંપ્રત ફાયનાન્સિયલ ઈકોસિસ્ટમમાં બ્લુ ડાર્ટનું સાહસ અમને વ્યવસાયોને સહાયરૂપ થવા માટે તેમજ અમારા ગ્રાહકો માટે મૂલ્ય ઊભું કરવા માટે સક્ષમ બનાવશે.' તમામ મુખ્ય મેટ્રોપોલિટન ક્ષેત્રોથી અમદાવાદમાં ગિફ્ટ




સિટી સુધીની એક્સ્પ્રેસ કનેક્ટિવિટી પૂરી પાડવા માટે બ્લુ ડાર્ટ તેના 8 બોઈંગ એરક્રાફ્ટના કાફલાને અવિરતપણે સાંકળે છે. ગ્રાહકોને કેન્દ્રસ્થાને રાખીને કંપનીએ દેશભરમાં 55,600 કરતાં વધુ સ્થળોએ સઘન નેટવર્ક પ્રસ્થિપત કરીને તમામ પ્રકારની શિપિંગની આવશ્યકતાઓ માટે પહોંચ તથા વિશ્વસનીયતા સુનિશ્ચિત કર્યાં છે.

## કેપીઆઇએલએ રૂ. 2,071 કરોડના નવા ઓર્ડર પ્રાપ્ત કર્યા

મુંબઈ | ભારતમાં ટોચની લિસ્ટેડ એન્જિનિયરિંગ એન્ડ કંસ્ટ્રક્શન કંપનીઓ પૈકી એક કલ્પતરુ પ્રોજેક્ટ્સ ઈન્ટરનેશનલ લિમિટેડે (KPIL) તેના સંયુક્ત સાહસો (JVs) અને આંતરરાષ્ટ્રીય પેટાકંપનીઓ સાથે મળી 2,071 કરોડના નવા ઓર્ડર/એવોર્ડની સૂચના પ્રાપ્ત કરી છે. કેપીઆઈએલના એમડી અને સીઈઓ મનીષ મોહનોતે જણાવ્યું હતું કે, "અમે નવા ઓર્ડર હાંસલ કરવા બદલ ખુશ છીએ, જે T&D અને અર્બન ઈન્ફ્રા બિઝનેસ માટેના અમારા આશાવાદી દૃષ્ટિકોણને મજબૂત બનાવે છે. બ્રાઝિલમાં T&D ઓર્ડર્સ અને ભારતમાં અંડરગ્રાઉન્ડ મેટ્રો રેલ-ટનલિંગ ઓર્ડરે આગળ જતાં ફાસ્ટેલ અને અર્બન ઈન્ફ્રા બિઝનેસ માટે ગ્રોથની સંભાવનામાં નોંધપાત્ર વધારો કર્યો છે. ચાલુ નાણાકીય વર્ષમાં KPILનો ઓર્ડર ઈન્ટેક (LOA/LOI સહિત) 30,000 કરોડની વિક્રમી ઊંચી સપાટીએ છે, જેમાં T&D, B&F, ઓઈલ એન્ડ ગેસ અને અર્બન ઈન્ફ્રા બિઝનેસમાં કેટલીક મોટી અને વ્યૂહાત્મક ઓર્ડર જીત સમાવિષ્ટ છે.

## ગ્રોથ: ભારત વર્ષ 2035 સુધી સતત સૌથી યુવા દેશ તરીકેનો ખિતાબ જાળવી રાખશે

મુંબઈ | વૈશ્વિક સ્તરે કેટલીક અનિશ્ચિતતાઓ વચ્ચે પણ ભારતના અર્થતંત્રનો મજબૂત દેખાવ જોવા મળી રહ્યો છે. નાણાકીય વર્ષ 2024ના ત્રીજા ક્વાર્ટરમાં ભારતનું અર્થતંત્ર આશાથી વધુ સારી રીતે એટલે કે 8.4%ના દરે વૃદ્ધિ પામ્યું હતું જે છેલ્લા દોઢ વર્ષમાં સૌથી ઝડપી ગ્રોથ છે.

બીજી તરફ શેરમાર્કેટ પણ સારું પ્રદર્શન નોંધાવી રહ્યું છે. મજબૂત આર્થિક પાયો તેમજ સ્થાનિક માંગમાં વૃદ્ધિને કારણે માર્કેટમાં મજબૂતી જોઈ શકાય છે. જો કે, રોકાણકારોએ માર્કેટના પ્રદર્શન માત્રને જોઈને રોકાણ કરવા માટે ઝંપલાવતા પહેલા તેમની રોકાણનો સમયગાળો તેમજ જોખમ લેવાની ક્ષમતાનું આકલન કરીને એક ચોક્કસ સ્ટ્રેટેજી સાથે રોકાણનો નિર્ણય લેવો જોઈએ તેવું ઈક્વેન્ટિસ (રિસર્ચ એન્ડ રેન્કિંગ)ના સ્થાપક અને એમડી મનીષ ગોયલે જણાવ્યું હતું. અત્યારના માર્કેટ સ્ટ્રક્ચર અંગે તમારો શું અભિપ્રાય છે? ખરીદી કરવી જોઈએ કે પછી વધુ કરેક્શનની પ્રતિક્ષા કરવી જોઈએ?

ભારતીય અર્થતંત્રના મજબૂત પ્રદર્શનની સાથે જ માર્કેટ પણ આશાસ્પદ હોવા છતાં જો તમે લાંબા ગાળા માટે રોકાણની યોજના ધરાવતા હોય અથવા તો ટૂંકા ગાળા માટે તમારી જોખમ લેવાની ક્ષમતા અને સમયગાળા પ્રમાણે રોકાણની સ્ટ્રેટેજી અપનાવવી જરૂરી છે. આવડત ધરાવતા રોકાણ સલાહકારો સાથે ભાગીદારી કરવાથી રોકાણકાર માર્કેટની વોલેટિલિટી વચ્ચે પણ વધુ સારી રીતે રોકાણ કરીને સફળતા માટેના ચાન્સ વધારી શકે છે.

ગત વર્ષે નિફ્ટીમાં ભલે 22%ની તેજી જોવા મળી હોય, પરંતુ મધ્યમ કદની કંપનીઓના સૂચકાંકમાં 55%નો ઉછાળો તેની મજબૂતીને વધુ



સારી રીતે દર્શાવે છે. આ સેગમેન્ટમાં વેલ્યુએશન વધુ જણાઈ રહી હોવા છતાં અમે પોર્ટફોલિયોમાં વધુ ઉમેરાને બદલે હોલ્ડિંગને યથાવત્ રાખવાની સલાહ આપીએ છીએ.

કેટલાક જોખમોને નજરઅંદાજ કરી શકાય નહીં પરંતુ કેટલાક સકારાત્મક પરિબળો પણ જોવા મળી શકે છે. સ્થિર સરકાર, પ્રગતિશીલ પોલિસી, મજબૂત સ્થાનિક માંગ અને સ્થિતિસ્થાપક આર્થિક સૂચકાંકો છે. નાણાકીય પરિણામો, મજબૂત બેન્કિંગ સેક્ટર, ઉચ્ચ ક્રેડિટ ગ્રોથ દેશની આર્થિક વૃદ્ધિમાં નોંધપાત્ર યોગદાન આપી રહ્યાં છે.

## અલુવિંડ આર્કિટેક્ચરલ લિમિટેડનો આઇપીઓ 28 માર્ચ, 2024ના રોજ ખુલશે

(એજન્સી) મુંબઈ | અલુવિંડ આર્કિટેક્ચરલ લિમિટેડ, ફેસડ અને ફેનેસ્ટ્રેશન ઉદ્યોગમાં પ્રતિષ્ઠિત ખેલાડીએ 28 માર્ચ, 2024ના રોજ ઈનિશિયલ પબ્લિક ઑફરિંગ સાથે જાહેરમાં જવાની તેની યોજનાની જાહેરાત કરી છે. કંપની આ આઈપીઓના માધ્યમથી 29.70 કરોડ એકત્ર કરવાનો લક્ષ્યાંક ધરાવે છે, જેમાં શેર એનએસઇ ઈમર્જ પ્લેટફોર્મ પર સૂચિબદ્ધ થવાના છે. ઈશ્યુની સાઈઝ પ્રત્યેક 10ના અંકિત મૂલ્ય પર 66,00,000 ઈક્વિટી શેર સુધીની છે. આ આઈપીઓમાંથી મળેલી ચોખ્ખી આવકનો ઉપયોગ કાર્યકારી મૂડીની જરૂરિયાતો અને સામાન્ય કોર્પોરેટ ખર્ચના ભંડોળ માટે કરવામાં આવશે. ઈશ્યુ 04 એપ્રિલ, 2024ના રોજ બંધ થશે. ઈશ્યુના લીડ મેનેજર કોર્પવિસ એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડ છે. સ્કાયલાઈન ફાઈનાન્શિયલ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ ઈશ્યુના રજિસ્ટ્રાર છે. અલુવિંડ આર્કિટેક્ચરલ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મુરલી મનોહર કાબરાએ જણાવ્યું, "અમે ઈનિશિયલ પબ્લિક ઑફરિંગ સાથે જાહેરમાં જવાના અમારા નિર્ણયની જાહેરાત કરતાં ઉત્સાહિત છીએ. ફેસડ અને ફેનેસ્ટ્રેશન ઉદ્યોગમાં અમારી સફર નવીનતા, ગુણવત્તા અને શ્રેષ્ઠતા માટે અતૂટ પ્રતિબદ્ધતા દ્વારા દર્શાવવામાં આવી છે. આર્કિટેક્ચરલ લેન્ડસ્કેપ્સને પુનઃવ્યાખ્યાયિત કરતા અને ઉદ્યોગ માટે નવા ધોરણો સ્થાપિત કરે તેવા અત્યાધુનિક ઉકેલો પુરા પાડ્યાં છે. આ આઈપીઓની આવક અમારી કાર્યકારી મૂડીની જરૂરિયાતોને ટેકો આપશે, જેનાથી વધતી માંગને પહોંચી વળવા સજ્જતા સુનિશ્ચિત થશે. અમે શ્રેષ્ઠતા માટે સમર્પિત છીએ અને અમારી બજાર સ્થિતિને મજબૂત કરવા, અમારી ઉત્પાદન શ્રેણીને વિસ્તૃત કરવા અને આર્કિટેક્ચરલ લેન્ડસ્કેપ્સને આકાર આપવામાં વધુ નવીનતા લાવવા માટે ભંડોળનો ઉપયોગ કરવાની અપેક્ષા ધરાવીએ છીએ.

## જીઓસીએલ કોર્પોરેશને રૂ. 3,402 કરોડમાં કુકટપલ્લીમાં 264.50 એકર જમીન વેચી

(એજન્સી) મુંબઈ | હિંદુજા ગ્રુપની કંપની જીઓસીએલ કોર્પોરેશન લિમિટેડે (જીઓસીએલ) કુકટપલ્લીમાં આવેલી પ્રાઈમ સ્થળની લગભગ 264.50 એકર જમીનનું વ્યૂહાત્મક મોનેટાઈઝેશન શરૂ કરવા માટે હૈદરાબાદની સ્ક્વેરસ્પેસ બિલ્ડર્સ પ્રાઈવેટ લિમિટેડ સાથે મહત્વનો સમજૂતીપત્ર (એમઓયુ) કર્યો છે. આ અભૂતપૂર્વ કરાર દ્વારા જીઓસીએલને રૂ. 3,402 કરોડ મળશે. આ ઉપરાંત કરારમાં હિંદુજા એસ્ટેટ્સ પ્રાઈવેટ લિમિટેડ, જે હવે હિંદુજા હેલ્થકેર લિમિટેડ (એચએચએલ) તરીકે ઓળખાય છે તેના સહયોગમાં જોઈન્ટ ડેવલપમેન્ટ અગ્રીમેન્ટ (જેડીએ) હેઠળ 32 એકર જમીનનું સંયુક્તપણે ડેવલપમેન્ટનો સમાવેશ થાય છે. આ પ્રોસેસ કોઈપણ સંબંધિત કરાર પૂરો કરવા પર નિર્ભર રહીને કાળજીપૂર્વક નક્કી કરેલી યોજનાના તબક્કાઓમાં 18 મહિનાના ગાળામાં પૂરી થશે. કંપનીએ જોઈન્ટ ડેવલપમેન્ટ અગ્રીમેન્ટ (જેડીએ) હેઠળ અગાઉ જણાવેલ 32 એકરમાંથી 12.50 એકર જમીનના તાત્કાલિક વેચાણની કામગીરી શરૂ કરી છે. પહેલા તબક્કામાં કંપનીને રૂ. 520 કરોડ મળશે જે પૈકી રૂ. 160 કરોડની રકમ 12.50 એકર જમીનના વેચાણપેટે મળશે. બાકીની રકમ ભવિષ્યમાં સંબંધિત સોદા દ્વારા તબક્કાવાર કંપનીને ચૂકવવામાં આવશે. ઉચ્ચ નાણાંકીય ફ્લેક્સિબિલિટી સાથે જીઓસીએલ ડાયનેમિક માર્કેટ ક્ષેત્રે ઝડપથી આગળ વધવા માટે આતુર છે. હૈદરાબાદના સ્ક્વેરસ્પેસ બિલ્ડર્સ પ્રાઈવેટ લિમિટેડ સાથે એમઓયુ કર્યો. આ અભૂતપૂર્વ કરાર દ્વારા જીઓસીએલને રૂ. 3,402 કરોડ મળશે. કુકટપલ્લીમાં આવેલી પ્રાઈમ સ્થળની લગભગ 264.50 એકર જમીનનું વ્યૂહાત્મક મોનેટાઈઝેશન શરૂ કરવા માટે હૈદરાબાદની સ્ક્વેરસ્પેસ બિલ્ડર્સ પ્રાઈવેટ લિમિટેડ સાથે મહત્વનો સમજૂતીપત્ર (એમઓયુ) કર્યો છે.

## T+0 સેટલમેન્ટની આજથી શરૂઆત : BSE, NSEએ 25 સ્ક્રિપો જાહેર કરી...

મુંબઈ | બોમ્બે સ્ટોક એક્સચેન્જ (બીએસઈ) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ) પર આજ-ગુરૂવાર ૨૮, માર્ચ ૨૦૨૪થી ટ્રેડીંગના દિવસે જ સિક્યુરિટીઝમાં સેટલમેન્ટ એટલે કે ટી પ્લસ શૂન્ય સેટલમેન્ટ શરૂ થનાર છે. જે મર્યાદિત બ્રોકરો અને ૨૫ સ્ક્રિપો માટે જ બીટા વર્ઝન સાથે શરૂ થઈ રહ્યું છે. જે માટે બીએસઈ અને એનએસઈએ ૨૫ માન્ય સ્ક્રિપોની યાદી જાહેર કરી છે.

એનએસઈ અને બીએસઈ દ્વારા જાહેર થયેલી ૨૫ સ્ક્રિપોની યાદીમાં અંબુજા સિમેન્ટ્સ, અશોક લેલેન્ડ, બજાજ ઓટો, બેંક ઓફ બરોડા, ભારત પેટ્રોલીયમ કોર્પોરેશન-બીપીસીએલ, સિપ્લા, બિરલાસોફ્ટ લિ., કોફોર્જ લિ., દિવીઝ લેબોરેટરીઝ, હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝ, ઈન્ડિયન હોટલ્સ, જેએસડબલ્યુ સ્ટીલ, એલઆઈસી હાઉસીંગ ફાઈનાન્સ લિ., એલટીઆઈમાઈન્ડટ્રી, એમઆરએફ, નેસ્લે ઈન્ડિયા, એનએમડીસી લિ., ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન-ઓએનજીસી, પેટ્રોનેટ એલએનજી, સમવર્ધના મધરસન ઈન્ટરનેશનલ લિ., સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, ટાટા કોમ્યુનિકેશન્સ, ટ્રેન્ટ લિ., યુનિયન બેંક ઓફ ઈન્ડિયા અને વેદાન્તા લિમિટેડનો સમાવેશ છે. ઉલ્લેખનીય છે કે સેબીએ શેર બજારોમાં વૈકલ્પિક ધોરણે બીટા વર્ઝન સાથે ટી પ્લસ શૂન્ય એટલે કે સોદાના દિવસે જ શેરોમાં સેટલમેન્ટને ૨૮, માર્ચથી અમલી બનાવવાનું નક્કી કર્યું છે. જ્યારે ઈક્વિટી કેશ માર્કેટમાં વર્તમાન ટી પ્લસ વન સેટલમેન્ટ ચાલુ જ રહેશે. શેર બજારો બીએસઈ અને એનએસઈ ૨૮, માર્ચ ૨૦૨૪થી ૨૫ સ્ક્રિપોમાં ટી પ્લસ શૂન્ય (+૦) ટ્રેડ સેટલમેન્ટ શરૂ કરશે. આ સેટલમેન્ટનો સમય સત્ર સવારે ૯:૧૫ વાગ્યાથી બપોરે ૧:૩૦ વાગ્યા સુધીનો રહેશે.ટી પ્લસ શૂન્ય સેગ્મેન્ટમાં ભાવ રેગ્યુલર ટી પ્લસ




માર્કેટમાં ભાવથી ૧૦૦ બેઝિઝ પોઈન્ટ વધુના પ્રાઈસ બેન્ડ સાથે ઓપરેટ થશે. આ બેન્ડમાં ટી પ્લસ વન બજારમાં દરેક ૫૦ બેઝિઝ પોઈન્ટની મુવમેન્ટ બાદ એમાં ફરી કેલિબરેશન થશે. ટી પ્લસ શૂન્ય સેટલમેન્ટ હેઠળ શેરોના ટ્રેડીંગ ભાવોને ઈન્ડેક્સની ગણતરીમાં અને સેટલમેન્ટ ભાવ ગણતરીમાં ધ્યાનમાં લેવાશે નહીં. આ સાથે ટી પ્લસ શૂન્ય સેગ્મેન્ટમાં ટ્રેડીંગના ધોરણે સિક્યુરિટીઝના અલગથી બંધ ભાવ જાહેર થશે નહીં.

સમયાવધિ, પ્રક્રિયા અને રિસ્ક જરૂરીયાતો જે માર્કેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્સ્ટીટયુશન્સ દ્વારા નિર્ધારિત કરાયેલી છે, એને અનુસરનારા તમામ રોકાણકારો ટી પ્લસ શૂન્ય સેટલમેન્ટ સાઈકલમાં ટ્રેડ કરવા માન્ય રહેશે. ટી પ્લસ વન સેટલમેન્ટ સાઈકલમાં અત્યારે લાગુ સર્વેલન્સ પગલાં ટી પ્લસ શૂન્ય સેટલમેન્ટ સાઈકલમાં સ્ક્રિપોને પણ લાગુ થશે.

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2080, ફાગણ વદ-04**

# ખેતી પર સંકટ

વધતા ગ્લોબલ વોર્મિંગને કારણે ખેતી પર સંકટ તોળાઈ રહ્યું છે. જે ગતિથી પૃથ્વીનું તાપમાન વધી રહ્યું છે, તે આમ આદમી માટે તો કષ્ટદાયક છે જ, ખેડૂત માટે સંકટ વધારે છે. તેની સીધી અસર ખેતરોની ઉત્પાદકતા પર પડી રહી છે. જેના મુકાબલા માટે સુનિયોજિત તૈયારીની જરૂર છે. ખેડૂતોએ એ વૈકલ્પિક પાકો વિશે વિચારવું પડશે, જે ઓછા પાણી અને વધુ તાપ છતાં બહેતર ઉત્પાદન આપી શકે. અનાજ ઉત્પાદકોને ધરતીના તાપમાનમાં ઉત્પન્ન ખતરા પ્રત્યે સચેત કરવાની જરૂર છે. જો સમય રહેતાં એવું ન કરવામાં આવ્યું તો માની લો કે આપણે આસન્ન સંકટની અવગણના કરી રહ્યા છીએ. આ મુદ્દો એટલા માટે પણ મહત્ત્વપૂર્ણ છે, કારણ કે આ મુદ્દો દુનિયાની સૌથી મોટી આબાદીની ખાદ્ય શ્રૃંખલા સાથે પણ જોડાયેલો છે. એટલે કે જાણે અજાણે આ સંકટના વ્યાપમાં દેશનો દરેક નાગરિક આવશે. અસલમાં દુનિયાના તાપમાન પર નજર રાખનારી વૈશ્વિક સંસ્થા ડબ્લ્યુએમઓનો રિપોર્ટ ચિંતા વધારી રહ્યો છે જેમાં કહેવામાં આવ્યું છે કે છેલ્લા એક દાયકામાં પૃથ્વીનું તાપમાન લગભગ સરેરાશ તાપમાનથી વધારે રહ્યું છે. વહેલામોડા એનાથી મનુષ્ય જીવનનું દરેક પાસું પ્રભાવિત થશે. એ સર્વવિદિત છે કે દુનિયાના મોટાં રાષ્ટ્રો કાર્બન ઉત્સર્જન ઓછું કરવા તથા જીવાશ્મ ઈંધણ પર રોક લગાવવા માટે પ્રતિબદ્ધ નથી દેખાતા. આખી દુનિયામાં વિકાસના નામે પ્રાકૃતિક સંસાધનોનું બેફામ દોહન કરી રહ્યા છે. તેઓ એ વાતને લઈને ગંભીર નથી દેખાતા કે આજે દુનિયામાં ઔદ્યોગિકીકરણ પહેલાંના સમયના મુકાબલે વિશ્વનું તાપમાન નિર્ધારિત સીમાને પાર કરી ચૂક્યું છે. જે આપણા માટે ખતરાની ઘંટડી છે. સૌથી મોટી ચિંતાની વાત એ છે કે આપણે હવામાનના બદલાવને અનુકૂળ ખુદને એ જ અનુપાતમાં ઝડપથી ઢાળી નથી શકતા. અસલમાં હવામાનના વ્યવહારમાં ઝડપથી થઈ રહેલા બદલાવને અનુરૂપ ખેતીની પેટર્નમાં પણ બદલાવની જરૂર છે. એ પરંપરાગત પાકો પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે જે ઓછા વરસાદ અને વધુ તાપમાનમાં ઠીકઠાક ઉપજ આપવામાં સક્ષમ છે. એક સમયે ભારતમાં મોટા ભૂભાગમાં આપણે જાડાં ધાન્યોનું ઉત્પાદન કરતા હતા, જે ઓછા વરસાદમાં બહેતર ઉપજ આપતા હતા. પરંતુ સમયાંતરે આપણે વધુ સિંચાઈવાળા પાકોનું ઉત્પાદન વ્યાવસાયિક સ્તરે કરવાનું શરૂ કરી દીધું. હવામાનમાં બદલાવની અસર ખાદ્યાન્ન જ નહીં, શાકભાજી, ફળ-ફૂલો પર પણ ઊંડે સુધી પડી રહી છે. એવામાં માત્ર કાગળિયે કાર્યવાહી કરવાને બદલે ધરાતલ પર ઠોસ પગલાં ભરવાની જરૂર છ. આપણી કૃષિ યુનિવર્સિટીઓએ પાકની નવી જાતોનાં બીજ તૈયાર કરવા પડશે, જે ખેડૂતોને આધાર આપવાની સાથે જ આપણી ખાદ્ય સુરક્ષા ચેઈનને સુરિક્ષત બનાવી શકે. સાથે જ આપણે કાર્બન ઉત્સર્જનના સ્રોતો પર પણ અંકુશ લગાવવો પડશે. પશુધનનું સંરક્ષણ પણ અનિવાર્ય ગણાશે. જો આપણે અત્યારે નહીં જાગીએ તો આપણે અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ચક્રવાતી તોફાન જેવી આપદાઓ માટે તૈયાર રહેવું પડશે. ભારત, જ્યાં દેશની અડધી આબાદી ખેતી અને તેની સાથે જોડાયેલા વ્યવસાયો પર નિર્ભર હોય તેના માટે આ સંકટ મોટું છે.

## 166- કતારગામ વિધાનસભાના 1674 પોલીંગ સ્ટાફની ત્રણ દિવસીય તાલીમનો પ્રારંભ



સુરત : ભારતીય ચૂંટણી પંચ દ્વારા શાંતિપૂર્ણ વાતાવરણમાં ન્યાયી અને નિષ્પક્ષ રીતે લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ યોજાય તે માટેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. જેના ભાગરૂપે કતારગામના મહાજન બાળાશ્રમ સ્થિત પ્રોફેશનલ ટ્રેનિંગ સેન્ટર ખાતે ૧૬૬- કતારગામ વિધાનસભાના પ્રિસાઈડીંગ-પોલીંગ સ્ટાફ સહિતના ૧૬૭૪ કર્મચારીઓની ત્રણ દિવસીય તાલીમનો પ્રારંભ થયો છે. જેના પ્રથમ દિવસે બે સેશન્સમાં કર્મચારીઓને તાલીમબદ્ધ કરાયા હતા. અહીંના બે ટ્રેનિંગ હોલમાં પોલીંગ સ્ટાફના ૬ માસ્ટર ટ્રેનર તેમજ ઈ.વી.એમ.ના ૧૨ માસ્ટર ટ્રેનરો દ્વારા પ્રિસાઈડીંગ-પોલીંગ ઓફિસર સહિત પ્રાથમિક-માધ્યમિક શાળાના શિક્ષકો તેમજ સરકારી અધિકારી-કર્મચારીઓને તાલીમ અપાઈ હતી. તાલીમમાં લોકસભાની ચૂંટણીમાં ચૂંટણી અધિકારીઓના કર્તવ્યો, કામગીરી અને ધ્યાનમાં રાખવાની બાબતો તેમજ મતદાનના દિવસે ભરવાના થતાં જરૂરી ફોર્મ્સ અંગે જાણકારી અપાઈ હતી. આ ઉપરાંત, તાલીમમાં ચૂંટણીની કામગીરીને લગતી વ્યવસ્થા, ચૂંટણીપ્રક્રિયા તેમજ EVM મશીનની પ્રેક્ટિકલની વ્યક્તિગત તાલીમ આપવામાં આવી હતી. આ સાથે ચૂંટણીની કામગીરીમાં ઉપયોગમાં લેવામાં આવતું મટીરિયલ, બુથ વ્યવસ્થા, પોલીંગ સામગ્રી, બુથ એજન્ટની નિમણૂંક અંગે તાલીમાર્થીઓને માહિતગાર કરાયા હતા. સાથોસાથ મતદાન માટે વૈધાનિક તથા બિનવૈધાનિક પુરાવાઓ, ઈ.વી.એમ. સિલીંગ તેમજ પોલીંગ પૂર્ણ થયા બાદ ઈ.વી.એમ.ને પરત ડિસ્પેચિંગ સેન્ટર સુધીની પહોંચાડવાની તાલીમ આપવામાં આવી હતી.

## પ્રતાપપુરા પ્રાથમિક શાળા વર્ષ 2023/24માં પ્રોત્સાહિત ઈનામ મેળવામાં અવ્વલ રહી


દિપક રાવલ - દાહોદ : લીમખેડા તાલુકાની પ્રતાપપુરા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ વર્ષ દરમ્યાન શિક્ષણની સાથે સાથે વિવિધ પ્રવૃતિઓ જેવી કે બાળ વિજ્ઞાન મેળો, ઈન્સ્પાયર એવોર્ડ, NMMS, જ્ઞાનસાધના, જ્ઞાનસેતુ શિષ્યવૃતિ પરીક્ષા તેમજ તાલુકા અને જિલ્લા કક્ષાએ યોજાયેલ વિવિધ સ્પર્ધામાં ભાગ લેતા હોય છે. વર્ષ 2023/24 માં પ્રતાપપુરા શાળાએ વિવિધ કક્ષાએ ખુબ જ સારું પ્રદર્શન કરીને 21000/- જેટલી રોકડ રકમ પ્રોત્સાહિત રૂપે શાળા ને પ્રાપ્ત થય છે. જેમા ઈન્સ્પાયર અવોર્ડ ના 10000/- , વીરગાથા 2.0 3000/- , મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ પ્રોત્સાહન યોજના માં 4000/- , ગણિત વિજ્ઞાન મેળા ના 4000/- એમ કુલ મળીને 21000/- શાળા ને મળેલ છે.

## રાજપીપળામાં હરસિધ્ધિ માતાજીના પ્રાગટ્ય દિનની ભવ્ય ઉજવણી : 51 જોડાઓ નવચંડી યજ્ઞમાં આહુતિ આપી



(ભરત શાહ દ્વારા) - રાજપીપળા : રાજપીપલા ખાતે હરસિધ્ધિ માતાજી મંદિરનો 423 માં પ્રાગટ્ય મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. પ્રાગટ્ય મહોત્સવના પ્રથમ દિવસે ઐતિહાસિક ભવ્ય નગરયાત્રા નીકળી હતી. મોટી સઁખ્યામા ભક્તો નું ઘોડાપુર ઉમટી પડ્યું હતું જયારે બીજે દિવસે મંદિર ને 200 કિલો રંગ બે રંગી ફૂલો થી શણગારવામાં આવ્યું હતું. રાજપીપળા ના મહારાજા વેરીશાલજી મહારાજ સાથે જે સ્વરૂપમાં માતાજી પધાર્યા હતા તે મૂળ સ્વરૂપનો ટેબલો દર્શન ખાસ કરીને લોક આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. વહેલી સવાર થી પૂજાવિધિ કરી જેમાં 51 જોડાઓ પૂજામાં બેઠા હતા. જેમાં ટ્રસ્ટી-હરસિધ્ધિ મંદિર ના ભાસ્કર સોની, ધારાસભ્ય નાંદોદ, ડો દર્શના દેશમુખ પણ પૂજામાં બેઠા હતા. અને સાંસદ મનસુખ વસાવા, ગીતકાર પ્રવીણ લૂણી, સંજય પટેલ, વિશ્વ હિન્દૂ પરિષદના પ્રમુખ અજીતસિંહ રાઠોડ સહીત બજરંગદાળના આગેવાનો ભક્તો પણ કાર્યક્રમ માં જોડાયા હતા. માતાજીના 423 માં પ્રાગટ્ય મહોત્સવ નો આવી ધામધૂમ થી ઉજવણી અત્યાર સુધી ક્યારે થઈ નથી આખું રાજપીપળા શહેર આ ઉત્સવ માં જોડાયું હતું.

## શહેરોમાં તો ઠીક હવે ગામડાઓમાં પણકાળ ઝાળ ઓક્તિ અસહ્ય ગરમીની સાથે ઉકળાટ વધતા જનજીવન ત્રસ્ત બન્યુ



સુશીલ પવાર - ડાંગ : પ્રાપ્ત વિગતો અનુસાર હાલમાં માર્ચ મહિનાનાં આખરનાં દિવસો ચાલી રહ્યા છે. ડાંગ જિલ્લાના ગામડાઓમાં માર્ચ મહિનાનાં આખરનાં દિવસોમાં ગરમીનું પ્રમાણ વધી જવા પામ્યુ છે. ડાંગ જિલ્લાના ગામડાઓમાં અસહ્ય ગરમીની સાથે ઉકળાટ વધતા ડાંગી જનજીવન ત્રસ્ત બન્યુ હતુ. ડાંગ જિલ્લામાં ગુરુવારે અસહ્ય ગરમીનાં કારણે લોકોએ ઘરમાંથી નીકળવાનું ટાળ્યુ હતુ. તો અમુક લોકો પ્રકૃતિનાં ખોળામાં ઝાડનાં નીચે આરામ ફરમાવી ગરમીમાંથી રાહત મેળવી હતી. ગુરુવારે ડાંગ જિલ્લાનાં આહવા અને સુબિર પંથકમાં તાપમાનનો પારો 39 સેલ્શિયસ પર પોહચી ગયો હતો. પ્રવાસન સ્થળ તરીકે પ્રખ્યાત ગિરિમથક સાપુતારા ખાતે પણ તાપમાનનો પારો 37 સેલ્શિયસ સુધી પોહચી જતા પ્રવાસીઓએ બપોરનાં સમયે બહાર નીકળવાનું ટાળ્યુ હતુ. ડાંગ જિલ્લામાં અસહ્ય ગરમીનાં પગલે માર્ગો પર પણ વાહનોની અવરજવર ઓછી જોવા મળી હતી.

### ધૈરૈયાઓના ગીતે ચૂંટણી પૂર્વે ધૂમ મચાવી...

## કોલીવાડામાં હજી રસ્તો બન્યો નથી, ત્રિકમ મારી ગયે 3 વર્ષ થયારે મનસુખ... પણ રોડ ન બન્યો ગીતે ભારે કરી



(ભરત શાહ દ્વારા) - રાજપીપળા : આદિવાસી સમાજમાં હોળી-ધૂળેટીનું પર્વ દિવાળી જેવું હોય છે, હાલમાં ભરૂચ લોકસભા બેઠક ખૂબ ચર્ચામાં છે અને બંને આદિવાસી ઉમેદવારો વચ્ચે જંગ ખેલાવાનો છે. હોળીના પર્વ દરમિયાન આદિવાસી લોકો ઘેરૈયા બની રમતા હોય છે ત્યારે તાજેતર માં નર્મદા જિલ્લા સહિત ના કેટલાક જિલ્લાઓ માં આ ઘેરૈયાઓ દ્વારા મનોરંજન ની સાથે સાથે તેમની પરંપરા પણ જળવાઈ છે અને હાલમાં ચૂંટણી પૂર્વે જ ધૈરૈયાઓએ બનાવેલું એક ગીત સોશિયલ મિડીયામાં ધૂમ મચાવી રહયું છે. આદિવાસી ઘેરૈયોઓ દ્વારા ગવાતું ગીત....મનસુખ વસાવા ત્રિકમ મારી રે ગયા. તીન તીન વરહ વીતીજીયે, રોડ ન બન્યા રે મનસુખ ગયા, જબરે યાદ કરતે થે, વલા વલા આવજ રે નું કહેણ કહી વિકાસની વરવી વાસ્તવિકતાને છતી કરતો નજરે પડી રહ્યો છે. આ વીડિયો નેત્રંગ તાલુકાનું કોલીવાડા ગામ કે જ્યાં ભાજપના 6 ટર્મના સાંસદ અને 7મી વખતના ભાજપના ઉમેદવાર 3 વર્ષ પેહલા ત્રિકમ મારી એક રસ્તાનું ખાતમુહૂર્ત કરી ગયા હતા.

## દાહોદ જિલ્લાના સિંગવડ તાલુકાના બી એડ કોલેજના વિધાર્થીઓ દ્વારા અચૂક મતદાન અંગે લેવાયા શપથ



દિપક રાવલ - દાહોદ : આગામી લોકસભા ચુંટણી ૨૦૨૪ને અનુલક્ષીને સ્વીપ અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી યોગેશ નિરગુડેના માર્ગદર્શન હેઠળ વિવિધ આયોજનો દ્વારા વધુમાં વધુ નાગરિકો અચૂક મતદાન કરે તે માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તે અંતર્ગત બી એડ કોલેજ સિંગવડ ખાતે કોલેજના તાલીમાર્થીઓની ઉપસ્થિતિમાં મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો. હતો આ કાર્યક્રમ દરમિયાન તાલુકા સ્વીપ નોડલ સામજીભાઈ કામોળ, સહ નોડલ અમરસિંહ જી વણકર, કોલેજના આચાર્યશ્રી દ્વારા તાલીમાર્થીઓને મતદાન અવશ્ય થાય તે માટે માર્ગદર્શન આપ્યું હતું, તાલીમાર્થીઓએ પણ મતદાન અવશ્ય કરશે તેવો સંકલ્પ લીધા હતા. તેમજ અન્ય મતદારો ને પણ મતદાન કરવા પ્રેરણા આપશે તેવો ઉત્સાહ બતાવ્યો હતો.



તા.28/03/2024 ના ગુરુવાર ના રોજ રાજપીપળા ના પૌરાણિક શ્રી હરસિદ્ધિ માતાજી નો પ્રાગટ્ય મહોત્સવ ની ઉજવણી માં માતાજી ના પરમ ભક્ત નાંદોદ ના ધારાસભ્ય ડૉ.દર્શનાબેન દેશમુખ એ નવચંડી યજ્ઞમા માં શ્રી હરસિદ્ધિ માતાજીની પૂજા કરી માતાજી ને પ્રજાના સારા સ્વાસ્થ તથા જન કલ્યાણ ની પ્રાર્થના કરી. માં શ્રી હરસિદ્ધિ ના આશીર્વાદ લઈ ધન્યતા અનુભવી.(ભરત શાહ,રાજપીપળા)

## હંમેશા સેવાકીય પ્રવૃતિ કરતા રાજેન્દ્ર શાહ દંપતિનું સમસ્ત તિલકવાડા પરિવાર દ્વારા વિશિષ્ટ બહુમાન કરાયું



(ભરત શાહ દ્વારા) - રાજપીપળા : વલ્લભ ને શરણે રહીયે , રહીયે આનંદમાં એમનો જીવન મંત્ર એવા સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર પૂર્વ ઝોનના મંત્રી, ડભોઈ દશાલાડ સમાજના મીડિયા કમિટીના સભ્ય પુષ્ટિ સંપ્રદાયમાં મહાપ્રભુજીના સિદ્ધાંતો ને વેગવાન બનાવતા રાજેન્દ્ર.જે .શાહ .પ્રીતિબેન શાહ જબુગામ વાળા દંપત્તિ નું સમસ્ત તિલકવાડા પરિવાર દ્વારા તેઓની વૈષ્ણવ સમાજ, મુંગા પશુઓ પ્રત્યે નો પ્રેમ અને પુષ્ટિ સંપ્રદાયમાં અને અન્ય સામાજિક, આરોગ્ય લક્ષી, શૈક્ષણિક સેવાઓને અનુલક્ષીને તેઓની રચનાત્મક કાર્યશૈલીને સમસ્ત તિલકવાડા પરિવાર દ્વારા રે હોળી રશિયાના કાર્યક્રમમાં ડભોઇ દશાલાડ ભવન ખાતે તૃતીય પીઠાધીશ્વર કાંકરોલી નરેશ પૂજ્ય પાદ ગોસ્વામી 108 શ્રી ડોક્ટર વાગીશ કુમારજી મહારાજશ્રી, મૉ રેવા ના તટે રહેતા સંત ડોક્ટર ચંદ્રમોલી મહારાજ તિલકવાડા ની ઉપસ્થિતિમાં ડોક્ટર વાગીશ કુમારજી મહારાજ ના કરકમલો દ્વારા સ્મૃતિચિન્હ આપીને સેવાકીય કાર્યશૈલીને બીરદાવી વિશિષ્ટ સન્માન કરાયું હતું. રાજેન્દ્ર શાહ દંપતિ દ્વારા તિલકવાડા વૈષ્ણવ પરિવાર, આયોજકો નો હૃદય પૂર્વક આભાર માનીને આનંદની લાગણી વ્યક્ત કરી હતી. રાજેન્દ્ર શાહ દંપતિ ને દીકરી એટલે વ્હાલનો દરિયો, એમ બે દીકરીઓ શ્રેયા ઉર્ફે ઝમકુ અને માનસી બંને ફાર્માસિસ્ટ અભ્યાસ તેઓ પણ પુષ્ટિ સંપ્રદાયની પતાકા પરદેશમાં ફેલાવી રહ્યા છે તે બંને કેનેડામાં છે.

## પર્યાવરણ લોક સુનાવણી બાદ રાજુલા તાલુકાના વડ ગામે કોપર પ્લાન્ટ હટાવોની મિટિંગ મળી



કિશોર આર. સોલંકી - જાફરાબાદ : આજુબાજુ વિસ્તારમાંથી ખેડૂતો યુવાનો દરેક સમાજના આગેવાનો વડ ગામે મિટિંગ માં બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા આવિસ્તારના લોકો ના સ્વાસ્થ્ય માટે ખુબજ ખત્રારૂપી આ રાક્ષસી કમ્પની ની જો શરૂઆત થાય તો આ વિસ્તારના રહીશો ને પોતાના પરિવારોના સ્વાસ્થ્ય અને પરિવારની સુરક્ષા માટે હિજરત કરવાનો વખત આવશે સરકાર શ્રી દ્વારા લોકોના સ્વાસ્થ્ય માટે લખ લૂંટ ખર્ચ કરવામાં આવીરહ્યોં હોય ત્યારે આ રાક્ષસી કમ્પની દ્વારા આ વિસ્તારમાં પગપેસારો થાય તે પહેલાજ જો રોકવામાં નહિ આવે તો આવિસ્તારના રહીશો ના સ્વાસ્થ્ય ની જવાબદારી કોની આ વિસ્તારના જાગૃત યુવાનો અને ખેડૂતો દ્વારા ખુબજ વિરોધ કરવામાં આવીરહ્યોં છે રાજુલા જાફરાબાદ વિસ્તારમાં તાજેતરમાં કોપર ઈન્ડો એશિયા કંપનીની લોક સુનાવણી હતી આ લોક સુનાવણી દરમિયાન કોપર કંપની સામે આ વિસ્તારના લોકો દ્વારા ભારે વિરોધ દર્શાવવામાં આવ્યો હતો લોક સુનાવણી પૂરી થઈ ગયા બાદ આ મામલો હવે પર્યાવરણીય વિભાગ માં પહોંચ્યો છે. ત્યાં ગુણદોષને ધ્યાને લઈને એક્સપર્ટ કમિટી પોતાનો રિપોર્ટ પર્યાવરણ મંત્રાલયને આપશે. આ પ્રક્રિયા ત્રણ થી છ મહિનાની હોય છે રાજુલા જાફરાબાદ વિસ્તારમાં કોપર પ્લાન્ટ હટાવો સમિતિ દ્વારા આ વિસ્તાર માં ગામડે ગામડે વિરોધ કરવામાં આવી રહ્યો છે.

## કોલવાણ ગામની સીમમાંથી સોલાર પેનલમાં લાગેલી બેટરીની ચોરી થતા ફરિયાદ

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા : નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં આવેલાં કોલવાણ ગામની સીમ માંથી બેટરી ની ચોરી થતા ફરિયાદ નોંધાઈ છે. મળતી માહિતી અનુસાર આનંદભાઇ રૂબજીભાઇ વસાવા, રહે. કોલવાણ, તા.સાગબારા, જી.નર્મદા નાઓ એ આપેલી ફરિયાદ મુજબ તા.૨૪/૦૩/૨૦૨૪ ના રોજ કોઈ અજાણ્યા ઈસમે તેમની કોલવાણ ગામની સીમમાં સર્વે નંબર-૮૨ વાળા ખેતરમાં આવેલ ખુલ્લી ઝુપડીની બાજુમાં સરકારી હોમ લાઇટ સીસ્ટમની યોજના હેઠળ લગાડેલ સોલાર પેનલ લાઇટની 'ACENO TECH 'કંપનીની બેટરી જે બાર વોલ્ટેજ ની હોય જેની આશરે કિ.રૂ.૧૨૦૦૦/-થી કિ.રૂ. ૧૫૦૦૦/-ના મુદ્દામાલની કોઈ અજાણ્યો વ્યક્તિ ચોરી કરી લઇ ગયો હોય સાગબારા પોલીસે ગુનો નોંધી ચોર ને પકડવા તજવીજ હાથ ધરી છે.

## રાજકીય પાર્ટી સાથે જોડાયેલા શિક્ષક જતીન વસાવાએ ચૂંટણી કામગીરીમાંથી મુક્તિ માંગી

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા : લોકસભાની ચૂંટણી નર્મદા જિલ્લામાં આગમી તા.7મી મે ૨૦૨૪ ના રોજ યોજાવાની છે. જિલ્લા ચૂંટણી અધિકારી



અને જિલ્લા કલેક્ટર શ્વેતા તેવતિયાનાં માર્ગદર્શન હેઠળ ચૂંટણીલક્ષી વિવિધ કામગીરી સાથે સંકળાયેલા અધિકારીઓ-કર્મચારીઓને તેમની ફરજના ભાગરૂપે તબક્કાવાર તાલીમી આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં કેટલાક રાજકીય પાર્ટી સાથે જોડાયેલા શિક્ષકોને પણ લોકસભાની ચૂંટણીની કામગીરીમાં સોપતા આગામી સમયમાં વિવાદ ઊભો થઈ શકે તેમ જણાઇ રહ્યું છે, નર્મદા જિલ્લા કોંગ્રેસના આગેવાન અને પૂર્વ નાંદોદ તાલુકા પંચાયતના પ્રમુખ અને શિક્ષક જતીનભાઈ વસાવાને લોકસભાની ચૂંટણીમાં કામગીરી સોંપવામાં આવી છે ત્યારે તેઓ દ્વારા કહેવામાં આવ્યું છે કે ચૂંટણી પારદર્શિ અને નિષ્પક્ષ કરવાની હોય છે. ત્યારે મારા જેવા કેટલાક રાજકીય પાર્ટી સાથે જોડાયેલા આગેવાનો ને ચૂંટણીની કામગીરી સોંપવામાં આવે તો કેવી રીતે ચૂંટણી નિષ્પક્ષ થશે, તેઓ દ્વારા વધુમાં જણાવ્યું હતુ કે આગળ પણ મેં જાણ કરેલી છે કે હું રાજકીય પાર્ટી સાથે જોડાયેલો છું છતાં પણ મને કામગીરી સોંપવામાં આવી હતી. માટે મને આ કામગીરી માંથી મુક્ત કરવામાં આવે તેમ જતીનભાઈ વસાવા એ કલેકટર અને ચૂંટણી અધિકારી ને લેખિત રજૂઆત કરી છે.

## નર્મદા જિલ્લા ભાજપ દ્વારા નર્મદા કમલમ ખાતે ભાજપના હોદ્દેદારોની મહત્વની બેઠક યોજાઇ



(ભરત શાહ દ્વારા) - રાજપીપળા : આવનારી લોકસભા ચૂંટણી 2024 માં જાહેર સમર્થન મેળવવા માટે પાર્ટી દ્વારા આગામી સમય માં ઘર-ઘર સંપર્ક અભિયાન ની શરૂઆત કરવામાં આવશે. આ અભિયાન ના માધ્યમ થી પાર્ટી ના કાર્યકર્તાઓ દ્વારા સમગ્ર જિલ્લામાં દરેક ઘરનો સંપર્ક અભિયાન ચલાવવા માં આવશે. આ અભિયાન બુથ સ્તર સુધીનું હોય તે માટે આગેવાનો ની નિમણૂક પણ કરી દેવામાં આવી છે. ભાજપ ની રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા જે લાભો મળ્યા છે તે જ ભાજપ નો મતદાર બની ચુક્યો છે. ગુજરાત પ્રદેશ દ્વારા નર્મદા જિલ્લામાં ' મોદી પરિવાર ' સભાનું આયોજન પણ કરવામાં આવશે.. આ બેઠક માં આગેવાનો ને ભરૂચ ના ધારાસભ્ય રમેશભાઈ મિસ્ત્રી એ કહ્યું કે ભાજપ તરફી વધુ માં વધુ મતદાન કેવી રીતે થાય તેની પણ માહિતી આપવામાં આવી, ભાજપ ની આ બેઠક માં નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખ ઘનશ્યામ પટેલ, નાંદોદ ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખ, ભરૂચ ના ધારાસભ્ય રમેશ મિસ્ત્રી, નર્મદા જિલ્લા ઉપપ્રમુખ અનિરુદ્ધસિંહ ગોહિલ, નર્મદા જિલ્લા પંચાયત ના પ્રમુખ ભીમસિંગ તડવી અને કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

## બહુચરાજી તાલુકાના મોઢેરા ગામના 10 ખેડૂતોની નર્મદા નહેરના રોડ માટે સંપાદિત જમીનનું રૂ. 8.31 લાખનું વળતર કોર્ટના હુકમ છતાં નહીં ચૂકવાતાં બુધવારે નર્મદા વિભાગ ચાણસ્મા કચેરીને સીલ મારી દેવામાં આવી હતી



નિતીન ઠાકર - ચાણસ્મા : બહુચરાજી વિસ્તારમાંથી પસાર થતી નર્મદા કેનાલના રોડ માટે મોઢેરા ગામના 10 ખેડૂતોની જમીન સંપાદિત કરાઈ હતી, જેમાં સરકારે ચૂકવેલ વળતરથી નારાજ ખેડૂતો કોર્ટમાં ગયા હતા. દરમિયાન કડી કોર્ટે ખેડૂતોની તરફેણમાં ચુકાદો આપી રૂ.8,31,000નું વળતર ચૂકવવા વર્ષ 2021માં આદેશ કર્યો હતો. તેમ છતાં સરદાર સરોવર નર્મદા વિભાગ નંબર ત્રણ ચાણસ્મા કચેરી દ્વારા વળતરની રકમ ચૂકવાઇ ન હતી. આથી ખેડૂતોએ કડી કોર્ટમાં દરખાસ્ત કરતાં તાજેતરમાં કોર્ટે જપ્તી વોરંટ કાઢ્યું હતું. ચાણસ્મા કોર્ટની ટીમ કચેરીમાં પહોંચતાં ફરજ પરના અધિકારીએ દસ દિવસનો સમય માગ્યો હતો, પરંતુ તેઓ વળતર ચૂકવી નહીં શકતાં બુધવારે ચાણસ્મા કોર્ટની ટીમે નર્મદા વિભાગના એક્ઝ્યુકિટીવ એન્જિનિયરની કચેરીને સીલ મારી દીધું હતું.

## અમદાવાદ હાટ, વસ્ત્રાપુર ખાતે 29મી માર્ચથી "રાજસ્થાન મહોત્સવ"નો થશે પ્રારંભ

(એજન્સી અમદાવાદ : ગુજરાજ ફાઉન્ડેશન ગુજરાત રાજસ્થાન મૈત્રી સંઘ દ્વારા અમદાવાદમાં 29મી માર્ચથી 2 એપ્રિલ દરમિયાન અમદાવાદ હાટ, વસ્ત્રાપુર ખાતે રાજસ્થાન સ્થાપના દિવસ નિમિત્તે અનોખો હોળી મિલન સમારોહ , પાંચ દિવસે મેળા નું આયોજન કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે મારવાડી સમાજ માટે હોળીનો તહેવાર એ નવા વર્ષ જેવો છે અને રાજસ્થાન સ્થાપના દિવસ પણ હોવાના કારણે આ ફાઉન્ડેશન અનેક કાર્યક્રમો લઈને આવ્યા છે. સંસ્થા 11 વર્ષથી કાર્યરત છે અને તેમનો ઉદ્દેશ ફક્ત મારવાડી સમાજના જ નહિ પરંતુ દરેક સમાજના લોકો ભેગા મળે તે માટેનો છે. આ ઈવેન્ટમાં આશરે 25 હજાર લોકોનો ફૂટફોલ રહેવાની આશા છે. આ કાર્યક્રમના સંયોજક શ્રી નરેન્દ્ર પુરોહિત છે. 5 દિવસ દરમિયાનના આ મેળામાં 100 જેટલાં સ્ટોલ્સ હશે જેમાં, ગૃહ અને કુટિર ઉદ્યોગની બહેનો તથા કારીગરોને રોજગારી આપવા માટે રાજસ્થાનના વિવિધ ઉત્પાદકોનું પ્રદર્શન તથા વેચાણ માટેનું પણ આયોજન કરાશે. 29મી માર્ચે આ કાર્યક્રમનું ઉદ્ઘાટન થશે. 30મી માર્ચના રોજ અનેક સાંસ્કૃતિક કાર્યક્રમોનું પ્રદર્શન થશે જેમાં રાજસ્થાનનો પ્રચલિત ગૈર ડાન્સ, કાલબેલીયા ડાન્સ, રંગારંગ સાંસ્કૃતિક સંધ્યા ,ફોક ડાન્સ પણ પ્રસ્તુત કરવામાં આવશે. અનેક નામાંકિત કલાકારો પોતાની કળા દર્શાવશે.

## મતદાર જાગૃતિ અંગે સિગ્નેચર કેમ્પેઈન યોજાયો



કિશોર આર. સોલંકી - જાફરાબાદ : પ્રત્યેક યુવા મતદારોને મતદાર જાગૃતિ કાર્યક્રમના એમ્બેસેડર બની વધુમાં વધુ મતદાન થાય તે માટે જાગૃતિ પ્રસરાવવા માટે અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી ની અપીલ સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેકટોરલ પાર્ટીસીપેશન (SVEEP) અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટશન પ્લાન (TIP) અંતગર્ત અમરેલી જિલ્લામાં યુવાન મતદારો અને પ્રથમ વખત મતદાન કરનાર મતદારોમાં મતદાન અંગેની જાગૃતિ પ્રસરાવવાના હેતુથી અમરેલી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અમરેલી સ્થિત મેડિકલ કોલેજના ઓડિટોરિયમમા અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી અને જિલ્લા ચૂંટણી કલેકટર શ્રી અજય દહિયાના અધ્યક્ષ સ્થાને તેમજ ખર્ચ નોડલ અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી પરિમલ પંડ્યાની પ્રેરક ઉપસ્થિતિમાં યુથ વોટર ફેસ્ટિવલ યોજાયો હતો અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી અને જિલ્લા કલેકટર શ્રી અજય દહિયાએ અમરેલી જિલ્લા ચૂંટણી તંત્રની કામગીરી તેમજ મતદાન પ્રક્રિયા પૂર્વ તંત્ર દ્વારા કરવામાં આવતી વિવિધ કામગીરી અંગે વિધાર્થીઓની વિગતો સાથે માર્ગદર્શન આપ્યું હતું ચૂંટણી જાહેર થતાં ની સાથે આદર્શ આચાર સંહિતા અમલી બને છે. અને કેટલીક બાબતો પ્રતિબંધિત હોય છે.

## મોટા લીમટવાડા ગામે ધુળેટી માં કલર છાંટવા બાબતે થયેલ માથાકૂટ બાદ ગુપ્ત ભાગમાં લાત મારતા ફરિયાદ

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા : નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના મોટા લીમટવાડા ગામ માં નજીવી બાબતે થયેલ મનદુઃખ બાદ તેની અદાવત રાખી ત્રણ યુવાનો એ એક ઈસમને માર મારી મારી નાંખવાની ધમકી આપતા ફરિયાદ નોંધાઇ છે, પ્રાપ્ત વિગતો અનુસાર વિક્રમભાઇ શાંતીલાલભાઈ વસાવા, રહે. મોટા લીમટવાડા ચંપા ફળીયું તા.નાંદોદ જિલ્લો.નર્મદા નાઓ એ આપેલી ફરિયાદ મુજબ તેઓ તા.૨૬/૦૩/૨૦૨૪ ના રાત્રીના દસેક વાગ્યાના આરસામાં પોતાના ઘરના આંગણામાં બેઠા હતા તે વખતે ફળીયાના (૧) જીતેન્દ્રભાઇ દેવનભાઇ વસાવા તથા (૨) અંકુશભાઇ નરેશભાઇ વસાવા બન્ને રહે. મોટા લીમટવાડા તા.નાંદોદ જી.નર્મદા તથા મોટા લીમટવાડા ગામનો જમાઇ તથા (૩) અત્યાભાઇ વસાવા રહે.ભચરવાડા તા.નાંદોદ જી.નર્મદા નાઓ તેમના ઘરે આવેલ અને ધુળેટીના દિવસે કલર લગાડવા બાબતે મનદુઃખ થતા તેની અદાવત રાખી આ ત્રણેય જણાએ તેમની સાથે બોલાચાલી કરી ઢીક્કા પાટુનો માર મારી જીતેન્દ્રભાઇ એ તેમને લાત વડે ગુપ્ત ભાગે મારી તથા આ ત્રણે જણાએ જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુનો કરતા રાજપીપળા પોલીસે ત્રણેય વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો છે.

## લીમખેડા 181 અભ્યમ ટીમે માતા પિતા અને પુત્રીનું સુખદ સમાધાન કરાવ્યું

દિપક રાવલ - દાહોદ : લીમખેડા તાલુકાના એક ગામમાંથી 18 વર્ષીય પીડિત મહિલાએ 181 પર ફોન કરીને જણાવેલ કે તેઓને લગ્ન નથી કરવાં પરંતુ માતા પિતા દ્વાર બળજબરીથી લગ્ન કરાવે છે તેમ જણાવતાં 181 અભયમ ટીમ લીમખેડા તાત્કાલિક ઘટના સ્થળ પર પહોંચી ગયેલ અને બંને પક્ષો જોડે વાતચીત કરતાં માતા - પિતા ને બળજબરીથી લગ્ન કરાવવાનું કારણ પૂછતાં તેઓએ જણાવેલ કે મારી દીકરી નર્સિંગ કરે છે અને મારી પરિસ્થિતિ ગરીબ છે જેથી હું હવે આગળ ભણાવી શકું તેમ નથી અને દીકરીનું માંગુ સારું આવેલ છે અને તેઓએ મારી દીકરીને અભ્યાસ કરાવવાની સંપૂર્ણ જવાબદારી આપી છે ત્યારે મારી દીકરીનું ભવિષ્ય વિચારીને હું લગ્ન કરાવવા માંગુ છુ તેમ જણાવતાં દીકરીને પણ સમજાવેલ કે તમને પસંદ હોય અને એવું સારું માંગુ હોય તો તમે તમારા ભવિષ્યનો વિચાર કરીને લગ્ન કરી શકો છો તમને અભ્યાસ કરાવવાની માતા-પિતા તેમની પાસેથી સંપૂર્ણ બાહેદરી સાથે લગ્ન કરાવશે અને માતા પિતા પોતાના બાળકને દુઃખ પડે તેમ ક્યારેય નથી.

# ખાલી પેટ અંજીર ખાવાથી શરીર બને છે લોખંડી



અનેક પરિવારો, ખાસ કરીને હેલ્થ કોન્શિયસ અને ખડતલ પરિવારો જેમકે વેઈટ લિફટર, કુસ્તીબાજોને સવારે ઉઠતાની સાથે સૌથી પહેલા બદામ અને ડ્રાય ફ્રૂટ્સ ખાતા જોયા હશે. અનેકવિધ ડ્રાયફ્રૂટ્સની સાથે તેઓ અંજીરના 4-5 ટુકડા અવશ્ય ખાય છે. જીમમાં જતા લોકો અને કુસ્તીબાજોનું આ મનપસંદ ડ્રાયફ્રૂટ છે. અંજીર શરીરને ખડતલ, મજબૂત બને છે અને ઉર્જાવાન બનાવે છે પરંતુ ઘણા ઓછા લોકોને ખ્યાલ હશે કે તે તમારા શરીરને મજબૂત-કઠણ બનાવવા માટે જ નહીં પરંતુ હેલ્થી રાખવા પણ અત્યંત જરૂરી ડ્રાય ફ્રૂટ છે. અંજીર ખાવાથી સ્વાસ્થ્યને એકંદરે ઘણો ફાયદો થાય છે. જાણીને નવાઈ લાગશે કે અંજીરમાં ભરપૂર માત્રામાં પોષણ રહેલું હોય છે અને તે અનેક બીમારીઓથી બચવામાં આપણા શરીરને મદદ કરે છે. તેમાં ડાયેટરી ફાઈબર અને આયર્ન, મેગ્નેશિયમ, ઝિંક, મેંગેનીઝ વગેરે જેવા ખનિજોનો ભરપૂર ખજાનો અને અનેક જરૂરી વિટામિન્સ પણ રહેલા છે. સવારે ખાલી પેટે અંજીર ખાવાના સ્વાસ્થ્યને શું-શું લાભો થશે તેનો ખ્યાલ આ લેખમાં તમને વિગતવાર આપવામાં આવશે.

**Heart માટે હેલ્થી ફ્રૂટ |** અંજીર ખાવાથી સ્થૂળતા, કોલેસ્ટ્રોલ, બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ જેવા હૃદયરોગની જોખમ વધારતી સ્થિતિમાં સુધારો કરવામાં મદદ મળે છે. આમ આ ડ્રાયફ્રૂટ હૃદયને સ્વસ્થ રાખવામાં પણ ખૂબ જ ફાયદાકારક રહે છે. આ સિવાય અંજીરને હાડકાં અને સ્નાયુઓને મજબૂત રાખવા, શરીરની શક્તિ વધારવા અને સ્ટ્રેન્થ માટે શ્રેષ્ઠ સૂકા ફળોમાંથી એક માનવામાં આવે છે. આ જ કારણ છે કે કુસ્તીબાજો પણ અંજીર ભરપેટ ખાય છે. આ ખાવાથી હાડકા મજબૂત બને છે તથા માંસપેશિયોને યોગ્ય પોષણ આપી જાય કરે છે.

**ઈમ્યુનિટી વધારે છે |** અંજીર ખાવાથી શરીરની બીમારીઓ સામે લડવાની ક્ષમતા એટલકે ઈમ્યુનિટી પાવર વધે છે. તેમાં હાજર એન્ટીઑક્સીડન્ટ અને આવશ્યક પોષક તત્વો શરીરને પૂરતું પોષણ આપે છે. ઉપરાંત તે વારંવાર બીમાર પડવાની સમસ્યાને સુધારે છે. તે શરીરને વાયરલ એટલેકે મોસમી ચેપ અને ફ્લૂ સામે રક્ષણ આપે છે.

**વેઈટ લુસમાં મદદરૂપ |** વજન ઘટાડવા ઈચ્છુક લોકો માટે આ વધુ સારું ડ્રાયફ્રૂટ છે. અંજીરના માત્ર 3-4 ટુકડા ખાધા પછી તમને પેટ ભરેલું લાગશે. તે વજન ઘટાડવા માટે જરૂરી કેલરીની માત્રા જાળવવામાં મદદ કરે છે. ઉપરાંત તેને ખાવાથી તમને બિનઆરોગ્યપ્રદ ખોરાક ખાવાની ઈચ્છા પણ થતી નથી.

**કબજિયાત માટે રામબાણ ઈલાજ |** ભરપૂર માત્રામાં ડાયેટરી ફાઈબર હોવાથી અંજીર આંતરડાના સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે. આ આપણી પાચન પ્રક્રિયાને સુધારે છે અને આંતરડામાં સારા બેક્ટેરિયાનું સંતુલન જાળવી રાખે છે. આ સિવાય અંજીર આંતરડાની બળતરા અને અલ્સરને મટાડવામાં મદદ કરે છે. તે પેટનો ગેસ, કબજિયાત, અપચો, એસિડિટી અને પેટ સંબંધિત અન્ય સમસ્યાઓની સારવાર અને નિવારણમાં મદદરૂપ થાય છે.

# તમારે કાળઝાળ ઉનાળામાં ACનું બિલ ઘટાડવું છે?

ગરમીથી રાહત મેળવવા માટે લોકો ઘરમાં એસી લગાવતા હોય છે, પરંતુ ઈલેક્ટ્રિસિટી બિલ ઊંચું આવતું હોવાથી લોકોનું ટેન્શન વધી જાય છે. આથી લોકો તેનો સંભાળીને ઉપયોગ કરતા હોય છે. આમ છતાં ઘણાં લોકોને એસી ક્યા ટેમ્પરેચર પર ચલાવવું અને ઓછું બિલ આવે એ રીતે તેનો કેવી રીતે ઉપયોગ કરવો તેની માહિતી હોતી નથી. આ સ્થિતિમાં જાણીએ કે કેવી રીતે એસી ચલાવવું યોગ્ય છે.



## શરીરના તાપમાન પ્રમાણે એસીનું 24 ડિગ્રી તાપમાન યોગ્ય

નિષ્ણાતો પણ માને છે કે 24 ડિગ્રી પર એસી સ્વાસ્થ્ય માટે સારું છે. કારણ કે, માનવ શરીરનું સરેરાશ તાપમાન 36 થી 37 ડિગ્રી હોય છે. તેનો અર્થ એ કે આનાથી ઓછું કોઈપણ તાપમાન આપણા માટે કુદરતી રીતે ઠંડુ છે અને 24 ડિગ્રી તમને રાહત આપવા માટે પૂરતું છે. એવામાં, ડોકટરો પણ માને છે કે માનવ શરીર માટે 24 ડિગ્રી પૂરતી છે.

## બિલ ઓછું કરવા શું રાખવું તાપમાન?

મોટાભાગના લોકોની આદત હોય છે કે તેઓ એસી ચાલુ કરતાની સાથે જ તેને 18 કે 21 ડિગ્રી પર ચલાવવાનું શરૂ કરી દે છે. જો કે આ યોગ્ય બાબત નથી. ખાસ કરીને જો તમે વીજ બિલ ઓછું કરવા માંગો છો તો પછી તે માટે યોગ્ય તાપમાન શું હોય છે? તે જોવું પણ ખૂબ જ મહત્ત્વનું છે.

## એસીને 24 ડિગ્રી પર ચલાવો

સરકારે વર્ષ 2020 થી એસી માટે 24 ડિગ્રી ડિફોલ્ટ સેટિંગ કર્યું છે અને નિષ્ણાતો પણ માને છે કે એસી ચલાવવા માટે આ યોગ્ય ટેમ્પરેચર છે. ઘણાં અભ્યાસમાં બહાર આવ્યું છે કે દરેક એક ડિગ્રી માટે 6 ટકા જેટલી વીજળીની બચત થાય છે. એસી જેટલા નીચા તાપમાન પર ચાલે છે તેટલું જ વધુ કોમ્પ્રેસર કામ કરે છે અને વીજળીનું બિલ વધારે આવે છે. મતલબ કે એસીને વધુ તાપમાને ચલાવવાથી દરેક ડિગ્રીમાં વીજળીની બચત કરી શકાય છે.

# ગરમીથી મળશે રાહત

## ઉનાળામાં સોડાની જગ્યાએ પીવો આ બૂસ્ટર ડ્રિંક

સ્વાસ્થ્યના દૃષ્ટિકોણથી, તમારે સોડા ડ્રિંકને બદલે તમારી દિનચર્યામાં આ આરોગ્યપ્રદ પીણાંનો સમાવેશ કરવો જોઈએ. આજે અમે તમને જે ડ્રિંક્સ વિશે જણાવી રહ્યા છીએ તે પીવાથી તમે માત્ર તાજગી અનુભવશો જ પરંતુ તમારી રોગપ્રતિકારક શક્તિ પણ મજબૂત થશે. ઉનાળાની ઋતુ શરૂ થતાં જ લોકોને કંઈક ઠંડુ પીવાનું મન થાય છે. મૂડને ફ્રેશ કરવા માટે પીવું ક્યારે આદત બની જાય છે તેની ખબર જ નથી પડતી. સ્વાદના હિતમાં, લોકો ઘણીવાર તેનાથી થતા નુકસાનની અવગણના કરે છે. સોડા પીણાંમાં સોડિયમ અને કાર્બન હોય છે જે સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક છે. કેટલાક લોકો દરરોજ સોડા ડ્રિંક પીવે છે, આ લોકોમાં અકાળે હાઈ બ્લડ પ્રેશર અને હૃદય રોગનું જોખમ વધી જાય છે. તેનો સ્વાદ વધારવા માટે આર્ટિફિશિયલ સ્વીટનરનો ઉપયોગ કરવામાં આવે છે, જે આપણા શરીર માટે ઝેરથી ઓછું નથી. સોડા ડ્રિંક પીવાથી ટાઈપ 2 ડાયાબિટીસ, કેન્સર અને અસ્થમા જેવી ગંભીર બીમારીઓનું જોખમ વધી જાય છે.



### નાળિયેર પાણી

જો તમે ઉનાળામાં રિફ્રેશિંગ ડ્રિંક શોધી રહ્યા છો, તો તમે સોડા ડ્રિંકને બદલે નારિયેળ પાણી પી શકો છો. નારિયેળ પાણીમાં ઈલેક્ટ્રોલાઈટ્સ ભરપૂર માત્રામાં જોવા મળે છે, જે શરીરને ઈન્સ્ટન્ટ એનર્જી પ્રદાન કરે છે. આ સાથે નારિયેળ પાણી પીવાથી શરીરને પૂરતું પોષણ મળે છે અને રોગપ્રતિકારક શક્તિ પણ વધે છે. તમે તેને તમારા વજન ઘટાડવાની મુસાફરી દરમિયાન પણ પી શકો છો.

### મિન્ટ ડ્રિંક

જો તમે ઉનાળામાં સોફ્ટ ડ્રિંક પીવાના શોખીન છો તો તમે ફુદીનાનું પીણું પી શકો છો. ઉનાળામાં ફુદીનાનું પીણું પીવાથી પાચનક્રિયા સ્વસ્થ રહે છે અને તે તમારી ત્વચાને સ્વસ્થ અને ચમકદાર રાખવામાં પણ મદદ કરે છે.

### હર્બલ ટી

ચા એ ભારતના લોકો માટે શ્રેષ્ઠ પીણું છે, તેથી જો તમે તાજગી માટે પીણું શોધી રહ્યા હોવ તો તમે હર્બલ ટી પી શકો છો. આમાં તમે હિબિસ્કસ, ગુલાબ અને કેમોલી ચા બનાવી શકો છો. હર્બલ ટીમાં ભરપૂર માત્રામાં એન્ટી-ઓક્સીડેન્ટ હોય છે જે શરીરને અનેક રોગોથી બચાવે છે.

### લીંબુ પાણી

એસિડિટી દૂર કરવા માટે જો તમે સોડા ડ્રિંક પીતા હોવ તો તેના બદલે લીંબુ પાણી પી શકો છો. વિટામિન સી ભરપૂર હોવાથી તે તમને ડિહાઈડ્રેશનથી બચાવે છે. જ્યાં એક તરફ સોડા ડ્રિંકથી વજન વધે છે, તો બીજી તરફ લીંબુ પાણી વજનને કંટ્રોલ કરવાનું સરળ બનાવે છે.

# આ આયુર્વેદિક ઉપાયો કરશો તો ચહેરા પરથી તુરંત ગાયબ થશે ખીલ અને ખીલના ડાઘ

ખીલની સમસ્યા કોઈપણ વ્યક્તિને થઈ શકે છે. ખીલનો જેન્ડર કે ઉંમર સાથે કોઈ સંબંધ હોતો નથી. ખીલ થવાનું મુખ્ય કારણ હોર્મોનલ ચેન્જીસ પણ હોઈ શકે છે અને સાથે જ જંક ફૂડ કે તળેલું ખાવાની આદત પણ હોઈ શકે છે. આ સિવાય જે લોકોની સ્કિન ઓઈલી હોય તેમને પણ ખીલની સમસ્યા વધારે રહેતી હોય છે. સ્કીનમાંથી વધારે ઓઈલ નીકળવાના કારણે પોર્સ બ્લોક થઈ જાય છે અને તેના કારણે ખીલ થવા લાગે છે. ખાસ કરીને ઉનાળાના દિવસોમાં જેમની ઓઈલી સ્કિન હોય તેમણે સ્કીનની એક્સ્ટ્રા કેર કરવાની જરૂર પડે છે. આજે તમને આવા જ કેટલાક સ્કીન કેર ઉપાયો વિશે જણાવીયે. જેને કરવાથી ખીલથી ઝડપથી મુક્તિ મળે છે અને સાથે જ ત્વચા પરથી ડાઘ પણ દૂર થઈ જાય છે. આજના સમયમાં લોકોને જીવનશૈલી દોડધામ ભરેલી થઈ ગઈ છે. જેના કારણે લોકો પાસે સ્કીન કેરનો પણ સમય નથી.





### સૂકા ધાણા

સૂકા ધાણાનો પાવડર બનાવી તેમાં દૂધ મિક્સ કરી ઘટ્ટ પેસ્ટ બનાવો. હવે આ પેસ્ટને જે આ પિમ્પલ થયા હોય ત્યાં લગાડો. 10 મિનિટ પછી પાણીથી તેને સાફ કરી લો.



### જાયફળ

જાયફળની મદદથી પણ ખીલને દૂર કરી શકાય છે.. તેના માટે જયફળનો પાવડર કરી તેમાં કાચું દૂધ મિક્સ કરો. ત્યાર પછી આ પેસ્ટને ચહેરા પર લગાડો. દસ મિનિટ પછી નોર્મલ પાણીથી ચહેરો સાફ કરી લો.

**કાળા મરી |** કાળા મરીનો પાવડર બનાવી તેમાં પણ દૂધ મિક્સ કરી પેસ્ટ બનાવી લો. હવે આ પેસ્ટને ખીલ ઉપર લગાડી દસ મિનિટ રાખો. ત્યાર પછી ઠંડા પાણીથી ચહેરો સાફ કરી લો. મરીનો ઉપયોગ કરો તો આ પેસ્ટને ફક્ત એ જગ્યાએ જ લગાડો જ્યાં ખીલ છે આખા ચહેરા પર લગાડવું નહીં. અહીં દર્શાવેલા ફેસપેકને અઠવાડિયામાં બે થી ત્રણ વખત ચહેરા પર લગાડવાનું રાખશો તો ચહેરા પરથી ખીલ અને ખીલના કારણે પડેલા ડાઘા તુરંત જ દૂર થઈ જશે.

# પપ્પાની નનામી ઉઠતા જ દિકરીઓ ચોધાર આંસુડે રડવા લાગી...

**પપ્પા ને તો નખમાં પણ કોઈ રોગ નહતો,એની આંખો અને દાત તો યુવાન ને પણ શરમાવે એવા હતા. મોતિયો સુધ્ધા નહતો આવ્યો.સાચું કહું વાર્તા ના મારા પપ્પા યુવાન વૃદ્ધ હતા.કદાચ એને એના મિત્ર વગરનું જીવન કબૂલ નહતું,... જીવન ની એકલતા એ એને શાંત અને ઉદાસ બનાવી દીધા હતા. શનિવાર ના દિવસે દિકરીઓ જમાઈ સાથે આવતી ત્યારે આખો દિવસ ધમાલ રહેતી છતાંય એ બધા વચ્ચે ભલે બેઠા હોય પરંતુ ક્યાંક ખોવાઈ જતા હતા.**



**મારા પપ્પા નું વિશ્વ**
**- રુપાલી દવે**

........સોસાયટી ની અંદર અને બહાર દીકરીઓનાં સાસરિયાં,સગા સબંધીઓ,પપ્પા ના ભાઈબંધો વગેરે ના વાહનો ની લાંબી કતાર લાગી હતી.કૃષ્ણાશ્રય ની અંદર અને કમ્પાઉન્ડ માં ને ગલી મા પપ્પાના ઉમદા સ્વભાવ ના સબંધ ખાતર માણસોથી ભરાઈ ગયું હતું. ગલી માં પણ ઠેર ઠેર ગાડીઓ પાર્ક કરેલી હતી.ઘર માં અંદર જઈને લોકો શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માં ભીડ વધારે હતી. જ્યાં જગ્યા મળે ત્યાં લોકો ઊભા હતા.

.....પપ્પાની નનામી ઉઠતા જ દિકરીઓ ચોધાર આંસુડે રડવા લાગી.નનામી ને આગળ થી મીનું અને વિભાએ ટેકો આપ્યો અને પાછળ થી રૂપલ અને કૃપા એ ખભે ટેકો આપ્યો.રેવતી દોણી લઈને રડતા રડતા આગળ એના ફઈ ના દીકરા સાથે નીકળી.મીનું સાથે અભી,વિભા સાથે કેતુ,રૂપલ સાથે યુગ અને કૃપા સાથે સુકેતુ ચાલી રહ્યા હતા.અનાથ થાકેલી આંખો સાથે રડતી દિકરીઓને જોઈને ખુદ ભગવાન ને પણ થતું હતું કે કાશ પપ્પા નું આયુષ્ય વધાર્યું હોત તો સારું હતું.શું થાય સમય પૂરો થતાં સ્વજન થી છૂટા પડવું પડે છે. દીકરીઓના રડતા ચહેરા જોઈને ત્યાં ઉપસ્થિત લોકોના મોં પર વાક્ય હતા કે જોશી સાહેબ ના ગયા પછી દીકરીઓનું શું????. સુમન બેન બે વર્ષ પહેલાં મૃત્યુ પામ્યા ત્યારે મમ્મી ના મૃત્યુ માં દુઃખી દીકરીઓને જોશી સાહેબે સાંભળી લીધી હતી. પરંતુ હવે દિકરીઓની સંભાળ કોણ રાખશે?કદાચ જોશી સાહેબ ની બહેન અને જીજાજી ખૂબ પ્રેમાળ છે એટલે એ લોકો દીકરીઓને સાચવી લેશે...

.......પપ્પા ની નનામી તો ઘરની બહાર નીકળી પરંતુ પપ્પા નો આત્માઉભો રહ્યો ને બેઠક ખંડ ની દીવાલ પર લગાવેલ પત્ની ના ફોટાપરના સુખડ ના હાર પર બેસીને હિચકવા લાગ્યા.આમ તો ઘર આખું ખાલી હતું મોના અને અંજુ અન્ય સ્ત્રીઓ સાથે નનામી ને અંતિમ વિદાઈ આપવા સોસાયટી બહાર ઉભેલ એમબ્યુંલન્સ સુધી પાછળ પાછળ ગયા હતા. પપ્પા નો આત્મા બેઠક ખંડ ના દરવાજા તરફ નજર કરી ને પાંચેય દિકરીઓની સ્મશાન થી પરત ફરવાની રાહ જોવા લાગ્યા.

.,..પપ્પા,જુવે છે કે બહેન મોના એની બન્ને વહુઓ આગળ સંથારો સાફ કરાવી રહી છે પરંતુ મોના ની આંખો માંથી નીકળતા આંસુઓ અટકવાનું નામ નથી લેતા. મૃત પપ્પા ના આત્મા એ મોના ના ખંભે હાથ મૂક્યો ને શાંત રાખવા પ્રયત્ન કર્યો પરંતુ ભાઈ ની છત્રછાયા ગુમાવવાનું દુઃખ શું? એ મોના ફઈ નું દિલ જાણતું હતું.

હું વાર્તા હોવા છતાંય મારા લેખકના રડી રડીને લાલ લાલ ઉદાસ થઇ ગયેલા ચહેરા તરફ નજર કરતા રડી રહી છું. પિતા શું? આ શબ્દ માત્ર દીકરીઓ સમજે છે.આમ તો દીકરીઓ વહાલ નો દરિયો કહેવામાં આવે છે પરંતુ વાર્તા ના મતે પિતા જ વહાલ નો દરિયો છે.નિસ્વાર્થ લાડ લડાવ્યા બાદ સાસરે અન્ય હાથમાં દીકરી સોંપતી વખત નું દર્દ શું? એ સમજવા માટે પિતા જેટલું વિશાળ હ્રદય હોવું જરૂરી છે..દુનિયાના પ્રત્યેક પિતાને દીકરી જનમ્યા નો અત્યંત આનંદ ને ખુશી હોય જ છે પરંતુ યુવાન થતાં સાસરે વળાવી પડશે એ દર્દ..શરીર નો ભાગ કાપતા દર્દ થાય છે ને એથી વધારે સમજો.દીકરીઓના પિતાને મૃત્યુ બાદ પણ મરવું પોસાતું નથી.સાસરે વળાવેલ દીકરીઓની ચિંતા સતાવ્યા કરતી હોય છે. નિર્જીવ વાર્તા ને વાચા નથી એટલે પણ શબ્દો માં એટલું કહીશ કે 'પરમાત્મા એ દીકરીઓના બાપ ને નિરાંતના સમયે ખુદ કઠણ કાળજાના વાળા મનુષ્ય ને ઘડિયો છે એટલે તો દીકરીઓ ના બાપ નસીબદાર હોય છે'....પપ્પા ને કાંધ આપીને પાંચેય દિકરીઓ પપ્પાના પાર્થિવ દેહ સાથે એમ્બ્યુલન્સ માં સ્મશાન જવા નીકળી ગઈ.

...મોટી દીકરી મીનું ના સસરા વિનોદભાઈ ના મૃત્યુ વખતે પપ્પા ને ખૂબ દુઃખ થયું હતું.એના મૃત્યુ બાદ પપ્પાને એવું લાગતું હતું કે લાઈફ પૂરી થઈ ગઈ..બન્ને ની દોસ્તી એવી હતી કે એકબીજા વગર દિવસ પૂરા થતા નહતા.એમાં મીનું નો દીકરો દેવેન વિદેશ ભણવા માટે જતો રહીયો એ પછી તો પપ્પા ને ક્યાંય ગમતું નહતું. શું થાય મન મારી ને દેવેન ને વિદેશ જવાની હા તો પાડી દીધી પરંતુ દેવેન વગર એનું મન નહતું લાગતું. દેવેન ના વિદેશ ગયાના વર્ષપણ પૂરું નહતુ થયું ત્યાંજ પપ્પાનું મૃત્યુ થઈ ગયું....

...વિનોદ કાકા નાં મૃત્યુનું વર્ષ બાદ એજ વર્ષમાં મમ્મીનું હાર્ટ એટેક થી મૃત્યુ પામી.આમ તો મીનું, વિભા અને રૂપલ પપ્પા ને એકલા રાખતી નહતી પણ વિનોદ કાકા અને મમ્મી પપ્પા ની ખાસ કંપની હતી.રૂપલ પપ્પા ખુશ રહે ને એને એકલું નાં લાગે એટલે દરરોજ સવારે યોગા ક્લાસમાં લઈ જતી,એને થતું કે કાશ પપ્પા ને યોગા ક્લાસ માં એની ઉમર ની કંપની મળી જાય.રૂપલ ઘરે પપ્પા ને ડ્રોપ કરવા આવતી ત્યાં સુધીમાં વિભા ઊંઘી ને ઉઠી જતી હતી.એ પપ્પા ને એની સાથે હોસ્પિટલ લઈ જતી હતી જેથી એનું ધ્યાન રહે..

વિભા એ મમ્મી ના મૃત્યુ બાદ રસોઈ ને ઘરના કામકાજ માટે જીવો અને તખું પતિપત્ની ને ઘરનું આઉટ હાઉસ રહેવા માટે આપ્યું હતું,જેથી દિવસભર પપ્પા અને ઘરનું ધ્યાન રહે. જીવો ઘરનું કામકાજની સાથે પપ્પાની સેવા કરતો હતો, તખુ સવાર સાંજની રસોઈ ચા વગેરે કરતી હતી.બન્ને પતિપત્ની પપ્પા ની ખૂબ પ્રેમથી સેવા કરતા ને કૃષ્ણાશ્રય ની સાફસફાઈ કાળજીપૂર્વક ધ્યાન થી કરતા હતા. કોઈવાર ઓપરેશન ના લીધે હોસ્પિટલ મા મોડું થઈ જાય તો વિભા હોસ્પિટલે થી ના આવે ત્યાં સુધી તખું પપ્પા ની સાથે રહેતો હતો.તખું ની દિનરાત ની સેવા અને દીકરીઓનો સાથ હોવા છતાંય પપ્પા ને વિનોદ કાકા અને પત્ની સુમન ની ખોટ સતત ખોટ અનુભવાતી હતી. મજાક કરી કરીને બીજાને હસાવીને ખુદ હસતા પપ્પા ક્યાંક ખોવાઈ ગયા હતા? નાની નાની વાતોને ઉમંગથી ભરીને ઉજવતા,દરેક પળ ને જીવતા મારા પપ્પા પર કોઈની નજર લાગી ગઈ હોય એવું લાગતું હતું.

પપ્પા ને તો નખમાં પણ કોઈ રોગ નહતો,એની આંખો અને દાત તો યુવાન ને પણ શરમાવે એવા હતા. મોતિયો સુધ્ધા નહતો આવ્યો.સાચું કહું વાર્તા ના મારા પપ્પા યુવાન વૃદ્ધ હતા.કદાચ એને એના મિત્ર વગરનું જીવન કબૂલ નહતું,... જીવન ની એકલતા એ એને શાંત અને ઉદાસ બનાવી દીધા હતા. શનિવાર ના દિવસે દિકરીઓ જમાઈ સાથે આવતી ત્યારે આખો દિવસ ધમાલ રહેતી છતાંય એ બધા વચ્ચે ભલે બેઠા હોય પરંતુ ક્યાંક ખોવાઈ જતા હતા. ઘણીવાર કૃપા પપ્પા ને ટોકતી ને કહેતી હતી કે પ્લીઝ પપ્પા થોડું તો હસો તમને સૂનમૂન જોઈને મને રડવું આવે છે...ત્યારે પપ્પા હસી ને બોલતા કે તું નાહક ની ચિંતા કરે છે...

બેટા,શું કરું વૃદ્ધ થઈ ગયો છું ને એટલે મને હસવું નથી ગમતું. ૭૫વર્ષની ઉંમર માં ગાલ પર કરચલી પડી ગઈ છે એ કરચલીઓ જોઈને કંટાળી જવ છું...ત્યારે વિભા પપ્પા ના ગાલ પ્રેમથી ખેંચી ને ડાયલોગ મારતી ' ચલ બાપુ જીતેન્દ્ર ની જેમ પ્લાસ્ટિક સર્જરી કરાવી લઈએ.'...પપ્પા વિભાના ખિલખિલ કરતા ચહેરા તરફ નજર ને હસ્તા હસતા કહેતા હતા કે આમ તો મારી લાડકીને મજાક મસ્તી કરતા કાયમ બળ પડે છે પણ બાપા ની મજાક ની વાત આવશે તો અચૂક મેદાને પડશે...બંધ આંખો બંધ કરીને વિભા નો હાથ પકડીને કહેતા હતા કે પાંચેય દિકરીઓની ફરજ સુમન ની હાજરી માં નિભાવી દીધી..મને માફ કરજે કદાચ તારી ફરજ નિભાવવા જીવતો ના રહું તો....

મૃત્યુ માટે પણ કારણ જરૂરી હોય છે.. કેમ?..ચોપડા માં લખવું તો પડે ને કે ક્યાં કારણોસર લાંબા ગાળા ની રજા લેવી છે...



# અજય દેવગનની ફિલ્મ મેદાન 3 કલાકથી વધુ લાંબી

## ઈદ પર બડે મિયાં છોટે મિયાં સાથે ટક્કર થશે

સેન્સર બોર્ડે અજય દેવગનની ફિલ્મ 'મેદાન'ને કોઈપણ કટ વગર 'યુ' સર્ટિફિકેટ આપ્યું છે. ફિલ્મની લેન્થ 3 કલાક 2 મિનિટ છે. આ ફિલ્મ ઈદ પર હિન્દી, તમિળ, તેલુગુ અને કન્નડ ભાષામાં રિલીઝ થશે. અજય અભિનીત આ ફિલ્મ સૈયદ અબ્દુલ રહીમના જીવન પર આધારિત સ્પોર્ટ્સ ડ્રામા બાયોપિક છે, જેઓ 1950 થી 1963 દરમિયાન ભારતીય રાષ્ટ્રીય ફૂટબોલ ટીમના કોચ અને મેનેજર હતા.

ફિલ્મમાં અજય રહીમના રોલમાં જોવા મળશે. પ્રિયમણીએ તેની પત્નીનો રોલ કર્યો છે. આ બંને સિવાય ફિલ્મમાં ગજરાજ રાવ, સ્લોચિતા અને રુદ્રનીલ ઘોષ પણ લીડ રોલમાં જોવા મળશે.

આ ફિલ્મની જાહેરાત 2018માં કરવામાં આવી હતી. ત્યારથી અત્યાર સુધીમાં તેની રિલીઝ લગભગ 5 વખત મોકૂફ રાખવામાં આવી છે.

શરૂઆતમાં આ ફિલ્મનો સેટ દહિસરમાં બનાવવામાં આવ્યો હતો જ્યાં ઓલિમ્પિક ગ્રાઉન્ડ અને રનિંગ ટ્રેક જેવા ઘણા સેટ 9 એકરમાં બનાવવામાં આવ્યા હતા. આ સેટ પર 30 થી 35 દિવસનું શૂટિંગ બાકી હતું, પરંતુ લોકડાઉન અને મહામારીને કારણે બાકીના ભાગનું શૂટિંગ લાંબા સમય સુધી થઈ શક્યું નથી.

આ સેટ બનાવવાનો ખર્ચ 7 કરોડ રૂપિયા હતો. ચક્રવાત નિસર્ગને કારણે ફિલ્મના સેટને પણ ઘણું નુકસાન થયું છે. આ ફિલ્મને 'બધાઈ હો' ફેમ ડિરેક્ટર અમિત શર્માએ ડિરેક્ટ કરી છે. તેના નિર્માતા બોની કપૂર છે.

આ ફિલ્મ વિશે વાત કરતાં નિર્માતા બોની કપૂરે કહ્યું હતું કે, 'મને આશ્ચર્ય થયું કે ઘણા લોકો સૈયદ અબ્દુલ રહીમની સિદ્ધિઓથી વાકેફ નથી. તે એક અનસંગ હીરો છે જેનું સન્માન કરવું જોઈએ.

તેમની ટીમમાં ચુન્ની ગોસ્વામી, પીકે બેનર્જી, બલરામ અને અરુણ ઘોષ જેવા હીરો પણ હતા. અમને આશા છે કે આ ફિલ્મ યુવાનોને ફૂટબોલ રમવા માટે પ્રેરિત કરશે. 10 એપ્રિલે ઈદ પર રિલીઝ થઈ રહેલી 'મેદાન'ની ટક્કર અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફ સ્ટારર 'બડે મિયાં છોટે મિયાં' સાથે થશે. હાલમાં જ આ ફિલ્મનું ટ્રેલર પણ રિલીઝ કરવામાં આવ્યું છે.

# અજય દેવગન ટૂંક સમયમાં શૈતાન-2ની જાહેરાત કરશે

## જાદુ-ટોણા સાથે ફેમસ જગ્યા સાથે જોડાયેલી હશે ફિલ્મની કહાણી?

અજય દેવગન અને આર માધવન સ્ટારર ફિલ્મ 'શૈતાન' થિયેટરોમાં જબરદસ્ત કમાણી કરી રહી છે. ત્રીજા સપ્તાહમાં ચાલી રહેલી આ ફિલ્મ ગત અઠવાડિયે રિલીઝ થયેલી બે નવી ફિલ્મો 'મડગાંવ એક્સપ્રેસ' અને 'સ્વાતંત્ર્ય વીર સાવરકર' કરતાં પણ વધુ કલેક્શન કરી રહી છે.

આ દરમિયાન એવું સાંભળવામાં આવ્યું છે કે અજય દેવગન ટૂંક સમયમાં આ ફિલ્મના બીજા પાર્ટની જાહેરાત કરવા જઈ રહ્યો છે. ઈન્ડસ્ટ્રીમાં એવી ચર્ચા છે કે ફિલ્મના નિર્માતા અજય દેવગન અને દિગ્દર્શક વિકાસ બહલ ફિલ્મને મળી રહેલા જાહેર પ્રતિસાદથી ખૂબ જ ખુશ છે.

આવી સ્થિતિમાં તેઓએ ટૂંક સમયમાં તેના બીજા પાર્ટની જાહેરાત કરવાનું નક્કી કર્યું છે. આ વિશે વાત કરતાં ફિલ્મમાં જાહન્વીનું પાત્ર ભજવનાર અભિનેત્રી જાનકી બોડીવાલાએ કહ્યું, 'તમે જાણો છો કે ફિલ્મમેકર્સ કેવી રીતે કામ કરે છે. કેટલીકવાર યોગ્ય સમય ન આવે ત્યાં સુધી કંઈ ન બોલવું સારું. 'શૈતાન 2'ની જેમ જ જ્યાં રહસ્ય અને આશ્ચર્ય એ રોમાંચનો ભાગ છે. હું ફક્ત એટલું જ કહીશ કે તૈયાર રહો, કંઈક અણધાર્યું થવાનું છે.


ફિલ્મ સાથે જોડાયેલા એક સ્ત્રોતની વાત માનીએ તો તેના બીજા પાર્ટની વાર્તા પણ કાળા જાદુની આસપાસ વણાયેલી હશે. જો કે, આ વખતે વાર્તા ફરીથી પરિવારને ટાર્ગેટ કરવા વિશે નહીં હોય. તેની વાર્તા મહારાષ્ટ્રના કોકમમાં સેટ થશે. કોકમને મહારાષ્ટ્રનું બ્લેક મેજિક સેન્ટર પણ કહેવામાં આવે છે.

નિર્માતા તેના બીજા ભાગમાં પ્રથમ ભાગની મુખ્ય સ્ટાર કાસ્ટને રિપીટ કરશે. સહાયક કલાકારોને ફાઈનલ કરીને ફિલ્મ ફ્લોર પર લાવવામાં આવશે. 'શૈતાન' એ ગયા ફેબ્રુઆરી 2023માં રિલીઝ થયેલી ગુજરાતી ફિલ્મ 'વશ'ની રિમેક છે. અજયે જૂન 2023માં આ ફિલ્મની રિમેક બનાવવાનું નક્કી કર્યું હતું. શરૂઆતમાં તે આ ફિલ્મ સાથે નિર્માતા તરીકે જોડાયેલો હતો પરંતુ પછી તેણે તેમાં પણ એક્ટિંગ કરવાનું નક્કી કર્યું.

બોક્સ ઓફિસ કલેક્શનની વાત કરીએ તો ફિલ્મે 20માં દિવસે બુધવારે 1 કરોડ 67 લાખ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો. હવે આ ફિલ્મનું કુલ ભારતીય કલેક્શન 135.84 કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે. અને વિશ્વભરમાં તે ટૂંક સમયમાં રૂ. 200 કરોડના આંકડાને સ્પર્શી જશે.

## હોસ્પિટલ પહોંચતા જ અફરા-તફરી મચી જવા પામી; દર્દીઓ ડ્રિપ લઈને એક ઝલક જોવા માટે દોટ મૂકી

# ફરાહની ડિલિવરી સમયે શાહરુખ મળવા ગયો હતો



ફિલ્મ મેકર અને કોરિયોગ્રાફર ફરાહ ખાનની ડિલિવરી દરમિયાન કિંગ ખાન એટલે કે શાહરુખ ખાન તેને મળવા આવ્યો હતો. ફરાહ 35 દર્દીઓ સાથે હોસ્પિટલમાં હતી. શાહરુખ જ્યારે ફરાહને મળવા ગયો ત્યારે થોડીવાર માટે નાસભાગ જેવી સ્થિતિ સર્જાઈ હતી. શાહરુખને જોઈને ત્યાં હાજર દરેક લોકો ઉત્સાહિત થઈ ગયા હતા. લોકો શાહરુખને જોવા માટે ડ્રિપ લઈને બહાર આવી રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ફરાહ ખાન 2008માં એક સાથે ત્રણ બાળકોની માતા બની હતી. ણે IVF ટેકનિકની મદદથી ત્રણેય બાળકોને જન્મ આપ્યો.

નોવા IVF ઈન્ફર્ટિલિટી યુટ્યુબ ચેનલ સાથે વાત કરતી વખતે ફરાહ ખાને તેની ગર્ભાવસ્થા અને ડિલિવરીની યાદો શેર કરી. આ એપિસોડમાં તેમણે શાહરુખ ખાનનો ઉલ્લેખ કર્યો હતો. ફરાહે કહ્યું- મારી ડિલિવરીના દિવસે શાહરુખ મને હોસ્પિટલમાં મળવા આવ્યો હતો.

મને જે રૂમમાં દાખલ કરવામાંઆવી હતી ત્યાં પહેલેથી જ 35 મહિલાઓ હતી. દરેકના હાથમાં ડ્રિપ હતાં. શાહરુખને જોઈને તે પાગલ થઈ ગઈ હતી. તેમની એક ઝલક માટે મહિલાઓ ડ્રિપ લઈને બહાર આવી ગઈ હતી. ફરાહે કહ્યું કે શાહરુખ એ વ્યક્તિ હતો જેમણે ખરાબ સમયમાં સૌથી વધુ સાથ આપ્યો છે. ફરાહ 'ઓમ શાંતિ ઓમ'ના શૂટિંગ દરમિયાન ગર્ભ ધારણ કરવા માગતી હતી. ફરાહે કહ્યું- ઓમ શાંતિ ઓમના શૂટિંગ દરમિયાન ડોક્ટરે મને કહ્યું કે હું આ વખતે પણ પ્રેગ્નન્ટ ના થઈ શકી. આ સાંભળીને હું ખૂબ રડી હતી. શાહરુખ સમજી ગયો કે કંઈક ખોટું છે. તેમણે મને તેની વેનિટી વેનમાં બોલાવી અને ઘણું સમજાવ્યું. મને આરામ કરવાની સલાહ પણ આપી.


**ફરાહે શાહરુખની ત્રણ ફિલ્મોનું નિર્દેશન કર્યું છે :** ફરાહ ખાનની પ્રથમ દિગ્દર્શિત ફિલ્મ' મૈં હૂં ના'માં શાહરુખ મુખ્ય ભૂમિકામાં હતો. આ ફિલ્મે ફરાહને ડિરેક્ટર તરીકે ઈન્ડસ્ટ્રીમાં સ્થાપિત કરી. આ પહેલાં તે માત્ર ડાન્સ કોરિયોગ્રાફર તરીકે જ જાણીતી હતી. 2008માં ફરાહે 'ઓમ શાંતિ ઓમ'નું નિર્દેશન કર્યું જે વધુ સફળ રહ્યું. આ ફિલ્મ દ્વારા શાહરુખ અને ફરાહે ઈન્ડસ્ટ્રીના લગભગ તમામ મોટા સ્ટાર્સને એક છત નીચે લાવ્યા હતા. ફરાહે શાહરુખની બીજી ફિલ્મ 'હેપ્પી ન્યૂ યર'નું પણ નિર્દેશન કર્યું હતું. આ ફિલ્મ વ્યવસાયિક રીતે સફળ રહી હતી.

# અરિજિતસિંહે કોમનમેનની જેમ રસ્તા પર બાળકો સાથે હોળી રમી



સિંગર અરિજિતસિંહ પોતાના મિરેકલ વોઈસની સાથે પોતાની સાદગી માટે પણ જાણીતો છે. હોળીના તહેવાર પર અરિજિતસિંહનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે જેમાં અરિજિત સિંહ કોમન મેન બનીને રસ્તા પર જ લોકોની સાથે હોળીનું સેલિબ્રેશન કરતો જોવા મળી રહ્યો છે. સોશિયલ મીડિયામાં વાઈરલ થેયલા આ વીડિયોમાં અરિજિત સિંહ વ્હાઈટ કલરના કુર્તામાં એક બાઈક પર સવાર થઈને આવે છે અને રસ્તા પર હોળી સેલિબ્રેટ કરી રહેલ બાળકોની સાથે હોળી રમતો જોવા મળે છે. સોશિયલ મીડિયામાં આ વીડિયો જોઈને લોકો અરિજિતસિંહની સાદગીના ભારોભાર વખાણ કરી રહ્યા છે.

# મુંબઈની ગલીઓમાં આર્યનના વેબ શોનું શૂટિંગ શરુ કરાયું...



શાહરૂખ ખાનનો પુત્ર આર્યન ખાન ઓટીટી પ્લેટફોર્મ પર દિગ્દર્શક તરીકે ડેબ્યુની તૈયારી કરી રહ્યો છે. હાલમાં જ તે પોતાની વેબસીરીઝ 'સ્ટારડમ'નું શૂટિંગ મુંબઈની ગલીઓમાં કરતો જોવા મળ્યો હતો. જોકે ગલીમાના શૂટિંગના સેટને બહુ કાળજીપૂર્વક છત્રીઓથી ઢાંકવામાં આવ્યો હતો.

સોશયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં જોવા મળ્યું કે, આર્યન એક દ્રશ્યનું દિગ્દર્શન કરી રહ્યો છે. જોકે તેનું આ શૂટિંગ ઓનલાઈન લીક ન થાય માટે રંગીન છત્રીઓથી સેટને ઢાંકી દીધો હતો. ઉલ્લેખનીય છે કે, આર્યનની આ સીરીઝ ફિલ્મો અન ગ્લેમરની દુનિયા પર આધારિત છે. સંખ્યાબંધ હાઈ-પ્રોફાઈલ સેલેબ્સ આ સીરીઝમાં કેમિયો કરતા જોવા મળશે. શાહરૂખ, રણબીર કપૂર, રણવીર સિંહ, બોબી દેઓલ અને કરણ જોહર કેમિયો કરશે જ્યારે જ્યારે મોના સિંહ, લક્ષ્ય લાલવાની અન ગૌતમી કપૂર મુખ્ય ભૂમિકાઓ ભજવવાનાં છે. શાહરુખના સંતાનોમાંથી સુહાનાએ 'આર્ચીઝ' ફિલ્મ દ્વારા એક્ટ્રેસ તરીકે કેરિયર શરુ કરી છે. જોકે, આ ફિલ્મમાં તેની એક્ટિંગની બહુ ટીકા થઈ હતી. બીજી તરફ આર્યનને શરુઆતથી જ ફિલ્મ મેકિંગમાં રસ છે. તેણે વિદેશમાં આ અંગેની તાલીમ પણ લીધી છે.



## અર્જુન બિજલાની કામ અંગે છે સમર્પિત: એક્ટર એપેન્ડિક્સ સર્જરીના એક દિવસ પછી શૂટિંગમાં પરત ફર્યો

તાજેતરમાં ટીવી એક્ટર અર્જુન બિજલાનીની એપેન્ડિસાઈટિસની સર્જરી થઈ હતી. પરંતુ સર્જરીના એક દિવસ બાદ જ તે પોતાનો શો શૂટ કરવા પરત ફર્યો હતો. અર્જુન તેના કામ પ્રત્યે એટલો સમર્પિત છે કે તેમણે સેટ પર મર્યાદિત કલાકો સાથે શૂટિંગ ફરી શરૂ કર્યું છે. સર્જરી પછી જ્યારે તે સેટ પર પરત ફર્યો ત્યારે તેમના કો-એક્ટરએ તેનું ખૂબ જ પ્રેમથી સ્વાગત કર્યું. અર્જુન બિજલાની હાલમાં ઝી ટીવીના શો- 'પ્યાર કા પહેલા અધ્યાયઃ શિવ શક્તિ'માં જોવા મળે છે. 8 માર્ચના રોજ પેટના જમણા ભાગમાં દુખાવાને કારણે રજા લેવી પડી હતી. આ પછી અર્જુન હિન્દુજાને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તેની એપેન્ડિક્સની સર્જરી કરવામાં આવી હતી. હોસ્પિટલમાંથી એક્ટરના કેટલાક ફોટા પણ સોશિયલ મીડિયા પર વાઈરલ થયા હતા.



અર્જુન બિજલાનીએ 2004માં એકતા કપૂરના શો 'કાર્તિકા'થી ટીવી ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશ કર્યો હતો. આ શો હંગામા ચેનલ પર પ્રસારિત થતો હતો. આ શો પછી અર્જુન બિજલાનીએ ઘણા સફળ પ્રોજેક્ટ્સમાં કામ કર્યું. અભિનેતા 'લેફ્ટ રાઈટ લેફ્ટ', 'મિલે જબ હમ તુમ', 'ઉડાન સપનો કી', 'નાગિન', 'મેરી આશિકી' અને 'પરદેસ મેં હૈ મેરા દિલ' જેવા શોમાં અભિનય માટે જાણીતો છે. ખાસ કરીને વર્ષ 2015માં 'નાગિન' શોથી અર્જુન દરેક ઘરમાં લોકપ્રિય બન્યો હતો.

અર્જુન બિજલાનીએ તેની લાંબા સમયની ગર્લફ્રેન્ડ નેહા સ્વામી સાથે 20 મે 2013ના રોજ લગ્ન કર્યા હતા. 21 જાન્યુઆરી, 2015 ના રોજકપલ એક બાળકના માતાપિતા બન્યા, જેનું નામ તેઓએ અયાન બિજલાની રાખ્યું.

## 'ભૂલ ભુલૈયા 3'માં કાર્તિક-તૃપ્તિ સાથે જોવા મળશે

# 'ભૂલ ભુલૈયા 3'માંથી કાર્તિક-તૃપ્તિનો ફર્સ્ટ લુક જાહેર, 'ભાભી 2' બિંદી લૂકમાં દેખાઈ





બોલિવૂડ એક્ટર કાર્તિક આર્યનની ફિલ્મ 'ભૂલ ભૂલૈયા 3'નું શૂટિંગ શરૂ થઈ ગયું છે. અભિનેતાએ ફિલ્મનું પ્રથમ શેડ્યુલ પણ પૂર્ણ કરી લીધું છે. કાર્તિક આર્યન પોતે સોશિયલ મીડિયા પર એક તસવીર શેર કરીને આ માહિતી આપી છે. આ તસવીરમાં 'એનિમલ' ફેમ એક્ટ્રેસ 'ભાભી 2' એટલે કે તૃપ્તિ ડિમરી પણ કાર્તિક સાથે જોવા મળી રહી છે. આ તસવીરમાં તૃપ્તિ ડિમરીનો લુક ચાહકોનું દિલ જીતી રહ્યો છે.

કાર્તિક આર્યન દ્વારા શેર કરવામાં આવેલી તસવીરમાં અભિનેતા અને તૃપ્તિ ફિલ્મ ક્લેપ બોર્ડમાંથી ડોકિયું કરતા જોવા મળે છે. આ દરમિયાન કાર્તિક રૂહ બાબાના ગેટઅપમાં જોવા મળે છે. જ્યારે તૃપ્તિ તેના કપાળ પર બિંદી અને આંખોમાં કાજલ સાથે ખુલ્લા વાળ સાથે ખૂબ જ સુંદર દેખાઈ રહી છે. ફિલ્મ 'એનિમલ'માં પોતાના ગ્લેમરસ લુકથી લોકોના દિલ જીતનાર 'ભાભી 2'નો આ લૂક ચાહકોને પસંદ આવી રહ્યો છે. ફેન્સ તૃપ્તિના આ લુકની કોમેન્ટ દ્વારા ખૂબ વખાણ કરી રહ્યા છે. આ તસવીર શેર કરતી વખતે કાર્તિકે કેપ્શનમાં લખ્યું છે કે, 'ટિંગ ટિંગ ટિંગ અને અમે 'ભૂલ ભૂલૈયા 3'નું પહેલું શેડ્યૂલ પૂરું કર્યું છે. સમયપત્રક વચ્ચેનો આ નાનો વિરામ મને અધીર બનાવી રહ્યો છે. આ વખતે રૂહ બાબાની ટોપીમાં અલગ જ જાદુ છે. મારામાં કંઈક અલગ જ જાદુ છે. તમને જણાવી દઈએ કે 2007માં અક્ષય કુમાર અને વિદ્યા બાલન સ્ટારર ફિલ્મ 'ભૂલ ભુલૈયા' રીલિઝ થઈ હતી. આ ફિલ્મની સ્ટોરીથી લઈને ફિલ્મની તમામ સ્ટાર કાસ્ટની એક્ટિંગ લોકોને ખૂબ પસંદ આવી હતી. આ ફિલ્મની સફળતા જોઈને વર્ષ 2022માં ફિલ્મની સિક્વલ બનાવવામાં આવી હતી જેમાં કાર્તિક આર્યન, કિયારા અડવાણી અને તબ્બુ જોવા મળ્યા હતા. આ ફિલ્મમાં કાર્તિકે રૂહ બાબાનું પાત્ર ભજવ્યું હતું જ્યારે તબ્બુ તેમાં ડબલ રોલમાં જોવા મળી હતી.

## સંજય લીલા ભણસાલીની ફિલ્મ 'હીરામંડી'ની જાહેરાત

## 'હીરામંડી'નું 'સકલ બન' ગીત થોડા દિવસો પહેલા રિલીઝ થયું

# ભણસાલીની ફિલ્મ હીરામંડીની રિલીઝ ડેટ જાહેર, નેટફ્લિક્સ પર થશે સ્ટ્રીમ

સિનેમાના પડદા પર અદ્ભુત દુનિયા ઉભી કરનાર ડિરેક્ટર સંજય લીલા ભણસાલીના પ્રોજેક્ટની ફેન્સ રાહ જોતા રહે છે. અત્યાર સુધી ભણસાલી ફિલ્મોમાં તેમની કારીગરીનાં ઉજ્જવળ ઉદાહરણો રજૂ કરી રહ્યાં છે અને ટૂંક સમયમાં તેમની પ્રથમ વેબ સિરીઝ 'હીરામંડી' લઈને આવી રહ્યાં છે.

Netflix સાથે ભણસાલીના સહયોગ 'હીરામંડી'ની જાહેરાત થઈ ત્યારથી ફેન્સ તેના માટે ખૂબ જ ઉત્સાહિત હતા. 'હીરામંડી'ના ફર્સ્ટ લૂક અને ટીઝરના રિલીઝ બાદ દર્શકોને ખાતરી થઈ ગઈ હતી કે સ્ક્રીન પર સમય કેપ્ચર કરતા પીરિયડ ડ્રામા બનાવવાના નિષ્ણાત સંજય લીલા ભણસાલી વેબ સિરીઝમાં પણ અજાયબીઓ કરવા જઈ રહ્યા છે. 'હીરામંડી'નું 'સકલ બન' ગીત થોડા દિવસો પહેલા રિલીઝ થયું હતું અને તેને સાંભળતા લોકો મંત્રમુગ્ધ થઈ ગયા હતા. શો માટે આખું વાતાવરણ બનાવવામાં આવ્યું છે અને લોકો આતુરતાથી માત્ર એક સવાલનો જવાબ ઈચ્છતા હતા જે આખરે આવી ગયો છે.



શોમાંથી બહાર આવતા દરેક નવા કન્ટેન્ટને જોયા બાદ ફેન્સ ચાહકો એક જ વાત પૂછતા હતા કે 'હીરામંડી' ક્યારે રિલીઝ થઈ રહી છે?

બુધવારે OTT પ્લેટફોર્મ Netflixએ મુંબઈમાં આયોજિત એક મોટી અનોખી ઈવેન્ટમાં રિલીઝ ડેટની જાહેરાત કરી હતી. અહેવાલ અનુસાર, તારાઓથી ભરેલા ખુલ્લા આકાશમાં અદભૂત ડ્રોન શો દ્વારા 'હીરામંડી'ની રિલીઝ ડેટની જાહેરાત કરવામાં આવી હતી. ભણસાલીનો આ શો 1 મે 2024 થી નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થશે. આ પીરિયડ ડ્રામા શોની કહાની ભારત અને પાકિસ્તાનના ભાગલા પહેલા લાહોરના એક વિસ્તાર પર આધારિત છે. ગણિકાઓના આ પડોશમાં સત્તા યુદ્ધ ચાલી રહ્યું છે અને તેઓ મોટા રજવાડાઓ સાથે જોડાણ ધરાવે છે. દેશના વિભાજન વચ્ચે 'હીરામંડી'માં સત્તા યુદ્ધ શરૂ થાય છે. નેટફ્લિક્સનો સારાંશ જણાવે છે કે મનીષા કોઈરાલાનું પાત્ર મલ્લિકાજાન અને ફરીદાનની સોનાક્ષી સિંહા શોમાં 'હીરામંડી'ના પાવર યુદ્ધમાં સામસામે જોવા મળશે. મનીષા અને સોનાક્ષીની સાથે રિચા ચઢ્ઢા, અદિતિ રાવ હૈદરી, શર્મિન સહગલ અને સંજીદા શેખ પણ 'હીરામંડી'માં જોવા મળશે. ટીઝર અને ફર્સ્ટ લૂકમાં માત્ર શોની કાસ્ટ જ અદ્ભુત નથી તેના વિઝ્યુઅલ, સેટ અને મ્યુઝિક બધું જ અદ્ભુત લાગે છે. રિલીઝ ડેટ જાહેર થયા બાદ ટૂંક સમયમાં જ શોનું ટ્રેલર અને નવા ટીઝર પણ રિલીઝ થશે જેની ચાહકો રાહ જોઈ રહ્યા છે.

# તેંડુલકરે રોહિતને સ્પેશિયલ જર્સી આપી

## અગ્રવાલે બાઉન્ડ્રી પર કૂદકો મારીને સિક્સ રોકી, છગ્ગા સાથે અભિષેકની ફિફ્ટી; ટોપ મોમેન્ટ્સ ઈન્ડિયન પ્રીમિયર લીગ-2024ની 8મી મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH) મુંબઈ ઈન્ડિયન્સ (MI)ને 31 રનથી હરાવ્યું

નવી મુંબઈ તા 28

રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં બુધવારે મુંબઈએ ટોસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. હૈદરાબાદે 20 ઓવરમાં 3 વિકેટે 277 રન બનાવ્યા હતા. જવાબમાં મુંબઈ ઈન્ડિયન્સની ટીમ 20 ઓવરમાં 5 વિકેટે 246 રન જ બનાવી શકી હતી.

મેચ પહેલાં MIના પૂર્વ કેપ્ટન રોહિત શર્માએ સચિન તેંડુલકર પાસેથી ખાસ જર્સી મેળવી હતી. રોહિત મુંબઈ ઈન્ડિયન્સ માટે 200મી મેચ રમી રહ્યો હતો, એટલા માટે તેંડુલકરે તેને જર્સી ભેટમાં આપી હતી. રોહિત આઈપીએલના સૌથી સફળ કેપ્ટનોમાંથી એક છે અને એક દાયકાથી વધુ સમયથી ટીમનો ભાગ છે. MIની સ્પેશિયલ જર્સીની પાછળ રોહિતના નામની સાથે '200' નંબર લખવામાં આવ્યો છે.SRHની ઈનિંગ્સની બીજી ઓવરના પહેલા જ બોલ પર ટિમ ડેવિડે ટ્રેવિસ હેડનો કેચ છોડ્યો. હેડે હાર્દિકના બોલ પર આગળની તરફ શોટ રમ્યો, બોલ ટિમ ડેવિડના હાથમાંથી સરકી ગયો અને બાઉન્ડ્રી ક્રોસ કરી ગયો. ત્યારબાદ હેડે 18 બોલમાં અડધી સદી ફટકારી અને 62 રનની ઈનિંગ રમી. આ રન બચાવતી વખતે અગ્રવાલ બાઉન્ડ્રીની બહાર પડી ગયો હતો. તેને માથામાં ઈજા થઈ હતી.

SRHની મેડિકલ ટીમ તેને જોવા માટે મેદાનમાં આવી હતી. જો કે તેણે છેલ્લી કેટલીક ઓવરો ફિલ્ડિંગ કરવાનું ચાલુ રાખ્યું. 9 રનના સ્કોર પર ટિમ ડેવિડે ટ્રેવિસ હેડને જીવનદાન આપ્યું હતું.



SRHના બેટર અને પ્લેયર ઓફ ધ મેચ અભિષેક શર્માએ 10મી ઓવરમાં સિક્સર ફટકારીને પોતાની અડધી સદી પૂરી કરી હતી. 10મી ઓવર નાખવા આવેલા ક્વેના માફાકાના ત્રીજા બોલ પર અભિષેકે ફ્રન્ટ સાઈટસ્ક્રીન પર સિક્સર ફટકારી અને પોતાની અડધી સદી પૂરી કરી. અભિષેકે 23 બોલમાં 63 રનની ઈનિંગ રમી હતી. અભિષેક શર્માએ IPLમાં તેની ચોથી અડધી સદી ફટકારી હતી.4. સમદે છોડ્યો રોહિતનો કેચ SRHના ખેલાડી અબ્દુલ સમદે રોહિત શર્માનો કેચ છોડ્યો હતો. ચોથી ઓવરના છેલ્લા બોલ પર શાહબાઝ અહેમદે શોર્ટ પિચ બોલ ફેંક્યો, જેના પર રોહિત શર્માએ મોટો શોટ મારવાનો પ્રયાસ કર્યો. જો કે, તે મિસટાઈમ થયો અને બોલ મિડઓન પાછળ ગયો. MIની ઈનિંગ્સની 18મી ઓવરમાં, SRH ફિલ્ડર મયંક અગ્રવાલે બાઉન્ડ્રી પર શાનદાર છલાંગ લગાવીને પોતાની ટીમના પાંચ રન બચાવ્યા હતા. ફાસ્ટ બોલર જયદેવ ઉનડકટે ધીમો બાઉન્સર ફેંક્યો, જેને MI કેપ્ટન હાર્દિક પંડ્યાએ બાઉન્ડ્રી પાર મોકલવાનો પ્રયાસ કર્યો. જોકે, બાઉન્ડ્રી પર ઉભેલા મયંક અગ્રવાલે બચાવી હતી.મિડ-ઓન પર ઊભેલો અબ્દુલ સમદ પાછળની તરફ દોડ્યો અને બોલની નીચે આવ્યો.

# SRHની જીત બાદ કાવ્યા મારન થઈ ખુશ

હૈદરાબાદ તા 28

સનરાઈઝર્સ હૈદરાબાદની માલિક કાવ્યા મારન મુંબઈ ઈન્ડિયન્સ સામેની મેચ જોવા પહોંચી હતી. કાવ્યાની ટીમ હૈદરાબાદે શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેણે મુંબઈને 31 રને હરાવ્યું. આ સાથે હૈદરાબાદે IPLનો સૌથી મોટો સ્કોર પણ બનાવ્યો હતો.

સનરાઈઝર્સ હૈદરાબાદની જીત બાદ કાવ્યા મારન ઘણી ખુશ દેખાતી હતી. તેણે જીત બાદ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. કાવ્યાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. કાવ્યા અવારનવાર હૈદરાબાદમાં મેચ જોવા આવે છે. મુંબઈ અને હૈદરાબાદ વચ્ચે રમાયેલી ઐતિહાસિક મેચ દરમિયાન તે રાજીવ ગાંધી સ્ટેડિયમમાં હાજર હતી. તેણે મેચ દરમિયાન ખેલાડીઓને પ્રોત્સાહિત પણ કર્યા હતા. મુંબઈ ઈન્ડિયન્સના ભૂતપૂર્વ કેપ્ટન રોહિત શર્માને આઉટ કરવાથી કાવ્યા પણ ઘણી ખુશ હતી. હૈદરાબાદની જીત બાદ



તેણે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા અને ખુશી વ્યક્ત કરી હતી. કાવ્યાના ઘણા વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવ્યા છે.

હૈદરાબાદને આ સિઝનની પોતાની પ્રથમ મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો. તેઓ કોલકાતા નાઈટ રાઈડર્સ દ્વારા 4 રને પરાજય પામ્યા હતા. પરંતુ હૈદરાબાદે શાનદાર વાપસી કરીને મુંબઈ સામે જીત મેળવી હતી. હૈદરાબાદે IPLના ઈતિહાસમાં સૌથી મોટો સ્કોર બનાવ્યો. તેણે 277 રન બનાવ્યા હતા. આ દરમિયાન હેનરિક ક્લાસેન, અભિષેક શર્મા અને ટ્રેવિસ હેડે શાનદાર પ્રદર્શન કર્યું હતું. ક્લાસને અણનમ 80 રન બનાવ્યા હતા. અભિષેકે 63 રન અને હેડે 62 રનનું યોગદાન આપ્યું હતું. સનરાઈઝર્સ હૈદરાબાદની જીત બાદ કાવ્યા મારન ઘણી ખુશ દેખાતી હતી. તેણે જીત બાદ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# વુમન્સ એશિયા કપનું શેડ્યૂલ જાહેર:21મી જુલાઈએ ભારત- પાક

એશિયન ક્રિકેટ કાઉન્સિલ (ACC)એ વુમન્સ એશિયા કપનું શેડ્યૂલ જાહેર કર્યું છે. આ ટુર્નામેન્ટ 19 થી 28 જુલાઈ દરમિયાન શ્રીલંકાના દામ્બુલા શહેરમાં રમાશે. ભારત અને પાકિસ્તાન એક જ ગ્રુપમાં છે અને બંને વચ્ચે બ્લોકબસ્ટર મેચ 21 જુલાઈએ થશે. વુમન્સ એશિયા કપ બાદ સપ્ટેમ્બરમાં વુમન્સ T20 વર્લ્ડ કપ પણ રમાવાનો છે. જેનું સ્થળ બાંગ્લાદેશ છે. આવી સ્થિતિમાં ICC ટુર્નામેન્ટ પહેલા એશિયા કપ એ એશિયન ટીમ માટે તૈયારી કરવાની છેલ્લી તક હશે. છેલ્લો એશિયા કપ 2022માં બાંગ્લાદેશમાં રમાયો હતો. આ સમયગાળા દરમિયાન, 7 ટીમે ભાગ લીધો હતો અને દરેક ટીમે એકબીજા સામે 6 મેચ રમી હતી. આ વખતે ટુર્નામેન્ટમાં એક ટીમનો વધારો કરીને 8 ટીમ કરવામાં આવી હતી. સૌથી સફળ ટીમ ઈન્ડિયા ઉપરાંત, ટુર્નામેન્ટમાં 2018ની ચેમ્પિયન બાંગ્લાદેશ, પાકિસ્તાન, શ્રીલંકા, નેપાળ, થાઈલેન્ડ, મલેશિયા અને UAE પણ છે.

# આ નિયમના કારણે બેટિંગ નથી કરી રહ્યા મહેન્દ્ર સિંહ ધોની

ચેન્નાઈ તા 28

5 વખતની ચેમ્પિયન ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) એ ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2024ની સિઝનની જોરદાર શરૂઆત કરી છે. આ વખતે ટીમ નવા કેપ્ટન રૂતુરાજ ગાયકવાડના નેતૃત્વમાં રમી રહી છે. જ્યારે મહેન્દ્ર સિંહ ધોની વિકેટકીપર બેટ્સમેન તરીકે રમી રહ્યા છે. ચેન્નાઈની ટીમે અત્યાર સુધી તેની શરૂઆતની બંને મેચ જીતી છે. પરંતુ અહીં જોવાની વાત એ છે કે ધોનીએ હજુ સુધી બેટિંગ કરી નથી. જ્યારે પ્રથમ મેચમાં ચેન્નાઈની ટીમે 4 વિકેટ ગુમાવી હતી અને બીજી મેચમાં 6 વિકેટ ગુમાવી હતી.

ધોની માટે આ ખાસ પ્લાન બનાવ્યો હતો વાસ્તવમાં ટીમ મેનેજમેન્ટ અને કોચ સ્ટીફન ફ્લેમિંગે ધોની માટે ખાસ પ્લાન બનાવ્યો છે. તે ધોનીને 8મા નંબર પર મેદાનમાં ઉતારવા માંગે છે, જેથી મેચને શાનદાર સ્ટાઈલમાં પૂરી કરી શકાય. આવી સ્થિતિમાં ધોનીની બેટિંગ વચ્ચે ઈમ્પેક્ટ પ્લેયર નિયમ આવી રહ્યો છે.

મળતી માહિતિ અનુસાર 'મુખ્ય કોચ ફ્લેમિંગ (સ્ટીફન) સાથે વાત કર્યા પછી જ અમે ધોનીના બેટિંગ ઓર્ડરને આટલો ઘટાડી દીધો છે. ઈમ્પેક્ટ પ્લેયરના નિયમને કારણે દરેક ટીમના વધારાના બેટ્સમેન અને વધારાના બોલર રમે છે. આ કારણે બેટિંગ ક્રમમાં ઉંડાણ આવી ગયું છે, તેથી જ અમે ધોનીને નંબર-8 પર રાખ્યો છે. ધોની અત્યારે નેટ્સમાં સારી બેટિંગ કરી રહ્યા છે. 'બેટિંગ ક્રમમાં ખૂબ ઊંડાણ હોવાને કારણે ખેલાડીઓને આક્રમક રમત રમવા માટે છૂટ આપવામાં આવી છે. સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે જો ટોપ ઓર્ડર સહેજ પણ મૂંઝવણમાં હોય તો તેણે માત્ર હુમલો કરવાનો છે. દરમિયાન જો ખેલાડીઓ આઉટ થઈ જાય તો પણ તેમને સંપૂર્ણ સમર્થન મળશે.



# કોહલીને મળવા જનાર યુવાનની થઇ ધોલાઇ ?



બેંગ્લોર તા 28

ક્રિકેટના મેદાનમાં ચાહક તેમના મનપસંદ ખેલાડીઓને મળવા જાય તે નવું નથી. IPLમાં પણ આવું જ થઈ રહ્યું છે. RCB અને પંજાબ કિંગ્સ વચ્ચેની મેચ દરમિયાન એક ફેન વિરાટ કોહલી પાસે પહોંચ્યો અને તેને ગળે લગાવ્યો. સિક્યોરીટીએ ફેનની પીટાઇ આ પછી સુરક્ષાકર્મીઓ મેદાનમાં આવ્યા અને આ ફેનને પકડીને લઈ ગયા. ત્યાં સુધી બધુ બરાબર હતું પરંતુ આનાથી આગળની કહાનીનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે મેદાનની બહાર લઈ જવામાં આવતા જ સુરક્ષાકર્મીઓએ ફેનને ખૂબ માર માર્યો હતો. સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ પ્રશંસકની મારપીટનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં તે જ વ્યક્તિ કોહલીની નજીક જઈને તેને ગળે લગાવતો જોવા મળે છે. બાદમાં તેની સાથે મારપીટ થઇ હતી. અમે આ વીડિયોની પુષ્ટિ કરતા નથી.

# નવેમ્બરમાં ભારત અને પાક.ની દ્વિપક્ષીય શ્રેણી ઓસી.માં રમાય તેવી સંભાવના



પાકિસ્તાન તા 28

ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડે ભારત અને પાકિસ્તાન વચ્ચેની દ્વિપક્ષીય શ્રેણીની યજમાની કરવામાં રસ દાખવ્યો છે અને આ શ્રેણી બીસીસીઆઇ અને પીસીબીની પહેલ ઉપર મદાર રાખશે. ભારત અને પાકિસ્તાન 2012-13 બાદ કોઈ દ્વિપક્ષીય શ્રેણી રમ્યા નથી અને બંને દેશની ટીમ માત્ર વર્લ્ડ કપ અને ચેમ્પિયન્સ ટ્રોફી જેવી વૈશ્વિક આઈસીસી ઈવેન્ટ્સમાં જ આમનેસામને થઈ છે. બંને એશિયન દેશ ચાલુ વર્ષના નવેમ્બરમાં એક જ સમયે ઓસ્ટ્રેલિયામાં હશે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ 22મી નવેમ્બરથી રમાનારી બોર્ડર-ગાવસ્કર ટ્રોફી માટે ભારતના પહોંચવાના કેટલાક સમય પહેલાં પાકિસ્તાન સામેની શ્રેણીનો કાર્યક્રમ તૈયાર કર્યો છે જેમાં ત્રણ વન-ડે અને ત્રણ ટી20 રમાશે.

ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના ક્રિકેટ ડાયરેક્ટર પીટર રોચે જણાવ્યું હતું કે નેશનલ ક્રિકેટ બોર્ડ ભારત અને પાકિસ્તાન વચ્ચેની શ્રેણીની યજમાની કરવામાં સક્ષમ થવાનું પસંદ કરશે અને બંને દેશના બોર્ડ પ્રતિ પોતાનો ઉત્સાહ વ્યક્ત કરવાનું જારી રાખશે. વિશ્વનો પ્રત્યેક દેશ ભારત અને પાકિસ્તાનને પોતાના દેશમાં દ્વિપક્ષીય શ્રેણી રમતા જોવાનું વધારે પસંદ કરશે અને અમે આ દેશોમાંના એક છીએ. ઓસ્ટ્રેલિયન ટીમ સામેની બંને ટીમના કાર્યક્રમમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં. ભવિષ્યમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેની દ્વિપક્ષીય શ્રેણી માટે ઓસ્ટ્રેલિયા એક આદર્શ તટસ્થ દેશ બની શકે છે. નોંધનીય છે કે 2022માં એમસીજી ખાતે બંને ટીમો વચ્ચે રમાયેલા ટી20 વર્લ્ડ કપના મુકાબલાની ટિકિટો પાંચ મિનિટના સમયમાં વેચાઈ ગઈ હતી જેમાં 90 હજારથી વધારે સમર્થકો હાજર રહ્યા હતા. 2015માં એડિલેડ ખાતે રમાયેલો મુકાબલો પણ ઘણો રોમાંચક બન્યો હતો.

# ન્યૂઝી. ક્રિકેટ સાથે સોની પિક્ચર્સ નેટવર્ક ઇન્ડિયાનો 7 વર્ષનો કરાર


મુંબઈ તા 28

મુંબઇ ન્યૂઝીલેન્ડમાં રમાનારા બ્લેક કેપ્સ અને વ્હાઈટ ફર્ન્સના ત્રણેય ફોર્મેટ ટેસ્ટ, વન-ડે તથા ટી20 ઈન્ટરનેશનલના તમામ મુકાબલાના ડિજિટલ અને બ્રોડકાસ્ટિંગ અધિકાર સોની પિક્ચર્સ નેટવર્ક ઈન્ડિયાએ આગામી સાત વર્ષ માટે હાંસલ કર્યા છે. આ કોન્ટ્રાક્ટ 2024ની પહેલી મેથી 2031ની 30મી એપ્રિલ સુધી રહેશે જેમાં ભારતના 2026-27 તથા 2030-31ના ન્યૂઝીલેન્ડ પ્રવાસનો પણ સમાવેશ થાય છે. તમામ મેચો સોની પિક્ચર્સ નેટવર્ક ઈન્ડિયાની તમામ સ્પોર્ટ્સ ચેનલ અને સોની લિવ ઉપર લાઈવ સ્ટ્રિમ કરવામાં આવશે. સોની પિક્ચર્સ નેટવર્ક ઈન્ડિયા ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડ તથા શ્રીલંકન ક્રિકેટ બોર્ડ સાથે પણ બ્રોડકાસ્ટિંગ રાઈટ્સનો કરાર કરી ચૂકી છે. એસપીએનઆઈના સીઈઓ તથા એમડી એનપીસિંહે જણાવ્યું હતું કે ન્યૂઝીલેન્ડ બોર્ડ સાથે કરાર કરવાનો અમને આનંદ થઈ રહ્યો છે. ન્યૂઝીલેન્ડ તેની શાનદાર ખેલદિલી તથા લડાયક અભિગમ માટે જાણીતું છે. ન્યૂઝીલેન્ડના ચીફ એક્ઝિક્યૂટિવ સ્કોટ વિનિંકે તથા કોમર્શિયલ ક્રિસ સ્મિથે જણાવ્યું હતું કે ન્યૂઝીલેન્ડ ક્રિકેટ માટે ભારત મહત્ત્વપૂર્ણ માર્કેટ છે.

# મેડવેડેવે 350મો વિજય મેળવ્યો, અલ્કારાઝ પણ ક્વાર્ટર ફાઇનલમાં

અમેરિકા તા 28

ડિફેન્ડિંગ ચેમ્પિયન ડેનિલ મેડવેડેવે પોતાની કારકિર્દીમાં 350મો મુકાબલો જીતવાની સાથે ડોમિનિક કીફરને સીધા સેટમાં હરાવીને માયામી ઓપન ટેનિસ ટૂર્નામેન્ટમાં સતત ચોથા વર્ષે ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો. મેડવેડેવે કીફરને 7-6, 6-0થી હરાવ્યો હતો. ટોચના ક્રમાંકિત કાર્લોસ અલ્કારેઝે પણ 23મા ક્રમાંકિત લોરેન્ઝો મુસેટીને કોઈ પણ મુશ્કેલી વિના 6-3, 6-3થી હરાવીને પોતાનું અભિયાન આગળ વધાર્યું હતું. ક્વાર્ટર ફાઇનલમાં અલ્કારાઝનો મુકાબલો 11મા



ક્રમાંકિત ગ્રિગોર ડિમિટ્રોવ સામે થશે જેણે હ્યુબર્ટ હુર્કાઝને 3-6, 6-3, 7-6થી હરાવ્યો હતો. મેડવેડેવ અંતિમ-8ના મુકાબલામાં 22મા ક્રમાંકિત નિકોલસ જેરી સામે ટકરાશે જેણે કાસ્પર રુડ સામે સીધા સેટમાં 7-6, 6-3થી વિજય મેળવ્યો હતો. ઓસ્ટ્રેલિયન ઓપન ચેમ્પિયન અને બીજા ક્રમાંકિત યાનિક સિનરે ક્રિસ્ટોફર ઓકોનેલને 6-4, 6-3થી હરાવીને ચાલુ વર્ષે 20 મેચમાં 19મો વિજય મેળવ્યો હતો. વિમેન્સ સિંગલ્સમાં ચોથી ક્રમાંકિત ઈલેના રિબાકિનાએ આઠમી ક્રમાંકિત મારિયા સક્કારીને બે કલાક 48 મિનિટના ભારે સંઘર્ષ બાદ 7-5, 6-7, 6-4થી હરાવીને સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. બે વખતની ગ્રાન્ડસ્લેમ ચેમ્પિયન વિક્ટોરિયા અઝારેન્કોએ યૂલિયા પુતિંત્સેવાને 7-6, 1-6, 6-3થી હરાવીને પોતાનું અભિયાન આગળ વધાર્યું હતું.

# પેનલ્ટી ડ્રામા અને શૂટઆઉટની વચ્ચે યૂક્રેન

લંડન તા 28


પ્લે ઓફમાં થયેલા વિવિધ પેનલ્ટી ડ્રામા બાદ પેનલ્ટી શૂટઆઉટની વચ્ચે યૂક્રેન, જ્યોર્જિયા અને પોલેન્ડે યૂરો 2024 ફૂટબોલ ટૂર્નામેન્ટ માટે ક્વોલિફાય કરી લીધું હતું. યૂરો કપ જર્મનીમાં 14મી જૂનથી શરૂ થશે. યૂક્રેન સામે આલ્બર્ટ ગુઓમુન્ડેસેને 30મી મિનિટે ગોલ કરીને આઇસલેન્ડને 1-0થી આગળ કર્યું હતું. 54મી મિનિટે વિક્ટર શાનકોવે ગોલ કરીને યૂક્રેન માટે સ્કોર 1-1થી સરભર કર્યો હતો. મેચમાં છ મિનિટનો સમય બાકી હતો ત્યારે મિખાઈલો મુર્ડેકે 84મી મિનિટે ગોલ કરીને યૂક્રેનને 2-1થી વિજય અપાવી દીધો હતો. ટિબલિસી ખાતે રમાયેલી પ્લે ઓફની અન્ય એક મેચમાં જ્યોર્જિયા



અને ગ્રીસનો મુકાબલો નિર્ધારિત સમયમાં 0-0થી ડ્રો રહ્યો હતો. વિજેતા જાહેર કરવા માટે પેનલ્ટી શૂટઆઉટનો સહારો લેવાયો હતો

જેમાં જ્યોર્જિયાએ 4-2થી વિજય મેળવ્યો હતો. જ્યોર્જિયા 15 વર્ષમાં પ્રથમ વખત કોઈ મેજર ટૂર્નામેન્ટના મુખ્ય ડ્રોમાં પ્રવેશ કરવામાં સફળ રહ્યું છે. કાર્ડિફ ખાતેની મેચમાં પોલેન્ડે વેલ્સ સામેની મેચ 0-0થી ડ્રો રહ્યા બાદ પેનલ્ટી શૂટઆઉટમાં 5-4થી વિજય મેળવ્યો હતો. આ સાથે યૂરો કપ માટે 24 ટીમો નિશ્ચિત થઈ ચૂકી છે. ગ્રૂપ-એમાં જર્મની, સ્કોટલેન્ડ, હંગેરી તથા સ્વિટ્ઝરલૅન્ડ, ગ્રૂપ-બીમાં સ્પેન, ક્રોએશિયા, ઈટાલી અને અલ્બાનિયા, ગ્રૂપ-સીમાં સ્લોવેનિયા, ડેનમાર્ક, સર્બિયા અને ઈંગ્લેન્ડ, ગ્રૂપ-ડીમાં પોલેન્ડ, નેધરલેન્ડ્સ, ઓસ્ટ્રિયા તથા ફ્રાન્સ, ગ્રૂપ-ઈમાં બેલ્જિયમ, સ્લોવાકિયા, રોમાનિયા અને યૂક્રેન તથા ગ્રૂપ-એફમાં તુર્કી, જ્યોર્જિયા, પોર્ટુગલ તથા ચેક રિપબ્લિકનો મિનિટનો સમય બાકી હતો યૂક્રેન સામે આલ્બર્ટ ગુઓમુન્ડેસેને 30મી મિનિટે ગોલ કરીને આઇસલેન્ડને 1-0થી આગળ કર્યું હતું.

# હૈદરાબાદે તોડ્યો વર્લ્ડ-રેકોર્ડ, હાર્દિક પંડ્યા ફરી થયો ટ્રોલ; કેપ્ટનશીપ પર ઉઠ્યા સવાલ



મુંબઈ તા28

IPL 2024ની આઠમી મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદે પ્રથમ બેટિંગ કરીને IPL ઈતિહાસમાં સૌથી વધુ સ્કોર બનાવ્યો છે. પ્રથમ બેટિંગ કરતા હૈદરાબાદે 20 ઓવરમાં માત્ર 3 વિકેટ ગુમાવીને 277 રન બનાવ્યા હતા. એક ઈનિંગ પૂરી થયા બાદ જ મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યા ફરી એકવાર સોશિયલ મીડિયા પર ટ્રોલ થવા લાગ્યા છે. હાર્દિકની કેપ્ટનશિપ પર પણ સવાલો ઉઠવા લાગ્યા છે. હાર્દિકની કપ્તાનીમાં પહેલીવાર કોઈ ટીમ મુંબઈ ઈન્ડિયન્સ સામે આટલો મોટો સ્કોર કરવામાં સફળ રહી છે. પંડ્યા ટ્રોલ થયા, કેપ્ટન્સી પર ઉઠ્યા સવાલ

પહેલી મેચની જેમ આ મેચમાં પણ હાર્દિક પંડ્યા જસપ્રીત બુમરાહની પહેલા બોલિંગ કરતો જોવા મળ્યો હતો. જોકે હાર્દિકને ચોક્કસપણે એક વિકેટ મળી હતી, પરંતુ તેણે ખૂબ જ રન પણ આપ્યા હતા. આ મેચમાં હાર્દિકે 4 ઓવરમાં 46 રન આપીને એક વિકેટ ઝડપી હતી. હાર્દિકની કપ્તાનીમાં મુંબઈ ઈન્ડિયન્સે હવે શરમજનક રેકોર્ડ નોંધાવ્યો છે. હવે સોશિયલ મીડિયા પર યૂઝર્સ હાર્દિક પંડ્યાના જોરદાર વખાણ કરી રહ્યા છે. જ્યારે હૈદરાબાદના બેટ્સમેનોએ આ મેચમાં 18 સિક્સ ફટકારી હતી. હૈદરાબાદના 3 બેટ્સમેનોએ ફિફ્ટી ફટકારી સનરાઇઝર્સ હૈદરાબાદ માટે ટ્રેવિસ હેડે 18 બોલમાં ફિફ્ટી ફટકારી હતી. આ પછી અભિષેક શર્માએ માત્ર 16 બોલમાં ફિફ્ટી ફટકારી હતી, બાદમાં હેનરિક ક્લાસને 25 બોલમાં ફિફ્ટી ફટકારી હતી. હેડે 62 રન, અભિષેકે 63 રન અને ક્લાસને સૌથી વધુ 80 રન બનાવ્યા હતા. આ મેચમાં જસપ્રીત બુમરાહ સિવાય મુંબઈના બધા બોલરની ધોલાઈ કરી હતી.

# IPLમાં કેટલો છે સ્લો ઓવર રેટનો દંડ, જાણો પેનલ્ટીનો સંપુર્ણ નિયમ

નવી દિલ્હી તા 28

IPL 2024ની 7મી મેચમાં મંગળવારે ચેન્નાઈ સુપર કિંગ્સે ગુજરાત ટાઈટન્સને 63 રનથી હરાવ્યું હતું. ચેપોકમાં રમાયેલી આ મેચમાં ચેન્નાઈ સામેની હાર બાદ ગુજરાતના કેપ્ટન શુભમન ગિલને વધુ એક આંચકો લાગ્યો છે. IPL કાઉન્સિલ દ્વારા IPL આચાર સંહિતા હેઠળ ગિલને દોષી ઠેરવવામાં આવ્યો અને દંડ ફટકાર્યો હતો. સ્લો ઓવર રેટના કારણે ગિલને 12 લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. IPL 2024માં આ પહેલીવાર બન્યું છે કે જ્યારે કોઈ કેપ્ટનને સ્લો ઓવર રેટ માટે સજા કરવામાં આવી હોય. ગિલને રૂ. 12 લાખનો દંડ ફટકાર્યો IPLએ એક નિવેદનમાં કહ્યું, 'ગુજરાત ટાઈટન્સના કેપ્ટન શુભમન ગિલને સ્લો ઓવર રેટ માટે દંડ ફટકારવામાં આવ્યો છે. IPL 2024ની 7મી મેચ દરમિયાન ચેપોકમાં રમાયેલી મેચ માટે આ દંડ લગાવવામાં આવ્યો છે. આ મામલામાં ટીમની આ પહેલી સજા છે, તેથી IPL આચાર સંહિતા હેઠળ ગિલ પર 12 લાખ રૂપિયાનો દંડ લગાવવામાં આવ્યો છે. તમને જણાવી દઈએ કે લીગમાં ફિલ્ડિંગ કરનાર ટીમને 1 કલાક અને 30 મિનિટમાં 20 ઓવર નાખવાની હોય છે.. તેમાં દરેક 2.5-2.5 મિનિટના બે ડ્રિંક્સ બ્રેકનો પણ સમાવેશ થાય છે. જે ટીમ નિર્ધારિત સમયમાં 20 ઓવર પૂરી કરી શકતી નથી તેને સ્લો ઓવર રેટ માટે દંડ ફટકારવામાં આવે છે.

# કેનેડામાં ભારતીય મૂળની તબીબને પડી બે કરોડની જરૂર, એલન મસ્ક આવ્યા આગળ



વર્ષ-2020 ક્યારેય ભૂલી શકાય નહીં, જ્યારે સમગ્ર વિશ્વ કોરોના રોગચાળાને કારણે થંભી ગયું હતું. બધે માત્ર મૃતદેહો જ હતા. વિશ્વમાં દરરોજ લાખો લોકો મૃત્યુ પામતા હતા. ત્યારે સરકારે રસી વડે કોરોના સામે રક્ષણ મેળવવાનો ઉપાય શોધી કાઢ્યો અને લોકડાઉન પણ લાદી દીધું. જોકે, ભારતીય મૂળના ડૉક્ટર કુલવિંદર કૌર ગિલે આનો વિરોધ કર્યો હતો. તેમણે સરકાર દ્વારા લાદવામાં આવેલા લૉકડાઉન અને રસીકરણના આદેશો વિરુદ્ધ વાત કરી હતી. તેમનું વલણ તેમને તબીબી સંસ્થાઓ તરફથી મુકદમા અને X (Twitter) ના અગાઉના મેનેજમેન્ટ દ્વારા સેન્સરશિપનો સામનો કરવા તરફ દોરી ગયું. વર્ષ-2020 ક્યારેય ભૂલી શકાય નહીં, જ્યારે સમગ્ર વિશ્વ કોરોના રોગચાળાને કારણે થંભી ગયું હતું. બધે માત્ર મૃતદેહો જ હતા. વિશ્વમાં દરરોજ લાખો લોકો મૃત્યુ પામતા હતા. ત્યારે સરકારે રસી વડે કોરોના સામે રક્ષણ મેળવવાનો ઉપાય શોધી કાઢ્યો અને લોકડાઉન પણ લાદી દીધું.લૉકડાઉન અને રસીકરણના આદેશો વિરુદ્ધ વાત કરી હતી. સંસ્થાઓ તરફથી મુકદમા અને X (Twitter) ના અગાઉના મેનેજમેન્ટ દ્વારા સેન્સરશિપનો સામનો કરવા તરફ દોરી ગયું.

## ન્યૂઝ ટ્રેક

### કેનેડામાં હવે વરસાદના પાણી પર પણ ટેક્સ લાગશે

શું તમે ક્યારેય વરસાદ કર વિશે સાંભળ્યું છે? આવો જ ટેક્સ કેનેડાના ટોરોન્ટોમાં લાગુ થવા જઈ રહ્યો છે. ત્યાંની સરકારી વેબસાઈટ પર આની જાહેરાત કરવામાં આવી છે. નાગરિકો તેઓ જે વસ્તુઓ ખરીદે છે અથવા વાપરે છે તેના પર સતત કર ચૂકવે છે. આમાં નાનાથી મોટા ઉત્પાદનો અને જાહેર સંપત્તિનો પણ સમાવેશ થાય છે. હોસ્પિટલો અને રસ્તાઓ પણ આ ટેક્સથી બને છે. ઘણી વખત લોકો મનસ્વી ટેક્સની ફરિયાદ કરતા જોવા મળશે. પરંતુ કેનેડામાં હવે વરસાદી પાણી પર પણ ટેક્સ લાગશે. પાણી ભરાઈ જવાથી જરૂરિયાત ઊભી થઈ ટોરોન્ટો સહિત લગભગ તમામ કેનેડામાં સ્ટોર્મવોટર મેનેજમેન્ટ એક મોટી સમસ્યા છે. છેલ્લા વરસાદમાં દેશની રાજધાની ઓટાવાના રસ્તાઓ પાણીથી ભરાઈ ગયા હતા. લોકોને અગત્યના કામ માટે મુસાફરી કરવી પણ મુશ્કેલ બની ગઈ હતી.

### અફઘાનિસ્તાનમાં ધ્રૂજી ધરતી, 4.2ની તીવ્રતાનો આવ્યો

અફઘાનિસ્તાનમાં ફરી એકવાર ભૂકંપના આંચકા અનુભવાયા છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (NCS) એ જણાવ્યું કે અફઘાનિસ્તાનમાં ગુરુવારે સવારે 5:44 વાગ્યે ભૂકંપ આવ્યો. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા 4.2 હતી. NCSના ડેટા અનુસાર, ભૂકંપનું કેન્દ્ર અક્ષાંશ 36.36 અને રેખાંશ 71.18 પર 124 કિમીની ઊંડાઈએ જોવા મળ્યું હતું. અફઘાનિસ્તાનમાં બે દિવસમાં બીજી વખત ભૂકંપ આવ્યો છે. આ પહેલા મંગળવારે અફઘાનિસ્તાનના કુર્મથી લગભગ 30 કિલોમીટર દૂર 4.6ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. નેશનલ સિસ્મોલોજી અનુસાર, મંગળવારે અફઘાનિસ્તાનમાં અફઘાનિસ્તાનમાં બે દિવસમાં બીજી વખત ભૂકંપ આવ્યો છે. આ પહેલા મંગળવારે અફઘાનિસ્તાનના કુર્મથી લગભગ 30 કિલોમીટર દૂર 4.6ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો.

### પાકિસ્તાનમાં થયેલા આત્મઘાતી હુમલાએ વધાર્યું ચીનનું ટેન્શન

ચીને પાકિસ્તાનને મંગળવારે તેના નાગરિકો પર થયેલા આત્મઘાતી હુમલાની સંપૂર્ણ તપાસ કરવા કહ્યું છે. ચીને કહ્યું કે આ હુમલા પાછળના લોકોને તાત્કાલિક શોધી કાઢવા જોઈએ અને દોષિતોને કડક સજા આપવામાં આવે. એવી અટકળો છે કે બેઈજિંગ ઈસ્લામાબાદ પર CPEC પ્રોજેક્ટની સુરક્ષા માટે તેની સુરક્ષા એજન્સીઓને તૈનાત કરવા દબાણ કરી શકે છે. છેલ્લા કેટલાક દિવસોમાં ચીનના નાગરિકો પર હુમલા સતત વધી રહ્યા છે. મંગળવારે, પાકિસ્તાનના અશાંત પ્રાંત ખૈબર પખ્તુનખ્વામાં વિસ્ફોટકોથી ભરેલા વાહને તેમની બસને ટક્કર મારી હતી, જેમાં પાંચ ચીની નાગરિકો સહિત છ લોકોના મોત થયા હતા. 2021 પછી ચીન સમર્થિત હાઈડ્રોપાવર પ્રોજેક્ટ પર કામ કરતા કર્મચારીઓ પર આ બીજો આત્મઘાતી હુમલો છે.જ્યારે મીડિયા બ્રીફિંગ પ્રવક્તા લિન જિયાને કહ્યું, ‘ચીન પાકિસ્તાનને આ ઘટનાની શક્ય તેટલી વહેલી તકે સંપૂર્ણ તપાસ કરવા, ગુનેગારોને શોધી કાઢવા અને તેમને ન્યાયના ઠેકાણે લાવવાનું આહ્વાન કરે છે.

## કેજરીવાલ પછી કોંગ્રેસના બેંક એકાઉન્ટ ફ્રીઝ મુદ્દે કરી ટિપ્પણી

# અમેરિકા નહીં સુધરે...:ભારતના કડક જવાબ છતાં પોતાના સ્ટેન્ડ પર ટસનું મસ નહીં

**વોશિંગ્ટન તા 28**

કેજરીવાલની ધરપકડ મામલે અમેરિકાએ ફરી એકવાર નિવેદન આપ્યું છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા મેથ્યુ મિલરે બુધવારે રાત્રે પ્રેસ બ્રીફિંગ દરમિયાન કહ્યું - અમે અમારા સ્ટેન્ડ પર કાયમ છીએ અને તેનાથી કોઈને પણ કોઈ વાંધો ન હોવો જોઈએ. અમે આશા રાખીએ છીએ કે આ કેસમાં કાનૂની પ્રક્રિયા નિષ્પક્ષ, પારદર્શક અને સમયસર પૂર્ણ થશે.

આ સિવાય અમેરિકાએ કોંગ્રેસ પાર્ટી સાથે જોડાયેલા બેંક ખાતાઓ ફ્રીઝ કરવા પર પણ નિવેદન આપ્યું હતું. મેથ્યુ મિલરે કહ્યું- કોંગ્રેસ પાર્ટીએ આરોપ લગાવ્યો છે કે ટેક્સ ઓથોરિટીએ તેમના બેંક એકાઉન્ટ ફ્રીઝ કરી દીધા છે. જેના કારણે તેમને ચૂંટણી પ્રચારમાં મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. અમે આશા રાખીએ છીએ કે નિષ્પક્ષ કાયદાકીય પ્રક્રિયાનું પાલન કરવામાં આવશે. ભારતે અમેરિકન રાજદ્વારીને બોલાવ્યા હતા અમેરિકાનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે બુધવારે જ ભારતના વિદેશ મંત્રાલયે આ મામલે અમેરિકન રાજદ્વારી ગ્લોરિયા બારનાને સમન્સ પાઠવ્યું હતું. તેમની વચ્ચે લગભગ 40 મિનિટ સુધી બેઠક ચાલી હતી. આ મામલે એક સવાલ પર બુધવારે યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તાએ કહ્યું- હું રાજદ્વારી વાતચીત વિશે માહિતી આપી શકતી નથી.



### ભારતે કહ્યું હતું- ન્યાયતંત્ર સામે સવાલ ઉઠાવવા નહીં

મંત્રાલયે કહ્યું હતું- ભારતમાં કાયદાકીય કાર્યવાહી પર યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તાનું નિવેદન ખોટું છે. સાથે એવી અપેક્ષા રાખવામાં આવે છે કે દેશો એકબીજાના આંતરિક મુદ્દાઓ અને સાર્વભૌમત્વનું સન્માન કરશે. જો બે દેશો લોકશાહી હોય તો આ અપેક્ષા વધી જાય છે, નહીં તો અરાજકતાની સ્થિતિ સર્જાઈ શકે છે.

### 21 માર્ચે EDએ દિલ્હીના સીએમ કેજરીવાલની ધરપકડ કરી હતી.

કેજરીવાલની 21 માર્ચે દારૂ નીતિ કૌભાંડ કેસમાં તેમના ઘરેથી ધરપકડ કરવામાં આવી હતી. તે 28 માર્ચ સુધી EDની કસ્ટડીમાં છે. કેજરીવાલ EDની કસ્ટડીમાંથી સરકાર ચલાવી રહ્યા છે. કોર્ટમાં તેમની હાજરી સમયે તેમણે કહ્યું હતું કે તેઓ રાજીનામું નહીં આપે અને જરૂર પડશે તો જેલમાંથી સરકાર ચલાવશે.

### 23 માર્ચ: જર્મનીએ કહ્યું હતું કે, 'ભારત એક લોકશાહી દેશ છે.

અમને આશા છે કે અહીંની કોર્ટ સ્વતંત્ર છે. કેજરીવાલના કેસમાં પણ લોકશાહીના સિદ્ધાંતોનું પાલન કરવામાં આવશે. કેજરીવાલને કોઈપણ અવરોધ વિના કાયદાકીય મદદ મળશે. જ્યાં સુધી દોષિત સાબિત ન થાય ત્યાં સુધી કોઈપણ વ્યક્તિને નિર્દોષ ગણવાના કાયદાકીય સિદ્ધાંતનું પાલન કરવું જોઈએ. જર્મનીના ડિપ્લોમેટને સમન્સ, વિદેશ મંત્રાલયે કહ્યું- દખલ ન કરોઃ જર્મનીના નિવેદન પર ભારતે તેમના દૂતાવાસના ડેપ્યુટી હેડને સમન્સ પાઠવ્યું હતું. જર્મનીએ ભારતના આંતરિક મામલામાં દખલ ન કરવી જોઈએ. અમે આવાં નિવેદનોને અમારી ન્યાયિક પ્રક્રિયામાં દખલ ગણીએ છીએ, આવાં નિવેદનો અમારી કોર્ટની નિષ્પક્ષતા અને સ્વતંત્રતા પર સવાલો ઊભા કરે છે.

### અમેરિકાએ પણ અરવિંદ કેજરીવાલની ધરપકડ મામલે

મંગળવારે (26 માર્ચ) રાત્રે નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે અમારી સરકાર કેજરીવાલની ધરપકડ મામલે નજર રાખી રહી છે. આ અંગે નિષ્પક્ષ તપાસ થવી જોઈએ. આ દરમિયાન કાયદા અને લોકશાહીનાં મૂલ્યોનું પાલન કરવું જોઈએ. ભારતના વિદેશ મંત્રાલયે બુધવારે તેનો વિરોધ કર્યો હતો. ભારતમાં કાયદાકીય કાર્યવાહી પર યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તાનું નિવેદન ખોટું છે. સાથે એવી અપેક્ષા રાખવામાં આવે છે કે દેશો એકબીજાના આંતરિક મુદ્દાઓ અને સાર્વભૌમત્વનું સન્માન કરશે. જો બે દેશો લોકશાહી હોય તો આ અપેક્ષા વધી જાય છે, નહીં તો અરાજકતાની સ્થિતિ સર્જાઈ શકે છે.

### બેંક ખાતાઓ ફ્રીઝ કરવા પર પણ નિવેદન આપ્યું હતું.

આ સિવાય અમેરિકાએ કોંગ્રેસ પાર્ટી સાથે જોડાયેલા બેંક ખાતાઓ ફ્રીઝ કરવા પર પણ નિવેદન આપ્યું હતું. મેથ્યુ મિલરે કહ્યું- કોંગ્રેસ પાર્ટીએ આરોપ લગાવ્યો છે કે ટેક્સ ઓથોરિટીએ તેમના બેંક એકાઉન્ટ ફ્રીઝ કરી દીધા છે. જેના કારણે તેમને ચૂંટણી પ્રચારમાં મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. અમે આશા રાખીએ છીએ કે નિષ્પક્ષ કાયદાકીય પ્રક્રિયાનું પાલન કરવામાં આવશે. ભારતે અમેરિકન રાજદ્વારીને બોલાવ્યા હતા અમેરિકાનું આ નિવેદન એવા સમયે આવ્યું છે આ સિવાય અમેરિકાએ કોંગ્રેસ પાર્ટી સાથે જોડાયેલા બેંક ખાતાઓ ફ્રીઝ કરવા પર પણ નિવેદન આપ્યું હતું. મેથ્યુ મિલરે કહ્યું- કોંગ્રેસ પાર્ટીએ આરોપ લગાવ્યો છે

# પાકિસ્તાનમાં બલોચના નિશાને ચીનના નાગરિકો:ચીને પાકિસ્તાનને રોકડું પરખાવ્યું

**ઈસ્લામાબાદ તા 28**

ચીન પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર એટલે કે CPEC પર વધી રહેલા હુમલાને પગલે પાકિસ્તાની સુરક્ષાની પોલ ખુલ્લી પડી ગઈ છે. ચીને પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફને સોય ઝાટકીને કહ્યું હતું કે સુરક્ષા પૂરી પાડવામાં પાકિસ્તાની સેના અને સુરક્ષા એજન્સીઓ નિષ્ફળ ગઈ છે.

હવે સીપેકસ્થિત બલુચિસ્તાન અને ખૈબર પખ્તુનખ્વાહ રાજ્યોમાં ચીન પોતાની રેડ આર્મી તહેનાત કરશે. ચીનના રાજદૂત જિયાંગ જાયડોંગે શાહબાઝને રાષ્ટ્રપતિ શી જિનપિંગનો આ સંદેશો પહોંચતો કરી દીધો છે. છેલ્લા 7 દિવસમાં બલુચ હુમલામાં ગ્વાદર પોર્ટ પર 3 ચીની અધિકારી ઘવાયા છે જ્યારે ખૈબરમાં કબાઈલી હુમલામાં ચીનના 5 ઈજનેર માર્યા ગયા છે. પાકિસ્તાને પહેલાં પણ ચીની નાગરિકોને સુરક્ષા આપવાની ખાતરી આપ્યા છતાં હુમલા ન રોકાતાં ચીને નારાજગી દર્શાવી છે. ખરેખરમાં, CPECમાં ચીનના નાગરિકોની સુરક્ષા માટે પાકિસ્તાને 15 હજાર સૈનિકોની વિશેષ સુરક્ષા ડિવિઝન બનાવી છે. પરંતુ, બે વર્ષમાં ચીનના 30 નાગરિકોના મોત થયા છે. પોતાનું જાસૂસી નેટવર્ક, ચીન સશસ્ત્ર સૈનિકો તૈનાત કરશે

સુરક્ષા જાણકારોના કહેવા પ્રમાણે બલુચિસ્તાન અને ખૈબરમાં ચીનના સીપેક પ્રોજેક્ટ પ્રત્યે સ્થાનિક લોકોમાં ખૂબ જ રોષ છે. બલુચ લિબરેશન આર્મી અને ખૈબરમાં કબાઈલી હુમલા વિરુદ્ધ ચીન સશસ્ત્ર જવાનોની તૈનાતીની સાથેસાથે જાસૂસી નેટવર્ક પણ તૈયાર કરશે. તેમાં સ્થાનિક લોકો પાસેથી માહિતી મેળવાશે. ચીન સરકારે અલાયદું ભંડોળ આપવાની પણ વાત કરી છે. ખૈબરમાં પાકિસ્તાનની સેનાએ કબાઈલીઓ હુમલો કરવામાં સફળ રહ્યા હોવાનું ચીનનું માનવું છે.

# ભારત-ચીન સરહદ વિવાદ મુદ્દે બેઈજિંગમાં બેઠક યોજાઇ

ભારત-ચીન સરહદ વિવાદ વચ્ચે બંને દેશોએ આ મામલાને ઉકેલવા માટે બેઈજિંગમાં બેઠક યોજી હતી. વિદેશ મંત્રાલયે આ જાણકારી આપી. તેમણે કહ્યું કે બુધવારે ચીનની રાજધાની બેઈજિંગમાં ભારત-ચીન સરહદ વિવાદને લઈને એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભારત-ચીન સરહદ મુદ્દે બેઈજિંગમાં બેઠક યોજાઈ આ બેઠકની સહ-અધ્યક્ષતા વિદેશ મંત્રાલયના સંયુક્ત સચિવ દ્વારા કરવામાં આવી હતી. તેમણે બેઈજિંગમાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું. બીજી તરફ ચીન તરફથી આ બેઠકમાં ચીનના વિદેશ મંત્રીએ ભાગ લીધો હતો. આ બેઠકમાં બંને દેશોના પ્રતિનિધિઓ વચ્ચે ભારત-ચીન સરહદના પશ્ચિમી વિસ્તારોમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) અંગે ચાલી રહેલા વિવાદ પર ચર્ચા કરવામાં આવી હતી. બેઠક બાદ બંને પક્ષો રાજદ્વારી અને સૈન્ય માધ્યમો દ્વારા સરહદી વિસ્તારોમાં શાંતિ જાળવવા સંમત થયા હતા. મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, બંને પક્ષો રાજદ્વારી અને સૈન્ય ચેનલો દ્વારા નિયમિત સંપર્ક જાળવવા અને સરહદી વિસ્તારોમાં શાંતિ જાળવવા માટે સંમત થયા છે.

# પરિવારજનોનું અપહરણ થયું, જજોને ડરાવી આઇએસઆઇ ખોટા ફેંસલા કરાવી રહી છે

**ઈસ્લામાબાદ તા 28**

ઈસ્લામાબાદ હાઈકોર્ટના છ જજોએ પત્ર લખીને આક્ષેપ કર્યો પાકિસ્તાનના ન્યાયતંત્રને લઈને ચોંકાવનારો ખુલાસો થયો છે. ઈસ્લામાબાદ હાઈકોર્ટના આઠ પૈકી છ જજોએ પાકિસ્તાનની સુપ્રીમ જ્યુડિશિયલ કાઉન્સિલ (એસજેસી)ને પત્ર લખીને કહ્યું છે કે પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા (આઈએસઆઈ)કોર્ટની કામગીરીમાં દરમિયાનગીરી કરી રહી છે. આઈએસઆઈ સામે આક્ષેપ કરવામાં આવ્યો છે કે તે પોતાની ઈચ્છા અને પસંદ મુજબના ફેંસલા અપાવવા માટે જજોના પરિવારના સભ્યોનું અપહરણ કરવામાં આવી રહ્યું છે. પત્રમાં કહેવામાં આવ્યું છે કે પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની સામે મોહમ્મદ સાજિદની અરજીને ત્રણ લોકોની બેન્ચમાં સામેલ બે જજોએ સુનાવણી માટે યોગ્ય ગણી ન હતી. ત્યારબાદ આઈએસઆઈએ બંને જજોના મિત્રો અને પરિવારના સભ્યોને ધાકધમકી આપવાની શરૂઆત કરી હતી. મે 2023માં ઈસ્લામાબાદ હાઈકોર્ટના જજના સાળાનું આઈએસઆઈ દ્વારા અપહરણ કરાયું હતું.

તેમને કરંટના આંચકા આપીને ખોટી જુબાની લેવામાં આવી હતી. 2023માં એક જજના સરકારી આવાસ પર બેડરૂમમાં જાસૂસી કેમેરા મળી આવ્યા હતા. ઈસ્લામાબાદ હાઈકોર્ટના પૂર્વ જજ શૌકત અઝીઝને પદથી દૂર કરવામાં આવ્યા હતા

# નેપાળના ધનગઢીના મેયરની પુત્રી ગોવામાં મળી

**અશ્વેમ તા 28**

નેપાળના ધનગઢી શહેરના મેયર ગોપાલ હમાલની પુત્રી આરતી બે દિવસ બાદ મળી આવી છે. અધિકારીઓએ જણાવ્યું કે આરતી ઉત્તર ગોવાના મંડ્રેમની એક હોટલમાંથી મળી આવી હતી. ઓશોની અનુયાયી 36 વર્ષની આરતી છેલ્લા કેટલાક મહિનાઓથી ગોવામાં ધ્યાન કરી રહી હતી. તે સોમવાર (25 માર્ચ)થી ગુમ હતી.

તે છેલ્લીવાર સોમવારે રાત્રે લગભગ સાડા નવ વાગ્યે અશ્વેમ બ્રિજ પાસેના એક વેલનેસ સેન્ટરમાં જોવા મળી હતી. ગોવા પોલીસે આરતીને શોધવા માટે સર્ચ ઓપરેશન પણ શરૂ કર્યું હતું. પુત્રીને મળ્યા બાદ મેયર ગોપાલે સોશિયલ મીડિયા પર લોકોની મદદ માટે આભાર માન્યો હતો.

આ તસવીર નેપાળના મેયર ગોપાલ હમાલની છે. તેણે પોતાની દીકરીના ગુમ થવાની માહિતી સોશિયલ મીડિયા પર શેર કરી હતી. (ફાઈલ)



આ તસવીર નેપાળના મેયર ગોપાલ હમાલની છે. તેણે પોતાની દીકરીના ગુમ થવાની માહિતી સોશિયલ મીડિયા પર શેર કરી હતી. (ફાઈલ)

પિતાએ તેમની મદદ માટે લોકોનો આભાર માન્યો

પોસ્ટમાં તેણે લખ્યું- આરતી અત્યારે ખૂબ જ નાજુક હાલતમાં છે. મારી દીકરીની શોધ કરનારા તમામ લોકો તેમજ ગોવામાં રહેતા મદદરૂપ નેપાળી ભાઈ-બહેનોનો હું આભાર વ્યક્ત કરું છું. સોમવારે રાત્રે 9.30 વાગ્યે ઉત્તર ગોવાના અશ્વેમ બ્રિજની આસપાસ આરતી છેલ્લે જોવા મળી હતી.

તેની નાની બહેન આરઝૂ હમાલે સોશિયલ મીડિયા પર કહ્યું - કેટલાક કોલર્સે મને જાણ કરી છે કે આરતીને છેલ્લે સિયોલિમ પાસેના બ્રિજ પર જોવામાં આવી હતી. નેપાળના અખબાર ધ હિમાલયન ટાઈમ્સના અહેવાલ અનુસાર, આરતી છેલ્લા કેટલાક સમયથી ઓશો મેડિટેશન સેન્ટર સાથે જોડાયેલી હતી.

મેયર ગોપાલે તેમની પુત્રી વિશે માહિતી આપવા માટે નંબર શેર કર્યો હતો આ પહેલા મેયર ગોપાલે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ દ્વારા પુત્રીના ગુમ થવાની માહિતી આપી હતી. તેણે લખ્યું હતું - ‘મારી પુત્રી, આરતી, એક ઓશો ધ્યાની છે જે થોડા મહિનાઓથી ગોવામાં રહે છે. મને તેના મિત્ર તરફથી સંદેશ મળ્યો હતો કે તે છેલ્લા બે દિવસથી કેન્દ્રમાંથી ગુમ છે. મારી બીજી દીકરી આરઝૂ અને જમાઈ આરતીની શોધ માટે ગોવા જઈ રહ્યા છે.જો તમને મારી દીકરી વિશે કંઈ ખબર હોય તો તમે આ નંબરો 9794096014 / 8273538132 / 9389607953 પર સંપર્ક કરી શકો છો.


મેડિટેશન સેન્ટરના મેનેજર આનંદ પ્રેમ કતિપાલે ઈન્ડિયન એક્સપ્રેસને જણાવ્યું કે મહિલા છેલ્લા કેટલાક મહિનાઓથી તેની સાથે રહેતી હતી.

# 'લોકો ભારતની પ્રગતિ પચાવી નથી શકતા' લંડનમાં ભારતીય વિદ્યાર્થીનો આરોપ

**લંડન તા 28**

બ્રિટનમાં રહેતા ભારતીય વિદ્યાર્થી સત્યમ સુરાણાએ આરોપ લગાવ્યો છે કે તેને બદનામ કરવા માટે નફરત અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સમાં અભ્યાસ કરી રહેલા સત્યમે દાવો કર્યો છે કે વિદ્યાર્થી સંઘની ચૂંટણીમાં તેમની વિરુદ્ધ આ અભિયાન ચલાવવામાં આવ્યું છે. પુણેના રહેવાસી સત્યમે કહ્યું - વોટિંગના લગભગ 12 કલાક પહેલાં આ કેમ્પેઈન હેઠળ મને બીજેપી સાથે જોડવા લાગ્યા હતા. આ દરમિયાન મને ફાસીવાદી કહીને બહિષ્કાર કરવાની માગણી કરવામાં આવી હતી. ભારત પ્રગતિ કરી રહ્યું છે તે લોકો સહન કરી શકતા નથી.

તેણે દાવો કર્યો છે કે ખાલિસ્તાનીઓને આતંકવાદી કહેવા માટે તેને નિશાન બનાવવામાં આવી રહ્યો છે. સત્યમે કહ્યું- ભારત ઝડપથી આગળ વધી રહ્યું છે, કોરોનાના સમયમાં




પોતાને સાબિત કર્યું સત્યમે આગળ કહ્યું- આજે પીએમ મોદી એક મહાન રાજનેતા બની ગયા છે. તેમનું એપ્રૂવલ રેટિંગ સૌથી વધુ છે. કોરોના દરમિયાન સાબિત કર્યું કે આપણે શું કરી શકીએ છીએ. ભારત આજે વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા જઈ રહ્યું છે. સત્યમે કહ્યું- નફરત ફેલાવનારાઓમાં મોટાભાગના ભારતીય નાગરિકો છે

સત્યમે કહ્યું કે લોકો તેને નાઝી સમર્થક અને દક્ષિણપંથી કહી રહ્યા છે. ચૂંટણી પોસ્ટર પર તેના ચહેરો પર ક્રોસ કરવામાં આવ્યું છે. સત્યમે કહ્યું કે તેને સૌથી વધુ દુઃખ એ હતું કે તેની વિરુદ્ધ ઝુંબેશ ચલાવનારાઓમાં મોટાભાગના ભારતીય હતા.સત્યમ સુરાણા એ જ વ્યક્તિ છે જેણે ગયા વર્ષે લંડનમાં ભારતીય દૂતાવાસ પર હુમલા વખતે જમીન પર પડેલો ભારતીય ધ્વજ ઉપાડ્યો હતો. તે સમયે તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતો. હકીકતમાં,

ગયા વર્ષે ઓક્ટોબરમાં ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યાના વિરોધમાં કેટલાક પ્રદર્શનકારીઓ લંડનમાં ભારતીય હાઈ કમિશન પહોંચ્યા હતા.

# નિજ્જર હત્યા કેસ: ભારતની સાથે તપાસ કરવા માગે છે કેનેડાના પીએમ

**કેનેડા તા 28**

જ્યારે કેનેડિયન નાગરિક હરદીપસિંહ નિજ્જરની હત્યાની તપાસમાં ભારતના સહયોગ અંગે પૂછાયું તો તેમને કહ્યું કે કેનેડાની ધરતી પર કેનેડિયન નાગરિકની હત્યા અંગે અમે ખૂબ ગંભીરતાથી લઈ રહ્યા છીએ. તેમણે ઉમેર્યું, ‘ભારતીય એજન્ટો સંડોવાયેલા હોવાના વિશ્વસનીય આરોપો છે. આ એવી બાબત છે જેને અમે હળવાશથી લીધી નથી. વિદેશી સરકારોના ગેરકાયદેસર પગલાંથી તમામ કેનેડિયનોને બચાવવાની અમારી જવાબદારી છે.‘ ટ્રુડોએ કહ્યું કે કેનેડાની સરકાર ખાતરી કરી રહી છે કે આ મામલાની યોગ્ય તપાસ થાય. કેનેડિયન પીએમે કહ્યું, ‘આ મામલાની સપાટી પર પહોંચવા માટે અમે ભારત સરકાર સાથે રચનાત્મક રીતે કામ કરવા આતુર છીએ. અમે સમજવાનો પ્રયાસ કરી રહ્યા છીએ કે આ કેવી રીતે થયું? અમે ખાતરી કરવા માંગીએ છીએ કે ‘કેનેડિયન નાગરિકો ફરી ક્યારેય સંવેદનશીલ ન રહે. વિદેશી અથવા આંતરરાષ્ટ્રીય શક્તિ દ્વારા દખલગીરી કરવી.‘ ભારત સામે આરોપ લગાવ્યા હતા ઉલ્લેખનીય છે કે કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ આરોપ મુક્યો હતો કે નિજ્જરની હત્યામાં ભારત સરકારનો હાથ હતો. જો કે ભારતે આ આરોપોને ફગાવી દીધા હતા. આનાથી બંને દેશના રાજકીય સંબંધ ખરાબ થયા હતા. મળતી માહિતી અનુસાર, આ મહિનામાં એક વીડિયો જાહેર કરી કહ્યું કે એક કોન્ટ્રાક્ટ કિલરે નિજ્જરને ગોળી મારી હત્યા કરવામાં આવી હતી. વર્ષ-2020માં ભારતની એનઆઈએ નિજ્જરને આતંકવાદી જાહેરા કર્યો હતો. ગત વર્ષે જૂનમાં તેને બ્રિટિશ કોલંબિયાના પરામાં આવેલા ગુરુદ્વારા નજીક ગોળી મારી હત્યા કરી દેવામાં આવી હતીઅમે ખાતરી કરવા માંગીએ છીએ કે ‘કેનેડિયન નાગરિકો ફરી ક્યારેય સંવેદનશીલ ન રહે. વિદેશી અથવા આંતરરાષ્ટ્રીય શક્તિ દ્વારા દખલગીરી કરવી.‘

# બ્રિટનનાં મંદિરોની સુરક્ષા વધશે, સુનક 50 કરોડની ફાળવણી કરશે

**લંડન તા 28**



ચૂંટણી પહેલાં 400 મંદિરોમાં સીસીટીવી લગાવવા તૈયારી બ્રિટનમાં ચૂંટણીના થોડાક મહિના પહેલાં જ ભારતવંશી વડાપ્રધાન સુનકે હિન્દુ મંદિરોની સુરક્ષા વધારવા માટે એક મોટો નિર્ણય કર્યો છે. સુનક સરકાર બ્રિટિશ હિન્દુઓની માંગણી બાદ મંદિરોની સુરક્ષા વધારવા માટે 50 કરોડ રૂપિયા ફાળવવા માટે તૈયાર થઈ છે. બ્રિટિશ સરકારનાં સૂત્રોએ કહ્યું છે કે ગૃહમંત્રાલય હિન્દુઓનાં ધાર્મિક સ્થળો અને ચર્ચની સુરક્ષા માટે નવી નીતિ બનાવવા માટે કામ કરી રહી છે.

પહેલાં 300 કરોડ પૈકી મંદિરોને માત્ર 2.5 કરોડ રૂપિયા મળતા હતા બે વર્ષ પહેલાં બ્રિટિશ સરકારે 300 કરોડ રૂપિયાની ધર્મસ્થળ સુરક્ષા ફન્ડિંગ સ્કીમની જાહેરાત કરી હતી. જે પૈકી મોટા ભાગની રકમ ઈસ્લામિક સંસ્થાઓને મળી જતી હતી. જ્યારે 35 કરોડ રૂપિયા જ બિનમુસ્લિમોને મળતા હતા. જે પૈકી ગુરુદ્વારાને સાત કરોડ અને હિન્દુ મંદિરોને 2.5 કરોડ રૂપિયા જ મળતા હતા. જેને લઈને બ્રિટનમાં હિન્દુ સમુદાયના લોકો નારાજ હતા.

2022માં અનેક મંદિરો પર હુમલા કરાયા બ્રિટનમાં 400થી વધુ હિન્દુ મંદિરો છે. સરકાર દ્વારા ફાળવવામાં આવેલી રકમથી હિન્દુ મંદિરોમાં સીસીટીવી કેમેરા લગાવાશે. જેમાં 24 કલાક સુરક્ષા કરી શકાશે. પોલીસને હિન્દુ મંદિરો પર હુમલાના મામલાઓને હાથ ધરવા માટે ટ્રેનિંગ અપાશે.

# નિર્મલા સીતારમણે કહ્યું- મારી પાસે ચૂંટણી લડવા માટે પૈસા નથી

(એજન્સી) નવી દિલ્હી તા 28

નાણામંત્રી નિર્મલા સીતારમણે બુધવારે (27 માર્ચ) કહ્યું કે તેઓ 2024ની લોકસભા ચૂંટણી નહીં લડે. એક ટીવી ચેનલ ટાઈમ્સ નાઉ સમિટમાં તેમણે કહ્યું કે તેમની પાસે ચૂંટણી લડવા માટે પૈસા નથી. સીતારમણે કહ્યું- પાર્ટી અધ્યક્ષ જેપી નડ્ડાએ મને લોકસભા ચૂંટણી લડવા વિશે પૂછ્યું હતું. તેમણે આંધ્રપ્રદેશ અથવા તામિલનાડુમાંથી ચૂંટણી લડવાની ઓફર કરી હતી. જો કે, આ અંગે વિચારીને મેં ચૂંટણી લડવાનો ઈનકાર કરી દીધો. નાણામંત્રીએ કહ્યું- મારી પાસે



ચૂંટણી લડવા માટે પૈસા નથી નિર્મલા સીતારમણે કહ્યું, 'એક અઠવાડિયા કે દસ દિવસ સુધી વિચાર્યા પછી મેં જવાબ આપ્યો... ના. મારી પાસે ચૂંટણી લડવા માટે એટલા પૈસા નથી. મને પણ સમસ્યા છે કે આંધ્રપ્રદેશ કે તમિલનાડુ જીતવા માટે અલગ અલગ માપદંડોનો પ્રશ્ન પણ છે... તમે આ સમુદાયના છો કે તમે તે ધર્મના છો? હું ખૂબ જ આભારી છું કે તેઓએ મારી દલીલો સ્વીકારી... તેથી હું ચૂંટણી લડી રહી નથી. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે દેશના નાણામંત્રી પાસે પણ લોકસભાની ચૂંટણી લડવા માટે પૂરતા પૈસા કેમ નથી, તો તેમણે કહ્યું કે ભારતનું કોન્સોલિડેટેડ ફંડ તેમનું પોતાનું નથી. તેમણે કહ્યું, 'મારો પગાર, મારી કમાણી, મારી કોન્સોલિડેટેડ ફંડ મારું નથી. કેજરીવાલની ધરપકડઃ આઠ સમન્સ, તમારી (કેજરીવાલ) પાસે ન જવા પાછળ કોઈને કોઈ કારણ હતું.

## રાજ્યોએ જૂની પેન્શન યોજનાના નામે મતદારોને લલચાવવાનો પ્રયાસ ન કરવો જોઈએ.

રાજ્ય અને કેન્દ્રએ સાથે મળીને કામ કરવું જોઈએ: દેશના વિકાસ માટે કેન્દ્ર અને રાજ્યએ સાથે મળીને કામ કરવું પડશે, કારણ કે સુધારા એકલા કેન્દ્રનું કામ નથી. સિસ્ટમને વધુ પારદર્શક બનાવવી પડશે. કોઈપણ નીતિના અમલીકરણમાં કેન્દ્ર અને રાજ્ય વચ્ચે કોઈ ભેદભાવ રાખવામાં આવશે નહીં.

વિપક્ષી નેતાઓ સામે ED-CBIની કાર્યવાહી: એક પણ કેસ એવો નથી કે જેમાં પુરાવા ન હોય. નેતાઓના ઘરેથી પૈસા જપ્ત કરવામાં આવી રહ્યા છે. લોકો કહે છે કે આ બધું મોદી સરકારના ઈશારે થઈ રહ્યું છે. તેઓ ભૂલી જાય છે કે 2014 પહેલા આ જ એજન્સીઓને પાંજરામાં બંધ પોપટ કહેવામાં આવતી હતી. ત્યારબાદ એજન્સીઓ માત્ર ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પાસે જ પૂછપરછ માટે જતી હતી.

ઈલેક્ટોરલ બોન્ડ: ઈલેક્ટોરલ બોન્ડ માટે સંસદમાં કાયદો બનાવવામાં આવ્યો હતો અને પસાર કરવામાં આવ્યો હતો. તે કાયદા હેઠળ, બોન્ડની ખરીદી અને રોકડ કરવામાં આવતી હતી. તમામ પક્ષોને બોન્ડ મળ્યા. બધાએ તેને રોકડ કરી. જ્યારે સુપ્રીમ કોર્ટે તેને ગેરબંધારણીય જાહેર કરતા કહ્યું હતું કે બોન્ડ સંબંધિત તમામ માહિતી આપવામાં આવે. ડેટા રજૂ કર્યા પછી બધું સ્પષ્ટ છે. વિપક્ષ પાસે કહેવા માટે કંઈ બચ્યું નથી. તેથી જ બધા મૌન છે.નિર્મલા સીતારમણ હાલમાં કર્ણાટકમાંથી રાજ્યસભાના સાંસદ છે. તેઓ 2006માં ભાજપમાં જોડાયા હતા. 2014માં કેન્દ્રમાં ભાજપની સરકાર બન્યા બાદ નિર્મલા સીતારમણને નરેન્દ્ર મોદીની કેબિનેટમાં રાજ્યકક્ષાના મંત્રી બનાવવામાં આવ્યા હતા. જૂન 2014માં સીતારામન આંધ્ર પ્રદેશમાંથી રાજ્યસભાના સાંસદ તરીકે ચૂંટાયા હતા. તેમણે મે 2016માં કર્ણાટક બેઠક પરથી રાજ્યસભાની ચૂંટણી લડી હતી અને જીતી હતી.

## ન્યૂઝ કોર્નર

### EDએ આજે મહુઆ મોઈત્રાને પૂછપરછ માટે બોલાવી

નવી દિલ્હી : કેશ ફોર ક્વેરી કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ આજે TMC નેતા મહુઆ મોઈત્રાને પૂછપરછ માટે બોલાવ્યાં છે. સમાચાર એજન્સી પીટીઆઈએ સૂત્રોના હવાલાથી આ માહિતી આપી છે. ED ફોરેન એક્સચેન્જ વાયોલેશન (FEMA) કેસમાં તેમની પૂછપરછ કરવા માગે છે. તેમનું નિવેદન નોંધ્યા બાદ, NRI ખાતા સાથે સંબંધિત કેટલાક વિદેશી વ્યવહારો પણ એજન્સીના સ્કેનર હેઠળ છે. તપાસ એજન્સીએ પહેલાથી જ મોઈત્રાને FEMA હેઠળ બે વખત સમન્સ મોકલ્યા છે, પરંતુ તે તેમના સત્તાવાર કામને ટાંકીને હાજર થયાં ન હતાં. મહુઆ ઉપરાંત EDએ સમક્ષ હાજર થયા હતા. મહુઆ મોઈત્રા પર આવી મોટી મુશ્કેલી CBIએ શનિવારે (23 માર્ચ) TMC નેતા મહુઆ મોઈત્રાના કોલકાતાના ઘરે દરોડા પાડ્યા હતા. સીબીઆઈની ટીમે સંસદમાં રૂપિયા લઈને પ્રશ્નો પૂછવાના આરોપમાં(કેશ ફોર ક્વેરી) તેના ઘરની તલાશી કરી રહી છે.

### EDએ જપ્ત કરેલા 3 હજાર કરોડ રૂપિયા ગરીબોને પરત આપીશું

નવી દિલ્હી : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે (27 માર્ચ) પશ્ચિમ બંગાળની કૃષ્ણનગર લોકસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર રાજમાતા અમૃતા રોય સાથે ફોન પર ચર્ચા કરી. વાતચીતમાં PM મોદીએ અમૃતા પાસેથી તેમના ચૂંટણી પ્રચારની તૈયારીઓ વિશે જાણ્યું. પીએમે તેમને કહ્યું કે તેઓ એવા કાયદાકીય વિકલ્પો પર કામ કરી રહ્યા છે જે સુનિશ્ચિત કરી શકે કે બંગાળના ગરીબો પાસેથી લૂંટેલા 3,000 કરોડ રૂપિયા, ED દ્વારા ભ્રષ્ટાચારીઓ પાસેથી જપ્ત કરવામાં આવેલી સંપત્તિ દ્વારા તે લોકોને પરત કરવામાં આવે. પીએમએ અમૃતા રોયને આ વાત બધાને જણાવવા કહ્યું. અમૃતા રાય પૂર્વ શાહી પરિવારના સભ્ય છે. તેઓ TMCના ઉમેદવાર મહુઆ મોઈત્રા સામે મેદાનમાં છે. એક દિવસ પહેલાં મોદીએ સંદેશખાલીની પીડિત ભાજપના ઉમેદવાર રેખા પાત્રા સાથે વાત કરી હતી. મૃતા રાય પૂર્વ રાજવી પરિવારમાંથી આવે છે. તેઓ TMCના ઉમેદવાર મહુઆ મોઈત્રા સામે મેદાનમાં છે. પરિવારમાંથી આવે છે. તેઓ TMCના ઉમેદવાર મહુઆ મોઈત્રા સામે મેદાનમાં છે.

### કોલકાતા એરપોર્ટ પર મોટી દુર્ઘટના ટળી; DGCAએ ઈન્ડિગોના બંને પાઈલટને હટાવ્યા

# એર ઈન્ડિયાના વિમાન સાથે ઈન્ડિગોનું વિમાન ટકરાયું:વિમાનની પાંખ તૂટી

(એજન્સી) કોલકાતા તા 28

કોલકાતા એરપોર્ટ પર બુધવારે રનવે પર પાર્ક કરેલા એર ઈન્ડિયાના વિમાન સાથે ઈન્ડિગોની ફ્લાઈટ અથડાઈ હતી. આ ટક્કરમાં બંને વિમાનોને નુકસાન થયું છે. એર ઈન્ડિયાની ફ્લાઈટની પાંખનો એક ભાગ તૂટી ગયો હતો. ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) એ આ ઘટના અંગે તપાસના આદેશ આપ્યા છે. તેમજ ઈન્ડિગોના પાઈલટ અને કો-પાઈલટ બંનેને ડ્યુટી પરથી હટાવી દેવામાં આવ્યા છે. DGCAના અધિકારીએ જણાવ્યું કે આ ઘટના ઈન્ડિગોની A320 VT-ISS ફ્લાઈટ અને એર ઈન્ડિયા એક્સપ્રેસ 737 VT-TGG વચ્ચે બની હતી.



એર ઈન્ડિયાનું વિમાન ચેન્નાઈ માટે ટેકઓફ થવાનું હતું અને રનવે પર પહોંચવાની રાહ જોઈ રહ્યું હતું. તે દરમિયાન ઈન્ડિગોની ફ્લાઈટ રનવે પર આવી અને એર ઈન્ડિયાના પ્લેન સાથે અથડાઈ હતી. જેના કારણે વિમાનની પાંખને નુકસાન થયું હતું. અધિકારીએ જણાવ્યું કે, 'અમે આ મામલે તપાસનો આદેશ આપ્યો છે અને ઈન્ડિગો એરલાઈન્સના બંને પાઈલટને ઓફ-રોસ્ટર કરવામાં આવ્યા છે.' તપાસ દરમિયાન ગ્રાઉન્ડ સ્ટાફની પણ પૂછપરછ કરવામાં આવશે. તપાસ માટે બંને ફ્લાઈટ રોકી દેવામાં આવી હતી. ઈન્ડિગોએ કહ્યું- સામાન્ય ટક્કરની માહિતી મળી હતી આ ઘટના અંગે ઈન્ડિગો દ્વારા એક નિવેદન બહાર પાડવામાં આવ્યું હતું. એરલાઈનના પ્રવક્તાએ કહ્યું- કોલકાતા એરપોર્ટ પર ઈન્ડિગો અને અન્ય એરક્રાફ્ટ વચ્ચે સામાન્ય ટક્કરની માહિતી મળી હતી. વિમાનને તપાસ માટે રોકી દેવામાં આવ્યું હતું.

### તેમના પતિ કેરળ સરકારમાં મંત્રી

# કેરળના સીએમની પુત્રી સામે મની લોન્ડરિંગનો કેસ

(એજન્સી) કોચી તા 28

EDએ બુધવાર, 27 માર્ચે કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયનની પુત્રી વીણા વિજયન વિરુદ્ધ મની લોન્ડરિંગનો કેસ નોંધ્યો હતો. એજન્સીનું કહેવું છે કે ખાનગી ખનિજ કંપની કોચીન મિનરલ્સ એન્ડ રૂટાઈલ લિમિટેડ (CMRL) એ વીણાની આઈટી કંપની એક્સાલોજિક સોલ્યુશનને ગેરકાયદેસર રીતે 1.72 કરોડ રૂપિયા ચૂકવ્યા છે. વીણા ઉપરાંત EDએ તેની કંપની અને અન્ય કેટલાક લોકો સામે પણ કેસ નોંધ્યો છે. એજન્સી આ કેસમાં સંડોવાયેલા લોકોને પણ સમન્સ પાઠવશે. સીરીયસ ફ્રોડ ઈન્વેસ્ટિગેશન ઓફિસ (SFIO)ની ફરિયાદ બાદ EDએ આ કેસ નોંધ્યો છે. SFIO એ કેન્દ્રીય કોર્પોરેટ બાબતોના મંત્રાલયની તપાસ શાખા છે. વીણાને સીએમઆરએલ તરફથી રૂ. 1.72 કરોડનું પેમેન્ટ મળ્યું છે. KSIDCમાં કેરળ સરકારનો 13.4% હિસ્સો છે.

વીણા અને તેની કંપની પર સર્વિસ આપ્યા વિના પૈસા લેવાનો આરોપ આ બાબત પણ ઈન્કમટેક્સ દ્વારા તપાસ હેઠળ છે. એવો આરોપ છે કે ખાનગી કંપની કોચીન મિનરલ્સ એન્ડ રૂટાઈલ લિમિટેડ (CMRL)એ વર્ષ 2018 થી 2019 દરમિયાન વીણા વિજયનની આઈટી કંપની એક્સાલોજિક સોલ્યુશનને 1.72 કરોડ રૂપિયાની ગેરકાયદેસર ચુકવણી કરી



હતી. જ્યારે વીણાની કંપનીએ ખનીજ કંપનીને કોઈપણ પ્રકારની સેવા પૂરી પાડી ન હતી.સરકારી વકીલે દાવો કર્યો હતો કે આવકવેરાની તપાસમાં સીએમઆરએલના રાજકીય અધિકારીઓ સાથેના વ્યવહારો બહાર આવ્યા છે. જેમાં વીણાની કંપનીને 1.72 કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા. સરકારી એકમ કેરળ રાજ્ય ઔદ્યોગિક વિકાસ નિગમ (KSIDC) પણ CMRLમાં 13.4 ટકા હિસ્સો ધરાવે છે. ખનીજ કંપનીના અનેક વ્યવહારો શંકાસ્પદ છે.તપાસમાં સામે આવ્યું છે કે વર્ષ 2016-17 દરમિયાન વીણાની કંપની સાથે 10થી વધુ કંપનીઓએ નાણાકીય વ્યવહારો કર્યા હતા. એક્સાલોજિક અને સીએમઆરએલએ દાવો કર્યો હતો.

### પિતા બાદ હવે પુત્ર જ્યોતિરાદિત્ય સિંધિયા સામે લોકસભા ચૂંટણી લડશે

નવી દિલ્હી : સિંધિયા પરિવાર સાથે રાવ પરિવારની દુશ્મની ઘણી જૂની છે. બરાબર 22 વર્ષ પહેલા ભાજપે યાદવેન્દ્ર યાદવના પિતા દેશરાજ સિંહ યાદવને લોકસભા ચૂંટણીમાં જ્યોતિરાદિત્ય સિંધિયા સામે મેદાનમાં ઉતાર્યા હતા. 2002 લોકસભા પેટાચૂંટણીમાં, જ્યોતિરાદિત્ય સિંધિયા, જેમણે 5 લાખ 35 હજાર 728 મત મેળવ્યા હતા, તેમને 4 લાખ 6 હજાર 568 મતોથી હરાવ્યા હતા. ત્યારે દેશરાજ સિંહ યાદવ માત્ર 1 લાખ 29 હજાર 160 વોટ મેળવી શક્યા હતા. દેશરાજ સિંહ યાદવે જ્યોતિરાદિત્ય સિંધિયાના પિતા સામે લોકસભા ચૂંટણી લડી હતીઅગાઉ, વર્ષ 1999 માં, દેશરાજ સિંહ યાદવે જ્યોતિરાદિત્ય સિંધિયાના પિતા સ્વર્ગસ્થ માધવરાવ સિંધિયા સામે લોકસભા ચૂંટણી લડી હતી.

### ઉત્તરાખંડના નાનકમત્તા ગુરુદ્વારાના ડેરા પ્રમુખ તરસેમ સિંહની હત્યા કરાઈ

દેહરાદૂન : ગુરુદ્વારા નાનકમત્તા સાહિબ પાસે ડેરા કારસેવા સંકુલમાં તેની હત્યા કરવામાં આવી હતી. સવારે 6 વાગે બાઈક પર આવેલા હુમલાખોરોએ તેને ત્રણ વખત ગોળી મારી હતી. હોસ્પિટલ લઈ જતા રસ્તામાં તેનું મોત નીપજ્યું હતું. કહેવામાં આવી રહ્યું છે કે બંને હુમલાખોરો મોટરસાઈકલ પર આવ્યા હતા અને તેમના પર અંધાધૂંધ ફાયરિંગ કરીને ફરાર થઈ ગયા હતા. પોલીસને હજુ સુધી આ કેસમાં કોઈ સુરાગ મળ્યો નથી. પોલીસને હત્યામાં ગેરકાયદેસર હથિયારોનો ઉપયોગ થયો હોવાની શંકા છે. તેની હત્યા બાદથી હોસ્પિટલની બહાર ભારે ભીડ એકઠી થઈ ગઈ છે. તેણે એક મહિના પહેલા ફેસબુક પર પોસ્ટ કરીને હત્યાનો ભય વ્યક્ત કર્યો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે ગુરુદ્વારા પ્રબંધન સમિતિ સાથે તેમનો વિવાદ ચાલી રહ્યો હતો.

# જીડીપીમાં 12% વધારવા 19 કરોડ ગૃહિણીને પેઇડ વર્કફોર્સમાં લવાશે

નવી દિલ્હી તા 28

કેન્દ્ર સરકાર મહિલાઓના નેતૃત્વ હેઠળનું અર્થતંત્ર તૈયાર કરવા માટે રોડમેપ બનાવી રહી છે. વર્કફોર્સમાં મહિલાઓની ભૂમિકાને લઈને તૈયાર શ્વેતપત્ર અનુસાર દેશમાં 47 કરોડ વયસ્ક મહિલાઓમાંથી 20% મહિલાઓ વર્કફોર્સમાં છે અને 80% મહિલાઓનું યોગદાન અનપેઈડ કેરગિવર તરીકે છે. એટલે તેઓ ઘરમાં વેતન વગર સંભાળમાં સક્રિય છે. સરકારનો પ્રયાસ છે કે આ 80%( 37 કરોડ)માંથી 50% મહિલાઓને વર્કફોર્સમાં સામેલ કરાય, જેથી જીડીપીમાં 12-14%ની વૃદ્ધિ થઈ શકે. શ્વેતપત્ર તૈયાર કરવામાં અગ્રણી ભૂમિકા નિભાવનારા ફિક્કી લેડિઝ ઑર્ગેનાઇઝેશનનાં પ્રમુખ સુધા શિવકુમારે ભાસ્કરને જણાવ્યું કે અનપેઈડ કેરગિવરને સ્થાને સ્કિલ્ડ કેરગિવરને લવાશે. તેનાથી વર્કફોર્સમાં પ્રોફેશનલ મહિલાઓનું યોગદાન વધશે. ભારતમાં અનપેઈડ કેરવર્ક કુલ જીડીપીના



15% છે. ભારતમાં જીડીપીના 2% કેર ઈકોનોમી પર ખર્ચાય તો રોજગારીની 1.10 કરોડ તકનું સર્જન થશે. આ છે યોજના: કેર સેક્ટરને પ્રોત્સાહન, કંપનીઓને સબસિડી પેઈડ પેરેન્ટલ લિવ અપાય. તેનાથી બાળકોના વિકાસ ઉપરાંત કેર ઈકોનોમીને વેગ મળશે. મહિલાઓ કારકિર્દી પર ધ્યાન આપી શકશે. ભારતનું કેર સેક્ટર આંગણવાડી, નર્સ મિડવાઈફ પર નિર્ભર છે. તેની સંખ્યા અંદાજે 42 લાખ છે. તેને 50 લાખ સુધી લઈ જવાની જરૂર છે. બાળકો અને વૃદ્ધોની સંભાળ માટે ઉચ્ચ ગુણવત્તાની સુવિધાઓ અપાય. તેનાથી જીડીપીમાં 1% થી 4% સુધી યોગદાન થઈ શકે છે.

કેર સેક્ટરને પ્રોત્સાહન આપવા માટે પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપને વેગ અપાય, જેથી તેના મારફતે ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓનું નિર્માણ કરી શકાય. કેર ઈકોનોમી આ માટે જરૂરી: વિશ્વમાં અનપેઈડ કેરવર્કમાં 60 કરોડથી વધુ મહિલાઓ શ્વેતપત્ર અનુસાર, ભારત સહિત વિશ્વભરમાં ત્રણ ચતુર્થાંશ એટલે કે 60.60 કરોડ મહિલા અનપેઈડ કેરવર્કમાં છે. આથી તેઓ રોજગાર માટે સમય આપી શકતી નથી. ભારતમાં આવી 37 કરોડ મહિલા છે. વિશ્વમાં અનપેઈડ કેરવર્ક કુલ જીડીપીના 9% છે. ભારતમાં પેઈડ-અનપેઈડ મહિલા કેરગિવરનું અર્થતંત્રમાં યોગદાન 15% છે. જો તેમને શીખવવામાં આવે તો અર્થતંત્રમાં એટલું જ યોગદાન થશે.

### લોકસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસને ફટકો, સાવિત્રી જિંદાલે છોડ્યો કોંગ્રેસનો હાથ

લોકસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ કોંગ્રેસને એક બાદ એક ફટકા સહન કરવાનો વારો આવી રહ્યો છે. વિવિધ રાજ્યોમાં કોંગી નેતાઓ દ્વારા પક્ષપલટો કરવામાં આવી રહ્યો છે. ત્યારે હવે ભારતની સૌથી અમીર મહિલા અને દેશના ટોચના અમીરોની યાદીમાં સામેલ સાવિત્રી જિંદાલે કોંગ્રેસ છોડવાની જાહેરાત કરી છે. ટ્વિટર પર કરી જાહેરાત સાવિત્રી જિંદાલે બુધવારે ટ્વિટર પ્લેટફોર્મ પર એક પોસ્ટ દ્વારા જાહેરાત કરતા જણાવ્યું કે મેં ધારાસભ્ય તરીકે 10 વર્ષ સુધી હિસારના લોકોનું પ્રતિનિધિત્વ કર્યું છે અને મંત્રી તરીકે હરિયાણા રાજ્યની નિ:સ્વાર્થ સેવા કરી છે. હિસારના લોકો મારો પરિવાર છે અને મારા પરિવારની સલાહ પર હું આજે કોંગ્રેસ પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપી રહી છું. તેમણે આગળ લખ્યું કે હું કોંગ્રેસ નેતૃત્વ અને મારા તમામ સાથીદારોના સમર્થન માટે હંમેશા આભારી રહીશ જેમણે હંમેશા મને તેમનું સમર્થન અને સન્માન આપ્યું.

### કેજરીવાલના રિમાન્ડ પૂરા, આજે રાઉઝ એવન્યુ કોર્ટમાં હાજર થશે

# કેજરીવાલને CM પદેથી હટાવવાની અરજી ફગાવી: દિલ્હી હાઈકોર્ટે કહ્યું- અમે દખલગીરી કરી શકીએ નહીં

નવી દિલ્હી તા 28

દારૂ નીતિ કેસમાં ધરપકડ કરાયેલા અરવિંદ કેજરીવાલને મુખ્યમંત્રી પદેથી હટાવવાની અરજી પર દિલ્હી હાઈકોર્ટમાં સુનાવણી કરવામાં આવી હતી. દિલ્હી હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ (ACJ) આ મામલે દખલગીરી કરવાનો ઈનકાર કર્યો છે. ACJ મનમોહને કહ્યું, ' આ અરજી પર અમારે સુનાવણી ન કરવી જોઈએ. આ મામલે ન્યાયતંત્રએ દખલગીરી કરવી જોઈએ નહીં.' દિલ્હી હાઈકોર્ટનું કહેવું છે કે આ એક રાજકીય મામલો છે, જે ન્યાયતંત્રના દાયરામાં નથી આવતો. લિકર પોલિસી કેસમાં ધરપકડ કરાયેલા દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલના ED રિમાન્ડ 28 માર્ચે પૂરા થઈ રહ્યા છે. આજે બપોરે તેમને રાઉઝ એવન્યુ કોર્ટમાં હાજર કરવામાં આવશે.

કેજરીવાલની 21 માર્ચે ED દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. 22 માર્ચે તેને ટ્રાયલ કોર્ટમાં હાજર કરવામાં આવ્યા હતા. કોર્ટે કેજરીવાલને 28 માર્ચ સુધી EDની કસ્ટડીમાં મોકલી દીધા હતા. આ દરમિયાન, 23 માર્ચે, કેજરીવાલે પોતાની ધરપકડ અને રાઉઝ એવન્યુ કોર્ટના રિમાન્ડના નિર્ણયને દિલ્હી હાઈકોર્ટમાં પડકાર્યો હતો અને તાત્કાલિક સુનાવણીની માંગ કરી હતી. 27 માર્ચે દિલ્હી હાઈકોર્ટે કેજરીવાલને રાહત આપવાનો ઈન્કાર કરી દીધો હતો.

આ કેસની આગામી સુનાવણી 3 એપ્રિલે થશે. કેજરીવાલ ધરપકડ કરાયેલા પ્રથમ સિટિંગ સીએમ છે. આ પહેલાં ઝારખંડના પૂર્વ સીએમ હેમંત સોરેનની ED દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. સોરેન રાજભવન ગયા હતા અને ED કસ્ટડીમાંથી રાજીનામું આપ્યું હતું. ધરપકડ બાદ કેજરીવાલ જેલમાંથી જ સરકાર ચલાવી રહ્યા છે. તેણે જેલમાંથી બે ઓર્ડર જારી કર્યા છે.

**कार्यपालक अभियंता का कार्यालय**
**ग्रामीण विकास विशेष प्रमंडल, गुमला**
**ई-मेल:- rdsdgumla123@gmail.com**

**शुद्धि पत्र**

इस कार्यालय के पत्रांक 232 दिनांक 12.03.2024 द्वारा अति अल्पकालीन ई– निविदा सूचना संख्या– RDD/SD/GUMLA/25/2023-24 जिसका पी०आर० (PR) सं०– 322503 Rural Development (2023-24):D है, जो की अपरिहार्य कारणों से अगले आदेश तक स्थगित किया जाता है।

कार्यपालक अभियंता,
ग्रामीण विकास विशेष प्रमंडल
PR 323400 Rural Development (23-24)_D गुमला

### આપણા ન્યાયતંત્ર પર અન્યાયી કાર્યવાહીનો આરોપ લગાવવામાં આવી રહ્યો છે."

# આપણું ન્યાયતંત્ર જોખમમાં છે...:કાયદાના રક્ષકોએ ચિંતા વ્યક્ત કરી, 600થી વધુ વકીલોએ CJIને પત્ર લખ્યો

નવી દિલ્હી તા 28

હરીશ સાલ્વે ઉપરાંત, બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના અધ્યક્ષ મનન મિશ્રા સહીત 500થી વધુ વકીલોએ CJI ચંદ્રચુડને પત્ર લખ્યો હતો. દેશના પૂર્વ સોલિસિટર જનરલ હરીશ સાલ્વે સહિત 600થી વધુ વરિષ્ઠ વકીલોએ ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા ડીવાય ચંદ્રચુડને પત્ર લખ્યો છે. તેમાં કહ્યું છે કે ન્યાયતંત્ર જોખમમાં છે અને રાજકીય અને પ્રોફેશનલ દબાણ સામે તેને બચાવવું પડશે.

વકીલોએ લખ્યું છે કે ન્યાયિક અખંડિતતાને નબળી પાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. અમે એવા લોકો છીએ જે કાયદાને જાળવી રાખવા માટે કામ કરીએ છીએ. અમારું માનવું છે કે અમારે કોર્ટોને બચાવવા માટે આગળ આવવું પડશે. હવે સાથે મળીને અવાજ ઉઠાવવાનો સમય આવી ગયો છે. છુપાઈને હુમલા કરનારાઓ સામે બોલવાનો સમય આવી ગયો છે. આપણે એ સુનિશ્ચિત કરવું જોઈએ કે કોર્ટ લોકશાહીનો આધારસ્તંભ બની રહે. આ હુમલાઓની તેના પર કોઈ અસર ન પડે.

26 માર્ચે લખેલો પત્ર ' આદરણીય સાહેબ, અમે બધા તમારી સાથે અમારી મોટી ચિંતા શેર કરી રહ્યા છીએ. એક વિશેષ ગ્રુપ ન્યાયતંત્ર પર દબાણ લાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ જૂથ ન્યાયિક વ્યવસ્થાને અસર કરી રહ્યું છે અને તેમના રાજકીય એજન્ડા હેઠળ ઉલટાના આરોપ લગાવીને કોર્ટોને બદનામ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. તેમના આ કૃત્યોને કારણે ન્યાયતંત્રની લાક્ષણિકતા ધરાવતા સંવાદિતા અને વિશ્વાસનું વાતાવરણ ડહોળાઈ રહ્યું છે. રાજકીય બાબતોમાં દબાણની આંટીઘૂંટી સામાન્ય છે, ખાસ કરીને એવા કિસ્સાઓમાં કે જેમાં રાજનેતા સામે ભ્રષ્ટાચારનો આરોપ હોય. આ યુક્તિઓ આપણી કોર્ટોને નુકસાન પહોંચાડી રહી છે અને લોકતાંત્રિક માળખાને જોખમમાં મૂકી રહી છે. આ વિશેષ ગ્રુપ ઘણી રીતે કામ કરે છે. તેઓ આપણી કોર્ટોના સોનેરી ભૂતકાળનો ઉલ્લેખ કરે છે અને આજની ઘટનાઓ સાથે તેની તુલના કરે છે. આ માત્ર ઈરાદાપૂર્વકના નિવેદનો છે જેથી નિર્ણયોને પ્રભાવિત કરવા અને રાજકીય લાભ માટે કોર્ટો પર જોખમ તોળાય. આ જોઈને પરેશાની થાય છે કે, કેટલાક વકીલો દિવસ દરમિયાન રાજકારણીનો કેસ લડે છે અને રાત્રે મીડિયામાં રહે છે, જેથી નિર્ણયને અસર કરી શકાય. તેઓ બેન્ચ ફિક્સિંગની થિયરી પણ ઘડી રહ્યા છે. આ કાર્યવાહી માત્ર આપણી કોર્ટોનો અનાદર જ નથી પરંતુ માનહાનિ પણ છે. આ આપણી કોર્ટોની ગરિમા પર કરાયેલો હુમલો છે. માનનીય જજોં પર પણ હુમલા થઈ રહ્યા છે. છે. તેઓ એટલી હદે નીચે બેસી ગયા છે કે તેઓ આપણી કોર્ટોની સરખામણી એવા દેશો સાથે કરી રહ્યા છે.

### આત્મહત્યાનો પ્રયાસ કરનાર સાંસદનું નિધન

ચેન્નાઈ તા 28

તમિલનાડુની MDMK પાર્ટીના સાંસદ ગણેશમૂર્તિનું 76 વર્ષની વયે નિધન થયું છે. તેમણે ગુરુવારે સવારે 5 વાગ્યે કોઈમ્બતુરની એક ખાનગી હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. ચાર દિવસ પહેલા તેમણે દવા પીને આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો, ત્યારથી તેઓ હોસ્પિટલમાં દાખલ હતા. તેમના અંતિમ સંસ્કાર આજે કરવામાં આવશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે લોકસભા ચૂંટણી માટે પાર્ટી તરફથી ટિકિટ ન મળતા તેઓ ડિપ્રેશનમાં હતા, જેના કારણે તેણે આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો.

**ઉત્તર મધ્ય રેલ્વે**

**ઈ-ટેન્ડર સૂચના**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેના વતી, ડેપ્યુટી ચીફ સિગ્નલ એન્ડ ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયર/CTC/Tundla નીચેના કામ માટે ઓનલાઈન ઈ-ટેન્ડર દ્વારા ઓપન ટેન્ડર આમંત્રિત કરે છે.

| | |
|---|---|
| **ઈ-ટેન્ડર સૂચના નંબર :-** પીયુ -ટીડીએલ-ડબ્લ્યુ-02-2024. | **ટેન્ડર ફોર્મ કિંમત :-** 0.00 |

**કામનું નામ:-** MSDAC ની જોગવાઈના સંબંધમાં ટુંડલા-અલીગઢ સેક્શન અને પ્રયાગરાજ ડિવિઝનના ખુર્જા સ્ટેશન પર નવી S&T LSC બિલ્ડિંગનું નિર્માણ અને હાલની બિલ્ડિંગનું વિસ્તરણ.

**અંદાજિત ખર્ચ:-** રૂ: 25530642.74 (રૂપિયા બે કરોડ પંચાવન લાખ તીસ હજાર છ સો બેતાલીસ રૂપિયા અને ચુમોતેર પૈસા માત્ર ) **બાના રકમ :-** રૂ: 277700/- ( રુપિયા બે લાખ સિત્યોતેર હજાર સાતસો રૂપિયા માત્ર ) **ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય:- તારીખ : - 17-04-2024 એ 15:00 વાગ્યા સુધી . સ્વીકૃતિ પત્ર જારી થયાના સમયથી કામ પૂર્ણ થવાની તારીખ:- 09 મહિના માન્યતા અવધિ:-** 90 દિવસ. **નોંધ :-** 1. ઉપરોક્ત ઈ-ટેન્ડરોના ટેન્ડર દસ્તાવેજ સાથેની સંપૂર્ણ માહિતી 15:00 સુધી વેબસાઈટ www.irpes.gov.in પર ઉપલબ્ધ છે. 2. ઉપરોક્ત ટેન્ડરો સામે ઈ-બિડના સ્વરૂપ સિવાયની બિડ સ્વીકારવામાં આવશે નહીં. આ હેતુ માટે, વિક્રેતાઓએ IT ACT-2000 હેઠળ CCA દ્વારા જારી કરાયેલ ડિજિટલ હસ્તાક્ષર પ્રમાણપત્રો સાથે IREPS વેબસાઈટ પર નોંધણી કરાવવી જરૂરી છે. 3. નાણાકીય દર પેજમાં દાખલ કરેલ અને યોગ્ય રીતે ડિજિટલી સહી કરેલ દરો ધ્યાનમાં લેવામાં આવશે. જો વિક્રેતાઓ દ્વારા જોડવામાં આવે તો દરો અને અન્ય કોઈપણ નાણાકીય એન્ટિટી કોઈપણ અન્ય ફોર્મ/લેટરહેડમાં હોય તો તેને સીધી અવગણવામાં આવશે અને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. 4. જે દસ્તાવેજો જોડવામાં આવ્યા છે તેના પર ટેન્ડરર દ્વારા સહી કરેલી હોવી જોઈએ. 5. બધી માહિતી માટે અને બીડ જમા કરવા માટે ભારતીય રેલવેની વેબસાઈટ www.ireps.gov.in જુઓ.

571/24(AN)

North central railways www.ncr.indianrailways.gov.in @northcentralrailway @ CPRONCR

### અમદાવાદ ક્રાઇમબ્રાંચનું ઓપરેશન

# બનાવટી આધાર કાર્ડ પર પાસપોર્ટ તૈયાર કરનાર બાંગ્લાદેશી ઝડપાયો

**પાસપોર્ટને આધારે મલેશિયા નોકરી માટે અરજી કરી હોવાનું બહાર આવ્યું : પુછપરછમાં મોટા ખુલાસાની શક્યતા**

અમદાવાદ

અમદાવાદના ચંડોળા તળાવ પાસેની વસાહત ગેરકાયદેસર રીતે રહેતા બાંગ્લાદેશીઓ માટે સ્વર્ગ સમાન છે. ત્યારે અમદાવાદ ક્રાઈમબ્રાંચ દ્વારા એક બાંગ્લાદેશી નાગરિકની ધરપકડ કરવામાં આવી હતી. જેમાં તેણે બનાવટી આધાર કાર્ડની મદદથી પાસપોર્ટ પણ તૈયાર કર્યો હતો. જે પાસપોર્ટને આધારે મલેશિયા નોકરી કરવા માટે અરજી પણ કરી હતી. જો કે તેને વિઝા મળ્યા નહોતા. સમગ્ર કેસની તપાસમાં મોટા ખુલાસા થવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી છે. અમદાવાદ ક્રાઈમબ્રાંચના પીએસઆઈ બી એસ ઝાલાને




બાતમી મળી હતી કે ચંડોળા તળાવ પાસેની વસાહતમાં એક બાંગ્લાદેશી વ્યક્તિએ બનાવટી દસ્તાવેજને આધારે પાસપોર્ટ તૈયાર કર્યો છે. જેના આધારે પોલીસે બુધવારે સાંજે દરોડો પાડીને મોહમંદલાભુ સરદાર નામના વ્યક્તિને ઝડપી લેવામાં આવ્યો હતો. પુછપરછમાં તે મુળ બાંગ્લાદેશનાનોડાઈલ જિલ્લાના પાચુડીયા ગામનો વતની હોવાનું જાણવા મળ્યું હતું. વર્ષ ૨૦૦૧માં તે ગેરકાયદેસર રીતે ભારતમાં આવ્યો હતો. ત્યારબાદ ૨૦૧૨માં તેણે કુબેરનગર સંતોષીનગરમાં રહેતા રમેશ નામના વ્યક્તિની મદદથી બનાવટી આધાર કાર્ડ તૈયાર કરાવ્યું હતું. તે પછી વર્ષ ૨૦૧૫માં પાસપોર્ટ પણ ઈસ્યુ કરાવ્યો હતો. આ પાસપોર્ટની મદદથી તે મલેશિયા ખાતે નોકરી કરવા માટેની ફિરાકમાં હતો. આ માટે તેણે તેના સાળા મારફતે કલકત્તામાં એક એજન્ટની મદદથી મલેશિયા માટે વિઝા એપ્લીકેશન કરી હતી.

### પાંચ દિવસ 40 ડિગ્રી ઉપર તાપમાન રહેશે, બનાસકાંઠા અને આણંદમાં બે દિવસ વોર્મ નાઇટની શક્યતા

# ગુજરાતમાં દિવસે અંગ દઝાડતી ગરમી પડશે

(એજન્સી) અમદાવાદ | તા.28

ગુજરાતભરમાં હાલમાં અંગ દઝાડતી ગરમી પડી રહી છે. બપોરના સમયે રસ્તાઓ પર લોકો ઓછા જોવા મળી રહ્યા છે. કારણ કે, છેલ્લા 48 કલાકથી સૌરાષ્ટ્ર-કચ્છ સહિત અમદાવાદમાં પણ આકાશમાંથી અંગારા વરસતા હોય તેવી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. ત્યારે હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસને લઈને વાતાવરણની આગાહી કરવામાં આવી છે. ગુજરાતમાં દિવસે અંગ દઝાડતી ગરમી પડશે તો રાત્રિના લોકો અકળાશે. બનાસકાંઠા અને આણંદમાં બે દિવસ વોર્મ નાઇટની સંભાવના છે. ગુજરાતમાં પાંચ દિવસ 40 ડિગ્રી ઉપર તાપમાન રહેવાની સંભાવના છે.



### ગુજરાતના ત્રણ જિલ્લામાં 40 ડિગ્રી સેલ્સિયસ તાપમાન

રાજ્યના તમામ જિલ્લાઓનું મહત્તમ તાપમાન ગઈકાલ ઓછું નોંધાયું છે. એમાં પણ ખાસ કરીને સૌરાષ્ટ્ર-કચ્છના દરેક જિલ્લાનું મહત્તમ તાપમાન ગઈકાલ કરતા ઓછું નોંધાયું હતું. ત્યારે અમદાવાદ શહેરનું મહત્તમ તાપમાન ગઈકાલ કરતા એક ડિગ્રી ઓછું એટલે કે 40 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. રાજ્યમાં અમરેલી શહેરનું મહત્તમ તાપમાન સૌથી વધુ નોંધાયું હતું. ઉલ્લેખનીય છે કે, ગુજરાતના ત્રણ જિલ્લામાં 40 ડિગ્રી સેલ્સિયસ જેટલું તાપમાન નોંધાયું છે. જેમાં અમદાવાદ, અમરેલી અને સુરેન્દ્રનગર જિલ્લામાં 40 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. જ્યાં આજે સાંજના છ વાગ્યા સુધીમાં અમરેલી શહેરનું તાપમાન 40.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. તથા આગામી 36થી 48 કલાક દરમિયાન ગુજરાત રાજ્યને વેસ્ટન ડિસ્ટર્બન્સ બી અપ્રોચ કરી રહ્યું હોવાથી બે દિવસ બાદ મહત્તમ તાપમાનમાં એકથી બે ડિગ્રીનો ઘટાડો પણ થઈ શકે છે. ત્યારે તેની અસર આજથી જ ગુજરાતના તમામ જિલ્લાઓ પર દેખાઈ રહી હતી.

### અમદાવાદમાં રાત્રિનું તાપમાન ચાર-પાંચ ડિગ્રી વધુ નોંધાયું

હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે જણાવ્યું હતું કે, આગામી પાંચ દિવસ રાજ્યમાં વાતાવરણ શુષ્ક રહેવાની આગાહી કરવામાં આવી છે. ઉપરાંત મોટાભાગના જિલ્લાઓમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રીથી વધુ રહેવાની સંભાવના છે. ઉત્તર ગુજરાતના ત્રણ જિલ્લાઓમાં છેલ્લા 24 કલાક દરમિયાન વોર્મ નાઈટ રહી હતી. જેમાં બનાસકાંઠા, આણંદ અને અમદાવાદ શહેરમાં રાત્રિ દરમિયાન લઘુતમ તાપમાન સામાન્ય તાપમાન કરતાં ચારથી પાંચ ડિગ્રી વધુ નોંધાયું હતું.

## Quick Read

### 12 સાયન્સના 4 વિષયનાં પેપરની આન્સર કી જાહેર

અમદાવાદ | ગુજરાત માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (જીએસઈબી) બોર્ડે ધોરણ 12 સાયન્સના મેથ્સ, કેમિસ્ટ્રી, ફિઝિક્સ, બાયોલોજી એમ ચાર વિષયની માર્ચમાં લેવાયેલી પરીક્ષાની આન્સરકી બોર્ડની વેબસાઈટ પર મૂકી છે. ગુજરાતી, હિન્દી, અંગ્રેજી માધ્યમના નિષ્ણાતોએ તૈયાર કરેલી પ્રોવિઝનલ આન્સર કી બોર્ડની વેબસાઈટ www.gseb.org પર મુકાઈ છે. આન્સર કી અંગે કોઈ રજૂઆત હોય તો બોર્ડની વેબસાઈટ પર મૂકેલા નિયત નમૂનામાં વિષય અને માધ્યમવાર પ્રશ્નદીઠ અલગ અલગ રજૂઆત ઈમેઈલ આઈડી gsebsciencekey2024@gmail.com પર 30 માર્ચે સાંજે 6 સુધીમાં કરવાની રહેશે. ત્યાર બાદની રજૂઆત ધ્યાને લેવાશે નહીં. આ રજૂઆત ફક્ત ઈમેલ મારફતે સ્વીકારાશે, જેની પ્રશ્નદીઠ નિયત ફી રૂ.500 ભરવાની રહેશે. આ રજૂઆત સાથે નાણાં ભરેલા ચલણની નકલ ઈમેઈલથી મોકલવાની રહેશે.

### જેદ્દાહથી અમદાવાદ આવતી ફ્લાઇટમાં મુસાફરે બીડી સળગાવી

અમદાવાદ | અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટ ઉપર દિવસ દરમિયાન 100થી પણ વધુ ફ્લાઈટ ઉડાન ભરે છે અને લેન્ડિંગ કરે છે. જેમાંથી ઘણી ફ્લાઈટ આંતરરાષ્ટ્રીય પણ હોય છે. સામાન્ય રીતે એરપોર્ટ પર બીડી અથવા સિગરેટ પીવા માટે અલગ વ્યવસ્થા હોય છે. જ્યાં કોઈપણ મુસાફર સરળતાથી ધ્રુમ્રપાન કરી શકે છે. પરંતુ ફ્લાઇટમાં કોઈપણ જ્વલનશીલ વસ્તુ લઇ જવા પર પ્રતિબંધ હોય છે. તેમ છતાં જેદ્દાહથી અમદાવાદ આવતી ઇન્ડિગો એરલાઇન્સની ફ્લાઇટમાં એક વ્યક્તિ જમીનથી હજારો ફૂટ ઉપર બીડી પીતા ઝડપાયો હતો. જેમાં એર હોસ્ટેસને ધ્રૂમ્રપાનની દુર્ગંધ આવતા તેણે સીટ પાસે મુસાફરને પૂછતા તે મુસાફરે બીડી પીધી હોવાનું કબુલ્યું હતું. યુનાઈટેડ આરબ અમીરાતના જેદ્દાહથી મધ્ય રાત્રીએ 2.05 કલાકે ઉડાન ભરીને અમદાવાદના SVP એરપોર્ટ ખાતે સવારે 9.05 કલાકે આવતી ઇન્ડિગો એરલાઇન્સની ફ્લાઈટમાં એક મુસાફરે સીટ 19F પર જ બીડી સળગાવીને ધ્રુમ્રપાન કરતા એરહોસ્ટેસ તેમની સીટ પાસે પહોંચી હતી.

### રાજ્યમાં 30 માર્ચે મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા યોજાશે

અમદાવાદ | રાજ્યમાં 30 માર્ચના રોજ મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા યોજાશે. રાજ્યભરમાં ધોરણ-8 સુધીનો અભ્યાસ કરેલા સરકારી, ગ્રાન્ટેડ અને RTE હેઠળ એડમિશન લઈને અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપી શકશે. આ પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ પૈકી 25,000 વિદ્યાર્થીઓને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અને અભ્યાસ માટે દર વર્ષે સ્કોલરશીપ આપવામાં આવશે. 30 માર્ચના રોજ બપોરે 3થી 5:30 વાગ્યા સુધી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ માટેની પરીક્ષા યોજાશે.જે વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યા છે તે વિદ્યાર્થીઓ જ આ પરીક્ષા આપી શકશે. ધોરણ આઠ પાસ વિદ્યાર્થીઓ જ પરીક્ષા આપી શકશે. પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ પેલો 25 હજાર વિદ્યાર્થીઓને ધોરણ 9 થી 10 માં વાર્ષિક 20,000 સ્કોલરશીપ મળશે.જ્યારે ધોરણ 11 થી 12માં વાર્ષિક 25000 રૂપિયા સ્કોલરશીપ મળશે.

### બોપલમાં ફાયરિંગની ઘટનાનો વીડિયો સામે આવ્યો

# ઘુમા પાસે 10 શખસે મેરીગોલ્ડ રોડ બાનમાં લઈ રીતસર આતંક મચાવ્યો

(એજન્સી) અમદાવાદ | તા.28

અમદાવાદના ઘુમા ગામ પાસે ગતરાતે 3 વાગ્યે મેરી ગોલ્ડ રોડ 10 શખસોએ બાનમાં લઈ રીતસરનો આતંક મચાવ્યો હતો. બિલ્ડર ઉપેન્દ્રસિંહ ચાવડાની ગાડીને આંતરી હુમલો કર્યો હતો. આથી સ્વ-બચાવમાં ઉપેન્દ્રસિંહે 2 રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. ફાયરિંગ અને નાસભાગનો વીડિયો સામે આવ્યો છે. જેમાં ફિલ્મને ટક્કર મારે તેવાં દૃશ્યો કેદ થયાં છે. સાણંદના રાજેન્દ્રસિંહ સોલંકી અને બોપલના અનિલસિંહ પરમાર સહિત 10 શખસો ઉપેન્દ્રસિંહ ચાવડા પર હુમલો કરવા આવતા સ્વ-બચાવમાં ઉપેન્દ્રસિંહે



ફાયરિંગ કર્યું હતું. આથી મેરી ગોલ્ડ રોડ પર નાસભાગ મચી હતી. ઘટનાની જાણ થતાં જ બોપલ પોલીસનો કાફલો દોડી ગયો હતો. ઉપેન્દ્રસિંહે રાજેન્દ્રસિંહ સોલંકી અને અનિલસિંહ પરમાર નામના વ્યક્તિ સહિત કુલ 9 લોકો સામે ફરિયાદ નોંધાવી છે. ઉપેન્દ્રસિંહે લાઈસન્સવાળી રિવોલ્વરથી ફાયરિંગ કર્યું હતું.

### રિવોલ્વરથી હવામાં એક રાઉન્ડ ફાયરિંગ

મેરી ગોલ્ડ સર્કલથી તેઓ આગળ જઈ રહ્યા હતા ત્યારે એક પાન પાર્લર પાસે ચાર પાંચ ગાડી હતી. જેમાં રાજેન્દ્રસિંહ અને અનિલસિંહ સહિત કેટલાક લોકો રોડ ઉપર ઊભા હતા. તમામ લોકોના હાથમાં લાકડીઓ પાઈપો હતી. એ તમામ ઉપેન્દ્રસિંહની ગાડી તરફ આવ્યા અને હુમલો કરવા જઈ રહ્યા હતા. ત્યારે ઉપેન્દ્રસિંહે બચાવવામાં લાઈસન્સ માટે રિવોલ્વર કાઢી હવામાં એક રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું.

# બાપુનગરમાં સ્ટીમ પ્રેસ અને ગાજ બટનની દુકાનમાં SOGની રેડ

(એજન્સી) અમદાવાદ | તા.28

અમદાવાદ શહેરના પૂર્વ ભાગમાં ફરી એક વખત એમડી ડ્રગ્સ સાથે એક આરોપીની ધરપકડ એસઓજી ક્રાઈમ બ્રાન્ચે કરી છે. અમદાવાદ શહેરના અલગ અલગ વિસ્તારમાં યુવક-યુવતીઓને ડ્રગ્સ વેચવાનો આખો કારોબાર ચાલે છે. તેમાં ફરી એક વખત એસોજીને સફળતા મળતા ગુનેગારોની મેલી મુરાદ પૂરી થઈ નથી અને ડ્રગ્સ ડિલિવરી થાય તે પહેલા જ ડ્રગ્સ પકડાઈ જતા યુવાનો તેના બંધાણી બનતા પહેલા બચી ગયા છે. આ સમગ્ર રેકેટમાં કોણ રિસિવર હતું અને કયાં ડ્રગ્સ કઈ રીતે પહોંચાડવાનું હતું તે જાણવા માટે પણ એસઓજી દ્વારા પ્રયાસ હાથ ધરવામાં આવી રહ્યા છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે, બાપુનગર વિસ્તારમાં આવેલા સુમેલ 8ના એક દુકાનની અંદર સલીમ નામનો વ્યક્તિ એમડી ડ્રગ્સ સાથે છે અને તેની પાસેથી મોટો જથ્થો મળશે તેવી બાતમી એસઓજીને મળી હતી. એસઓજીના જયપાલસિંહ અને તેમની ટીમે આ જગ્યાએ રેડ કરી હતી. રેડ દરમિયાન પહેલા તો બહારથી આ જગ્યા ગાજ બટનની દુકાન અથવા સ્ટ્રીમ પ્રેસની દુકાન હોય તેવું લાગતું હતું. પરંતુ થોડીવાર બાદ પોલીસે આ જગ્યાએ તપાસ કરવાનું શરૂ કર્યું હતું. પોલીસે તપાસ શરૂ કરતાં સલીમ પાસેથી 84 ગ્રામ ડ્રગ્સ મળી આવ્યું હતું. આ એમડી ડ્રગ્સ જે હાલ પાર્ટી ડ્રગ્સ તરીકે યુવા લોકોમાં ચર્ચામાં છે. જે સલીમ અને તેના જેવા કેટલાક લોકો અલગ અલગ વજનમાં પહોંચાડતા હોય છે અને જેના કારણે યુવાનો બરબાદ થઈ રહ્યા છે.

**લોન કન્સલ્ટન્ટ મહિલા સાથે છેતરપિંડી**

# એમેઝોન પ્રોડક્ટનાં ટાસ્ક પૂરાં કરવાનું કહી 73 લાખની ઠગાઈ

(એજન્સી) અમદાવાદ | તા.28

એમેઝોન પ્રોડક્ટના ટાસ્ક પૂરા કરીને ઘરે બેઠા રોજના રૂ. 3થી 5 હજાર કમાવાની લાલચમાં લોન કન્સલ્ટન્ટનું કામ કરતી મહિલાએ પૈસા ભરવાનું શરૂ કર્યું હતું. ત્યાર બાદ બીટ કોઈનમાં રોકાણ કરાવાની લાલચ આપીને ગઠિયા ટોળકીએ મહિલા પાસેથી રૂ.73 લાખ પડાવી લીધા હતા. જોકે તે પૈસા પાછા માગતા રૂ.1.5 કરોડનો ટાસ્ક પૂરો કરવાનું કહેતા મહિલાએ ટાસ્ક પૂરો કરવાની ના પાડી દેતા ગઠિયા ટોળકીએ પૈસા પડાવી લીધા હોવાનો ભાંડો ફૂટ્યો હતો. વિજય ચાર રસ્તા પાસેની પ્રગતિ સોસાયટીમાં રહેતાં હેતલબહેન સાત વર્ષથી ફિનબક્સ ગ્રોથ નામથી લોન કન્સલ્ટન્સી ધરાવે છે. જ્યારે તેમના પતિ રાજ સુનીલભાઈ શાહ નેશનલ વાઈડ ઓવરસીસ એજ્યુકેશન નામથી વિઝા કન્સલ્ટન્સી ધરાવે છે. 22 માર્ચે એમેઝોન રિક્રૂટમેન્ટ વર્કિંગ ગ્રૂપના એડમિને હેતલબહેનને તેમના ગ્રૂપમાં એડ કર્યા હતા. તે ગ્રૂપમાં અન્ય 59 મેમ્બર્સ હતા. આ ગ્રૂપના એડમિન માલ્કોલ્મને હેતલબહેને પૂછ્યું હતું કે, મારો નંબર તમારી પાસે ક્યાંથી આવ્યો, જેથી તેણે કહ્યું કે, તમે એમેઝોન પ્રાઈમ યુઝર છો. ત્યાંથી તમારો નંબર મળ્યો છે. ત્યાર બાદ માલ્કોલ્મે તેમને કહ્યું હતું કે, તમે ઘરે બેઠા રોજ પાર્ટટાઈમ જોબમાં રૂ. 3થી 5 હજાર કમાઈ શકો છો, જેના માટે તમે એમેઝોન મર્ચન્ટની પ્રોડક્ટને પ્રમોટ કરશો એટલે કંપનીનું ટર્ન ઓવર વધશે. તમે ટાસ્ક પૂરાં કરશો તો તમને રોજના રૂ.3 થી 5 હજાર મળશે. ત્યારબાદ હેતલબહેનને બીટકોઈનની સ્ક્રિપ્ટમાં રોકાણ કરવાનું કહીને ટુકડે ટુકડે રૂ.73 લાખનું રોકાણ કરાવડાવ્યું હતું. આ અંગે હેતલબહેને સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.




# વિદ્યાર્થીઓના હિતમાં UGCનો મોટો નિર્ણય : NET ક્વોલિફાઇ વિદ્યાર્થી Ph.Dમાં પ્રવેશ મેળવી શકશે

(એજન્સી) અમદાવાદ | તા.28

UGCએ (University Grants Commission)વિદ્યાર્થીઓના હિતમાં એક મોટો નિર્ણય લીધો છે,પહેલા દરેક યુનિવર્સિટી જાતે Ph.D પ્રવેશ માટે પરીક્ષા લેતી હતી તેને બદલે હવે વિદ્યાર્થીઓને માત્ર એક જ પરીક્ષા આપવાની રહેશે,આ માટે અગાઉ UGCએ કમિટીની નિમણૂક કરી હતી.તો 578 બેઠકો બાદ કમિટીએ આપેલા સૂચન બાદ આ નિર્ણય લેવાયો છે.

NET ક્વોલિફાઈ વિદ્યાર્થી Ph.D માં પણ પ્રવેશ મેળવી શકશે. UGC NET પાસ ઉમેદવારોને સીધા ઈન્ટરવ્યુ માટે બોલાવી શકાય છે. નવા નિયમો હેઠળ જે પણ યુનિવર્સિટીઓ Ph.Dમાં પ્રવેશ માટે પરીક્ષા લેશે, ઉમેદવારોની પસંદગી 70 ટકા લેખિત પરીક્ષા અને 30 ટકા ઈન્ટરવ્યુ દ્વારા કરવામાં આવશે.

Ph.D પૂર્ણ કરવાનો સમયગાળો 3 વર્ષનો રહેશે, જ્યારે તે 6 વર્ષમાં પૂર્ણ કરી શકાય છે. UTSAH પોર્ટલનું પૂરું નામ અંડરટેકિંગ ટ્રાન્સફોર્મેટિવ સ્ટ્રેટેજીઝ એન્ડ એક્શન ઈન હાયર એજ્યુકેશન છે. આ પોર્ટલનો મુખ્ય ઉદ્દેશ્ય ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ના અમલીકરણ અને તેની વ્યૂહાત્મક પહેલ પર નજીકથી નજર રાખવાનો છે.

**અમદાવાદમાં 18થી 19 વર્ષના 1,05,569 મતદારો પ્રથમ વખત મતદાન કરશે**

# મતદાર યાદીમાં નામ ઉમેરવા ફોર્મ-6 ભરીને હજુ પણ મતદાનનો લાભ લેવાની તક

(એજન્સી) અમદાવાદ | તા.28

આગામી લોકસભાની ચૂંટણીમાં મતદાર યાદીમાં નામ ના હોય તો મતદારયાદીમાં નામ ઉમેરવા માટે ફોર્મ-6 ભરીને હજી પણ મતદાનનો લાભ લઈ શકાય છે. આ માટે ઓનલાઈન એપ્લિકેશનનો ઉપયોગ કરી શકાય છે. અમદાવાદમાં રહેતો નાગરિક ઘરે બેઠા ઓનલાઈન પ્રક્રિયાથી નામ ઉમેરી શકે છે અથવા પોતાની વિધાનસભામાં આવતી મામલતદારની કચેરીમાં જઈને પુરાવા સાથે ફોર્મ ભરીને રજૂ કરશે તો પણ મતદારયાદીમાં નામ ઉમેરાશે. બીજી તરફ પ્રથમ વખત મતદાન કરનારમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં 18થી 19 વર્ષના અંદાજે 1,05,595 મતદારો છે. જેમાં હજી પણ વધારો થઈ શકે છે. સૌથી વધુ 8,104 મતદાર દસ્ક્રોઈ અને સૌથી ઓછા 2842 મતદાર અસારવા વિધાનસભામાં છે. અમદાવાદની 21 વિધાનસભામાં કુલ 60,39,145 મતદારોમાંથી 31,33,284 પુરુષ અને 29,05,569 મહિલા મતદારો છે, જેમાં પ્રથમ વખત મતાધિકારીનો ઉપયોગ કરનાર મતદારોમાં 7,551વિરમગામ, 7,166 સાણંદ, 7,195 ઘાટલોડિયા, 6,695 વેજલપુર, 7,161 વટવા, 3,745 એલિસબ્રિજ, 3,069 નારણપુરા, 4,064 નિકોલ, 4,286 નરોડા, 3,822 ઠક્કરબાપાનગર, 3,445 બાપુનગર, 3,907 અમરાઈવાડી, 3,651 દરિયાપુર 3,409 જમાલપુર-ખાડિયા, 4,168 મણિનગર, 3,837 દાણીલીમડા, 4,278 સાબરમતી, 6,158 ધોળકા, 7,008 મતદાર ધંધુકા વિધાસનસભામાં ઉપયોગ કરશે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરે ઈવીએમ સ્ટ્રોંગ રુમ અને મતદાન મથકની મુલાકાત લીધી હતી. મોટેરા ખાતે EVM વેરહાઉસની જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટરે મુલાકાત લીધી હતી.

# સંવેદના સંસ્થા દ્વારા દીકરા દીકરી માટે પ્રેમાળ યોજના અમલમાં

સંવેદના સંસ્થા છેલ્લા ૭ વર્ષ થી કાર્યરત છે. જેનો મુખ્ય હેતુ આર્થિક પછાત બાળકો ના વિકાસ માટે કાર્ય કરતી સંસ્થા છે. સંવેદના સંસ્થા નું અભિયાન પ્રેમાળ યોજના થકી આર્થિક પછાત બાળકો ને ઉચ્ચ અભ્યાસ/લગ્ન માટે સહાય કરે છે. પ્રેમાળ યોજના માં ૦ થી ૫ વર્ષ ના કોઈ પણ મધ્યમવર્ગ /આર્થિક પછાત દીકરા /દીકરી આ યોજના નો લાભ લઈ શકે છે. આ અભિયાન માં વ્યકિતગત /કોપોરેટકંપની /સહકારી સંસ્થાઓ / સામાજિક સંસ્થાઓ /વૃદ્ધદંપતી / નિ:સંતાન દંપતિ સહયોગ આપી રહ્યાં છે.




દીકરી ને ૨.૫૦ લાખ અને દીકરા ને ૨ લાખ ની સહાય કરવામાં આવી રહી છે. જેની પાકતી મુદત ૨૦ વર્ષ રહેશે. દાતાશ્રી ઓ દર વર્ષ એક ચોક્કસ રકમ આપી ને કોરપસ ફંડ તરીકે જમા થતું હોય છે. પ્રેમાળ યોજના ની ફોર્મ ભરવાની પ્રક્રિયા સંપૂર્ણ ઓનલાઈન માધ્યમ થી રાખવામાં આવી છે. ફોર્મ સબમિટ થયાં બાદ સંસ્થા તરફ થી મેલ આવશે ત્યારબાદ અત્યંત જરૂરિયાતમંદ લાભાર્થીઓને ૪ મહિના બાદ બોન્ડ વિતરણ કરવામાં આવશે. સંસ્થા દ્વારા મર્યાદિત ફોર્મ હોવાથી વહેલા તે પહેલા અને જરૂરિયાતમંદ લાભાર્થી ને પહેલા લાભ મળશે. સંવેદના સંસ્થા ના આ અભિયાન માં ૩૭૫૦ કરતા વધુ દાતાશ્રી જોડાયેલ છે. જેવા બાળકો ને ભવિષ્ય માં મુશ્કેલી ના પડે તેના માટે વર્તમાન માં જ કાળજી રાખી રહ્યાં છે.




**સંવેદના સંસ્થા ના કાર્યો.**

(૧) દર વર્ષ ૧૨૦ ટન કરતા વધુ કપડાં ભેગા કરીને જરૂરિયાતમંદ પરિવારો ને આપવામાં આવે છે. (૨) ૧૫૦૦૦ કરતા વધુ બાળકો ને દર વર્ષ રમકડાં વિતરણ કરવામાં આવી રહ્યાં છે. (૩) કેન્સરપીડિત બાળકો ના સપના સાકાર કરવામાં આવે છે. (૪) દર વર્ષ હજારો બાળકો ને સ્કૂલબેગ / ચપ્પલ વિતરણ કરવામાં આવે છે. (૫) આર્થિક પછાત બાળકો ને પૌષ્ટિક ભોજન અને અભ્યાસ માટે મદદરૂપ થાય છે.

@sanvedana ngo



સંદીપ જોધાણી જણાવ્યું હતું,સંવેદના સંસ્થા મુખ્ય બાળકો માટે કાર્યરત છે.જે હાલમાં શિક્ષણ, આરોગ્યસંભાળ, આજીવિકા, મહિલા સશક્તિકરણ અને આર્થિક પછાત પરિવારો માટે ની પહેલ અલગ અલગ ૧૮ માનવ કલ્યાણ પ્રોજેક્ટ્સ થકી ૨,૭૭,૫૭૨ થી વધુ વંચિત વ્યક્તિઓ ના જીવન માં ખુશીઓ લાવી શક્યા છે. બાળકોને સૌથી વધુ જરૂર હોય છે,આરોગ્યસંભાળ, ખોરાક અને આશ્રય તેમજ શિક્ષણ અને બાળ સુરક્ષા સેવાઓ મળે તેની ખાતરી કરવા અમે બધા બાળકોને તેમની સંપૂર્ણ ક્ષમતા હાંસલ કરવામાં મદદ કરવા માટે પ્રતિબદ્ધ છીએ તેઓ સુનિશ્ચિત કરે છે કે તેઓ સ્વસ્થ થાય, સારું શિક્ષણ મેળવે અને સુરક્ષિત રહે.


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...